કલ્યાણ — પર્યુષણાઅંક



શ્રી કુલ્પાકજીતીર્થ: શ્રી આદીશ્વર ભ૦નું ભવ્ય જિનાલય
[ શ્રી ચક્રવર્તી ડી. જતરાટકર આર્ટીસ્ટના સૌજન્યથી ]

श्री कैलाससागर सूरि ज्ञान मंदिर
श्री महावीर जैन आराधना केन्द्र, कोबा

વર્ષ ૧૩

અંક ૬

કલ્યાણ
જૈન સંસ્કૃતિનું સંદેશવાહક
સંપાદક: સોમચંદ ડી. શાહ

વાર્ષિક લવાજમ રૂપીયા પાંચ

કલ્યાણ પ્રકાશન મંદિર પાલીતાણા

૬૬૨૬

## વિષય દર્શન


| લેખ | લેખક | પેજ |
|---|---|---|
| વધાવો પર્વાધિરાજને | શ્રી | ૩૬૫ |
| દ્રવ્યાનુયોગનીમહત્તા | પંન્યાસજી ધુરંધરવિજયજી મ. | ૩૬૭ |
| આત્મશ્રદ્ધા | પૂ. આ. શ્રી વિજયભુવનતિલકસૂરિજી મ. | ૩૬૯ |
| શંકા સમાધાન | પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરિજી મ. | ૩૭૩ |
| શિક્ષણની સાધના | શ્રી પુરુષોતમ પ્રેમચંદ મહેતા | ૩૭૭ |
| જૈન દર્શનનો કર્મવાદ | મા. ખુબચંદ કેશવલાલ | ૩૭૯ |
| સમાધિ મૃત્યુ | શ્રી દલીચંદ ભુદરભાઈ ગાંધી | ૩૮૨ |
| યોગબિન્દુ | શ્રી વિદ્વર | ૩૮૪ |
| આર્ય સંસ્કૃતિ | શ્રી ઉજમશી જુઠાભાઈ શાહ | ૩૮૬ |
| પ્રશ્નોત્તરી | પંન્યાસજી ચરણવિજયજી ગણિવર | ૩૯૧ |
| હારની જિત | મુનિરાજ ચંદ્રપ્રભસાગરજી મ. | ૩૯૪ |
| અમીઝરણાં | પૂ. આ. શ્રી વિજયરામચંદ્રસૂરિજી મ. | ૪૦૦ |
| આત્માને શિખામણ | મુનિરાજ માનતુંગવિજયજી મ. | ૪૦૨ |
| સહનશીલતા | મુનિરાજ ભવ્યાનંદવિજયજી મ. | ૪૦૩ |
| પર્યુષણા મહાપર્વ | મુનિરાજ ચંદ્રપ્રભવિજયજી મ. | ૪૦૪ |
| ક્ષમાની ઉપાસના | મુનિરાજ મહાપ્રભવિજયજી મ | ૪૦૭ |
| કુલવધૂ | વૈદ્યરાજ મોહનલાલ ચુ. ધામી | ૪૧૧ |
| વિશ્વનાં વહેતાં વહેણો | શ્રી પ્રવાસી | ૪૧૮ |
| માયા અને તત્ત્વ | શ્રી ભવાનભાઈ પી. સંઘવી | ૪૨૫ |
| પર્વાધિરાજ પધારો | મુનિરાજ જિનપ્રભવિજયજી મ. | ૪૨૭ |
| શ્રી સંઘને નિવેદન | મુનિરાજ ગુણસાગરજી મ. | ૪૩૪ |
| ખુવારીનું ચિત્ર | શ્રી અમૃતલાલ જાદવજી મહેતા | ૪૩૫ |
| નમ્ર વિનંતિ | શ્રી મોણસી આશકરણ | ૪૩૭ |
| ચાતુર્માસ સ્થળો | સંકલિત | ૪૪૦ |


### સૂ૦ ચ૦ ના૦ ઓ

ચાલુ વર્ષના અંકોની આપને જરૂર ન હોયતો પાછા મોકલો. વળતર અંક દીઠ ચાર આના.

નવા ગ્રાહકોનાં નામ ઓગષ્ટ મહિનાથી નોંધાશે.

લવાજમ કે પત્રવ્યવહાર કરતી વખતે 'ગ્રાહક નંબર' લખવા ચૂકવું નહિ. ગ્રાહક નંબર રેપર ઉપર લખાય છે.

લવાજમ મનીઓર્ડરથી જ મોકલવું. વી. પી. કરવામાં નાહક બાર આના વધુ ખર્ચ આવે છે.

આફ્રિકાના ગ્રાહકો અંકો ન મળ્યાની ફરીયાદ વરસમાં એક વખત જણાવશે તો જે અંકો ન્હ મળ્યા હોય તેઓને મોકલી આપવાની વ્યવસ્થા થશે.

❀

( અનુસંધાન અંદરના મુખ પેજ ૪ થા નું ચાલુ )

અભેદ દૃષ્ટિને વિશાલ બનાવીને, જીવમાત્ર પ્રત્યેના આત્મસ્વરૂપને જાણી-સમજીને; જડમાત્રના ભેદને માનવ વિવેકપૂર્વક સમજતો બને તે માટે જ જૈનધર્મમાં પર્વ દિવસોની તેમજ મહાપર્વ દિવસોની આરાધના કે ઉપાસના કરવાનું વિધાન છે. આત્મભાન ભૂલીને નિજનાં ઘરને છોડીને ભટકી રહેલા અનંત ઐશ્વર્યના સ્વામી ચેતનને જગાડીને તેના પોતાનાં સ્વરૂપમાં રમમાણ કરવાનો શુભસંદેશ પર્વ દિવસોની આરાધનાનો પ્રાણ છે, એ હકીકત ભૂલવી જોઇતી નથી.

પર્વાધિરાજ પર્યુષણા જૈનશાસનમાં સર્વપર્વોનું શિરોમણિ મહાપર્વ છે. ક્ષમા સંયમ, તપ ત્યાગ તથા વૈરાગ્ય-ભાવને જીવનમાં સુસ્થિર બનાવીને આત્મકલ્યાણનું વિશ્વમૈત્રીનું શિવ, સુંદર તથા મંગલ ભાથું બાંધી લેવામાટેનું આના જેવું ઉત્તમ એકેય આલંબન સમસ્ત સંસારમાં કયાંયે નથી. જીવનની ચંચલતા, આયુષની ક્ષણભંગુરતા તથા સંપત્તિ તેમજ સંયોગની ક્ષણિકતા જ્યાં ડગલે ને પગલે નજર સમક્ષ આવી રહી છે; આ પરિસ્થિતિમાં વિવેકી આત્માઓએ જીવનવિકાસના. આત્મોત્થાનના મંગલપુરૂષાર્થ માટે પ્રેરણા આપી રહેલા કલ્યાણકારી પર્વમુકુટમણિ પર્વાધિરાજને સત્કારવા તન, મન તથા ધનથી સજ્જ બનવું જોઈશે.

આવો સહુ ભવ્યો ! વધાવો પર્વ શિરોમણિ પર્યુષણા મહાપર્વના મંગલ પ્રસંગને !

# જેની માંગ ચોમેરથી આવી રહી છે, તે વર્ધમાનતપ વિશેષાંક જેવા અંકો તમારે ઘેર બેઠા મેળવવા છે ?

જૈન સમાજમાં પોતાના વિશિષ્ટ વ્યક્તિત્વથી આગવી ભાત પાડતું 'કલ્યાણ' માસિક દિન-પ્રતિદિન પ્રગતિ કરતું રહ્યું છે. સાહિત્ય, સંસ્કાર, તથા શ્રદ્ધા અને સમભાવનું શિક્ષણ આપતું આ માસિક યુવાન, પ્રૌઢ, વૃધ્ધ યાવત્ સમાજના સર્વ કોઈ વર્ગને પ્રિય થઈ પડયું છે. એ માટે અમારે કશું જ વિશેષ કહેવાનું રહેતું નથી.

વિ૦ સં૦ ૨૦૧૨ના ચાલુ વર્ષમાં તેણે બે દળદાર વિશેષાંકો આપ્યા છે. લગભગ ૧૭ ફરમા ઉપરનો '**બાલસંન્યાસ દીક્ષા પ્રતિબંધક વિધેય-વિરોધ વિશેષાંક**' કલ્યાણે પ્રસિધ્ધ કરી, જૈન સિધ્ધાંતના સનાતન સત્યોના રક્ષણ કાજે સવેળા પોતાની સેવા સમર્પી.

તાજેતરમાં જૂન-જુલાઈનો સંયુક્ત અંક '**વર્ધમાનતપ માહાત્મ્ય વિશેષાંક**' ૨૩ ફરમાનો પ્રસિધ્ધ કરી સમાજના સામયિકોની દુનિયામાં તેણે આજના કપરા કાલમાં અદ્ભુત સાહસ કર્યું છે.

૪૪ તો વર્ધમાનતપ વિષેના, તપધર્મના પ્રભાવ અંગેના મનનીય લેખો, વર્ધમાન-તપના પુણ્યવાન આરાધક આત્માઓના ( ઠેઠ શ્રી ચંદ્રકેવલીથી માંડીને આજે તપ કરી રહેલા ) તેજસ્વી, પ્રેરક, ઉદ્બોધક જીવનપ્રસંગો, ખાસ 'કલ્યાણ'ના અંક માટે સરલ અને હૃદયંગમ શૈલીયે આલેખાયેલા અનેક પ્રાસંગિક ચિત્રો, આ બધાયથી સમૃદ્ધ ક્રાઉન ૮ પેજી ૨૮૦ પેજનો વિવિધરંગી શાહીમાં છપાયેલો વિશેષાંક, અત્યાર સુધીનાં વર્ધમાનતપના પ્રસિધ્ધ થયેલા સાહિત્યમાં અનોખું સ્થાન પ્રાપ્ત કરે છે.

આજે અમારી પાસે, એ વિશેષાંકની એક પણ નકલ વધારે નથી. ૨૫૦૦ નકલો કાઢયા છતાં ચોમેરથી એની માંગણી થઈ રહી છે.

હવેથી આવા વિશેષાંકોના લાભથી વંચિત ન રહેવું હોય તો 'કલ્યાણ'ના ગ્રાહક બનીને તમે નિશ્ચિંત બનો !

વાર્ષિક રૂા પાંચના લવાજમમાં ઘેર બેઠાં વર્ષ દરમ્યાન ૯૦૦ ઉપરાંત પાનાનું મનનીય વાંચન તમને મળશે.

લખો:-

**કલ્યાણ પ્રકાશન મંદિર : પાલીતાણા**

# પર્યુષણા મહાપર્વનું આગમન થઈ રહ્યું છે, તે શુભ અવસરે.

પર્વાધિરાજ પર્યુષણા મહાપર્વ જ્યારે નજીક આવી રહેલ છે, તે દિવસોમાં આ અંક પ્રસિદ્ધ થાય છે. આ અંક પ્રસિદ્ધ થયા બાદ, નજીકના દિવસોમાં પર્વાધિરાજની પધરામણીના ઘેર ઘેર નાદો ગૂંજતા રહેશે! અમે આ અવસરે પર્યુષણાપર્વ માટે દળદાર વિશેષાંક નથી પ્રસિદ્ધ કરી શકયા, કારણ, હમણાં જ અમે **વર્ધમાનતપ માહાત્મ્ય વિશેષાંક** લગભગ ૨૩ ફરમાનો પ્રસિદ્ધ કર્યો છે. આ વર્ષમાં **'બાલદીક્ષા પ્રતિબંધક વિધેય વિરોધ વિશેષાંક'** ૧૭ ફરમા લગભગનો અમે પ્રસિદ્ધ કર્યો.

એટલે પોષ્ટના નિયમાનુસાર તથા વિશેષાંકને અંગે પ્રેસના સ્ટાફની 'કલ્યાણ' ના સંપાદકની એ બધાયને પહોંચી વળવાની પરિસ્થિતિ, ઇત્યાદિનો વિચાર કરતાં આ વેળા અમે આ અંક પ્રસિદ્ધ કર્યો છે. હવેનો આગામી અંક પર્વાધિરાજ પર્યુષણાપર્વની વિદાય પછી પ્રસિદ્ધ થશે.

તો આ અવસરે અમે સર્વ શુભેચ્છકો, પૂ૦ આચાર્યદેવાદિ વંદનીય મુનિવરો તથા ધર્મસ્નેહી સાધર્મિકબંધુ સર્વને 'કલ્યાણ'ને અંગેના કોઈ પણ કાર્ય માટે પત્રવ્યવહારમાં તથા અન્યાન્ય કોઇપણ વ્યવહારમાં જે કાંઈ મન-વચન-કાયાથી મનોદુઃખનું નિમિત્ત બનેલ હોઇએ, તે સર્વની સહૃદય ભાવે અમે ક્ષમાપના પ્રાર્થીએ છીએ.

પર્વાધિરાજના પુણ્યપ્રસંગે અમારીપ્રવર્તન, સાધર્મિકવાત્સલ્ય, પરસ્પર ક્ષમાપના, અઠ્ઠમનો તપ, ચૈત્યપરિપાટી આદિ ધર્મકાર્યો, જિનપૂજા, સામાયિક, પ્રતિક્રમણ, વ્યાખ્યાનશ્રવણ, ગુરૂવંદન આદિ અનુષ્ઠાનોની આરાધના સર્વ કોઈ ધર્મશીલ આત્માઓ કરશે. તે અવસરે દેવદ્રવ્યની વૃદ્ધિ, અનુકંપાદાનમાં દ્રવ્યનો સદુપયોગ, તથા બહારગામના ધર્મકાર્યોમાં પોતાની સંપત્તિનો ફાળો, સર્વ કોઇ આપશે, એમાં કશું કહેવાનું રહેતું નથી. પુણ્યના યોગે પ્રાપ્ત થયેલ સંપત્તિનો એજ સાચો સદુપયોગ છે.

આ પુણ્ય પ્રસંગે વર્ષોથી સમાજમાં ધર્મશ્રદ્ધા, ધર્માનુષ્ઠાનો પ્રત્યેનો રૂચિભાવ તથા સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર પ્રત્યેનો આદરભાવ વૃદ્ધિને પામે, દેવ-ગુરૂ તથા ધર્મ પ્રત્યે અનુરાગ વિશેષ પ્રબલ બને તેવા પ્રકારનું સાહિત્ય કેવલ સેવાભાવે પ્રસિદ્ધ કરતા 'કલ્યાણ'ના પ્રચારને વેગ મળે તે માટે શ્રી ચતુર્વિધસંઘ સહકાર આપે ,અપાવે અને તેને સમૃદ્ધ કરવામાં પોતાનો ફાળો નોંધાવે એ અમારૂં નમ્ર નિવેદન છે.

તા-૫-૮-૫૬ **સંપાદક 'કલ્યાણ'**

વર્ષ ૧૩ : અંક ૬ : ઓગસ્ટ : ૧૯૫૬

# કલ્યાણ

## આવો ! સહુ, વધાવો પર્વાધિરાજને ! શ્રી૦

આજે સંસાર સમસ્ત અશાંતિની આગમાં શેકાઈ રહ્યો છે, દૈન્ય, ભય ને આક્રંદના કારમા ચિત્કારોથી દુનિયાનું વાતાવરણ બિહામણું બની રહ્યું છે. માનવ પોતે જ પોતાની જાતે પોતાના સર્વનાશના માર્ગ ભણી જાણે-અજાણે ઝડપી કૂચ કરી રહ્યો છે. ચોમેર અવિશ્વાસ, છલ, પ્રપંચ, ઈર્ષ્યા, તથા વૈર-વૈમનસ્યની ભૂતાવળમાં ભાનભૂલો માનવસમાજ ક્યાંયે આશાનું કિરણ જોઈ શકતો નથી. આજે સભ્યતાના છેલ્લા શિખરે પોતાની જાતને આરૂઢ થયાનું માનતા માનવસમાજની કેટ-કેટલી કરૂણ આ અવદશા !

માનવને જોઈએ છે સુખ, જોઈએ છે શાંતિ, ખપે છે આનંદ, મહાલવું છે હર્ષના મહાસાગરમાં; એના મનોરથો છે કેવળ પોતાની જાતને પરિપૂર્ણ કરવાના; આ માટે એ બધીયે રીતે પોતાની શક્તિઓને ખરચી નાંખવા આતુર છે. દિવસ કે રાત જોવાની એને જરૂર નથી; પાપ, પુણ્ય, ધર્મ કે કર્મ; આત્મા તેમજ પરમાત્મા એમાંનું કશું પણ માનવા-સમજવા એને ઇચ્છા નથી, ફક્ત સુખ સુખ અને સુખ; આબાદિ, ઉન્નતિ કે ઉત્કર્ષ એ એની રઢ છે. એ માટે વિજ્ઞાનની શોધ પણ એ કરે છે. આકાશમાં એને ઉડવાનો રસ છે, જમીન પર કલાકના હજારો માઈલની ઝડપે દોડવામાં એને કુતુહલ છે, ને પાણીમાં પેસીને પણ એ પોતાની દડમજલ કાપવા અધીરો બન્યો છે.

છતાં આજના છેલ્લા સમાચારો એમ કહે છે કે, માનવ હજુ સુખને આંબી શક્યો નથી. શાંતિના ધ્યેયને પ્રાપ્ત કરવામાં એ હજુ પાછળ રહી ગયો છે, જીવનમાં આબાદિ કે ઉન્નતિને પામવા માટે હાલ તો યોજનાઓ ઘડવાના યા પ્લાનો તૈયાર કરવાના કાર્ય સિવાય એણે કશુંજ નક્કર પગલું ભર્યું નથી. કરોડો અરે અબજો રૂ. ની ધુળધાણી કરવા છતાં માનવસમાજ હજુ જ્યાંનો ત્યાં જ ઉભો છે.

તો શું માનવ કદિ સુખ, શાંતિ કે જીવનવિકાસના નક્કર સાધનોને પામી શકશે ખરો કે? એ પોતાનાં જીવનમાં સુખ, શાંતિ કે ઉન્નતિની સાધનામાં ફલીભૂત બનશે કે કેમ? વર્તમાન દુનિયાના પ્રવાહોનું ઉંડું અવગાહન કરનારા જિજ્ઞાસુ માનવોને આ પ્રશ્નો જરૂર મૂંઝવી નાંખે તેવા છે. જવાબ એક જ હોઈ શકે; 'માનવસમાજ સુખ, શાંતિ કે આબાદિને નિઃશંક પામી શકશે; જીવનવિકાસની સાધનાના માર્ગે તે આગેકદમ ભરી શકશે પણ તે માટે આજે તેણે જે હવા, જે વાતાવરણ અને જે દુનિયા ઉભી કરી છે; તેનું વિસર્જન જરૂર કરવું જ પડશે.'

આજે માનવે વિશ્વાસનું વાતાવરણ સરજવાની જરૂર છે. પોતાના ભણતરદ્વારા અન્ય સર્વ પ્રાણીમાત્રનાં સુખને, લાગણી કે તેનાં વ્યક્તિત્વને સમજવાની જરૂર છે, પોતાના સ્વાર્થને ગૌણ કરી, અન્ય સર્વ કોઈના સ્વાર્થને પ્રાધાન્ય આપતાં શિખવું પડશે. જીવનની ઉન્નતિ માટેનું આ પહેલું પગથીયું આજે ભલ-ભલા ડાહ્યા ગણાતાઓનાં દિલ-દિમાગમાંથી ભૂલાઈ ગયું છે, પરિણામ આજે આપણી આંખ સમક્ષ ઉઘાડું છે.

કહેવું જરૂરી છે કે, સર્વ ધર્મો જે વસ્તુ પોકારી-પોકારીને કહે છે, તે વિશ્વશાંતિનું પ્રથમ દ્વાર વિશ્વમૈત્રી આજના સંસારે ફરી શિખવી પડશે. વિશ્વકલ્યાણની મંગલ ભાવનાના પાઠો માનવસંસારે આજે ભણનાના રહેશે, વૈર, વિદ્રોહ તેમજ વૈમનસ્યની ધીકતી આગને ઠારવી પડશે; ક્ષમા, સંતોષ, આત્મદમન તેમજ મનોનિગ્રહ અને સંયમ, સચ્ચાઈનું તત્ત્વ જીવનમાં સરલદિલે સ્વચ્છવૃત્તિયે તાણા-વાણાની જેમ વણી લેવું પડશે.

જગતના ધર્મો, સંપ્રદાયો કે ધર્માચાર્યો જે વસ્તુને કદાચ આવતી કાલે સ્વીકારવા તૈયાર થશે; દુનિયાના તત્ત્વજ્ઞાનીઓ કે મહારાજ્યો ભાવિમાં કદાચ આ હકીકતને કબૂલવા હા ભણશે; પણ જૈનધર્મ તો ઠેઠ અનાદિ કાલથી એક જ મંગલ, મંજુલ તથા ભવ્ય જીવનસંદેશ આપી રહ્યો છે કે, 'ઓ માનવો! સુખ, શાંતિ કે આબાદિ જોઈતી હોય તો તમે તમારા આત્મામાં ઢંકાઈ રહેલાં અનંત ઐશ્વર્યના ખજાનાને ઉઘાડો! આવો, તમારા આત્માને જગાડો! સંસાર-સમસ્તના આત્માઓને તમારા જ આત્મરૂપે માનીને તે સર્વને તમે તમારા સ્વરૂપે જૂઓ!'

જૈનદર્શને ફરમાવેલો આ વિશ્વમંગલનો પાવનકારી સિધ્ધાંત વાસ્તવિક રીતે અભ્યુદયનો કે સર્વોદયનો રાજમાર્ગ છે. જૈનધર્મની પ્રત્યેક ધર્મારાધનાઓ, ન્હાનામાં ન્હાની ક્રિયા, વ્રત, કે તપની આચરણા આજે એક સિદ્ધાંતના અંગ-ઉપાંગરૂપ છે. માનવસંસારના કલ્યાણ કાજે શ્રી અનંતજ્ઞાની સર્વજ્ઞ ભગવંતોએ સદા સર્વકાલને માટે સર્વ જીવોના હિતની એકાંત વાત્સલ્યદૃષ્ટિયે આ તત્ત્વોપદેશ આપ્યો છે. ધર્મનું એક પણ અનુષ્ઠાન, વ્રત કે આરાધના એવી નથી કે જેમાં જીવમાત્ર પ્રત્યે ભેદદૃષ્ટિ રાખવાનું વિહિત હોય.

[ અનુસંધાન ટાઈટલ પેજ ૨ જું ]

# ❋ દ્રવ્યાનુયોગની મહત્તા. ❋

પૂ. પંન્યાસજી ધુરંધરવિજયજી ગણિવર

(ઢાળ નવમી ગાથા ૨૨-૨૩-૨૪-૨૫-૨૬-૨૭-૨૮)

(ઢાળ નવમી સંપૂર્ણ)

❋

વિશ્વમાં વિદ્યમાન વસ્તુમાત્રમાં સમયે સમયે ઉત્પત્તિ-વિનાશ અને સ્થિતિ છે, એ વિચારણા જેમ જેમ કરવામાં આવે તેમ તેમ સ્પષ્ટ ભાસે છે.

સંયોગથી ઉપજતા પદાર્થોમાં બંધાઇ ગયેલી દૃષ્ટિને અન્ય રીતે ઉપજતા પદાર્થો એકદમ ગોચર થતાં નથી. પણ તેથી અન્ય રીતે પદાર્થો ઉપજતા જ નથી, એમ માની લેવું એ મૂઢતા છે.

પદાર્થો ઉપજે છે એ વિચારણા સૂક્ષ્મ રીતે કરવામાં આવે તો તે તે સંયોગને પામેલા પદાર્થો કોઇ એક કાર્યક્ષમ બને છે, તેને ઉપજે છે એમ ગણવામાં આવે છે, જે પ્રમાણે સંયોગથી કાર્યક્ષમતા જન્મે છે, તે પ્રમાણે વિભાગથી પણ કાર્યક્ષમતા જન્મે છે. એટલે વિભાગને પણ કાર્યોત્પાદક માનવો આવશ્યક છે.

વિભાગ કાર્યોત્પાદક છે. એ સ્થિર થાય એટલે પરમાણુ પણ ઉપજે છે એ હકીકત સ્પષ્ટ થાય છે.

સદા સ્થિર સ્વભાવ ધારણ કરી રહેલા ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય એ ત્રણમાં પણ સમયે સમયે ઉત્પાદ અને વિનાશ થાય છે. તે ત્રણેનો નિજ સ્વભાવ સ્થિર હોવા છતાં તેઓને પર સંયોગ તો છે જ, પુદ્ગલ અને જીવના સંયોગને કારણે તેઓમાં પણ પરિવર્તન થયા કરે છે, જે જીવ-પુદ્ગલોનો તેઓને જે રીતનો સંયોગ વર્તમાનમાં છે, તે રીતનો તેઓનો સંયોગ સમય પછી ફરી જાય છે. જે રીતનો પ્રથમ હતો તે દૂર થઈને નવા પ્રકારના સંયોગવાળા તે ત્રણે જન્મે છે.

એ પ્રમાણે ધર્માસ્તિકાય આદિ ત્રણમાં પરની અપેક્ષા પૂર્વક ઉત્પાદાદિ થાય છે, એટલે એ ઉત્પાદાદિ ઉભય જનિત છે. **'સ્વોપષ્ટમ્ભગત્યાદિ પરિણત- જીવ પુદ્ગલાદિ નિમિત્ત જ'** છે એમ સિદ્ધ થયું. પણ જે ઉભયજનિત હોય તે એકજનિત પણ હોય એટલે ધર્માસ્તિકાયાદિ ત્રણમાં નિજ પ્રત્યય પણ ઉત્પાદાદિ છે, સમ્મતિમાં જે કહ્યું છે-કે-

**आगासाईआणं तिण्हं परपच्चओ [ऽ] णियमा**

'આકાશાદિ ત્રણનો ઉત્પાદ નિશ્ચયે પરપ્રત્યય છે- તેમાં પરપચ્ચઓની આગળ 'અ'નો પ્રશ્લેષ કરવામાં આવે તો નિયમાને બદલે અનિયમા થઈ જાય, તેનો અર્થ એવો થાય કે આકાશાદિ ત્રણનો ઉત્પાદ પરપ્રત્યય છે એ એકાંતે નથી. ટીકાકારે એ પ્રમાણે 'અ'નો પ્રશ્લેષ કરીને અર્થ સ્ફુટપણે જણાવેલ છે, તેમાં પણ ઉપરોક્ત ત્રણેના ઉત્પાદાદિ નિજ પ્રત્યય પણ છે, એ વાત લક્ષ્યમાં રાખીને જણાવેલ છે.

વસ્તુ જે નાશ પામે છે તેમાં વિનાશના બે ભેદ છે, એક રૂપાંતર પરિણામ રૂપ વિનાશ અને બીજો અર્થાન્તરગમન રૂપ વિનાશ.

દ્રવ્યાર્થિક નય વિચારણા લક્ષ્યમાં રાખીને પદાર્થોમાં થતાં પરિવર્તનો એ રૂપાંતરપરિણામરૂપ વિનાશને સમજાવે છે. તેમાં વસ્તુ સર્વથા વિનાશ પામતી નથી એવું સ્પષ્ટ જણાય છે. જેમ ઘડામાં થતો ફેરફાર ઘડાને ઘડારૂપે કાયમ રાખવા છતાં તે ફર્યો છે એવું જણાવે છે, તે રૂપાંતર પરિણામ છે. જ્યાં રૂપાંતર પરિણામ છે ત્યાં આ તે છે એવું ભાન થવું શક્ય છે, પણ જ્યારે ઘડો ફુટી જાય છે ને માટી રૂપે પરિણત થઇ જાય છે ત્યારે તે વિનાશ અર્થાન્તરગમનરૂપ થાય છે. પર્યાયાર્થિક નય તો એ વિચારણાને પ્રધાનપણે સમજાવે છે. તેની વિચારણાને આધારે પૂર્વપર્યાય જે સત્ છે તે નાશ પામે છે અને આગળનો જે પર્યાય અસત્ હતો તે ઉપજે છે, આ હકીકત સમ્મતિ પ્રજ્ઞાપના (પદ-૧૩) ની ટીકામાં આ પ્રમાણે જણાવી છે.

परिणामो ह्यर्थान्तरगमनं नचसर्वथा व्यवस्थानम् ।
न च सर्वथा विनाशः परिणामस्तद्विदामिष्टः ॥१॥
सतपर्यायविनाशः प्रादुर्भावोऽसता च पर्यायतः ।
द्रव्याणां परिणामः प्रोक्तः खलु पर्यवनयस्य ॥२॥"

અન્ધકાર જે ઉદ્યોત સ્વરૂપે પરિણમે છે ત્યાં રૂપાન્તર પરિણામ રૂપે અન્ધકારનો નાશ થાય છે. અન્ધકારના પુદ્ગલો જે સ્થિતિમાં હોય છે તેમાં કાંઈ પરાવર્તન થતું નથી. સ્થિતિ તો તે પ્રમાણે રહે છે પણ તેમાં ઉદ્યોત પરિણામ ઉપજે છે ને અન્ધકાર નાશ પામે છે. એટલે તે રૂપાન્તર છે, એક અણુ બીજા અણુમાં મળે છે અને દ્વયણુક ઉત્પન્ન થાય છે, ત્યારે અણુનો નાશ થાય છે, એ નાશ અર્થાન્તર ગમન રૂપે છે, આ નાશમાં અણુ અણુરૂપે રહેતો નથી તેનો પરમાણુ પર્યાય નાશ પામે છે, અને સ્કન્ધરૂપે બીજો જ અર્થ ઉપજે છે, માટે આ અર્થાન્તર ગમન રૂપે છે, જો કે અણુને બીજા અણુના સમ્બન્ધથી જે સ્કન્ધપણું ઉપજે છે. તે પણ રૂપાન્તર પરિણામ જ છે. તો પણ સંયોગ–વિભાગાદિક સ્વરૂપે ઉપજતા દ્રવ્યવિનાશ જુદા જુદા છે. એ રીતે દ્રવ્યવિનાશ બે પ્રકારે છે એમ ઉપલક્ષણથી સમજાય માટે પૂર્વોક્ત ભેદો છે, જે માટે દ્રવ્યોત્પાદ વિભાગે જેમ પર્યાયોત્પાદ વિભાગ થાય છે તેમ દ્રવ્યનાશ વિભાગે પર્યાયનાશ વિભાગ થાય, તે સમુદ્દય વિભાગ અને અર્થાન્તરગમન એ બીજો પ્રકાર કહેવાય.

તંતુપર્યન્ત ઉપજતો પટનો નાશ એ સમુદયવિભાગ છે અને ઘડાની ઉત્પત્તિ થતાં થતો માટીના પિંડનો નાશ એ અર્થાન્તરગમન છે, સમ્મતિતર્કમાં કહ્યું છે કે–

"विगमस्स वि एस विही, समुदयजणिअम्मि
सो उ दुविअप्पो ।
समुदयविभागमित्तं, अत्थंतरभावगमणं च
॥ ३–३४ ॥

[ વિનાશનો પણ આ વિધિ છે, સમુદાયથી ઉપજવામાં તે તો બે પ્રકારે છે. એક સમુદાયવિભાગમાત્ર અને બીજો અર્થાન્તરભાવગમન ]

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, જીવાસ્તિકાય અને કાળ એ છએ દ્રવ્યો સદા–સર્વદા અવસ્થિત છે, એ છએ જેટલા છે તેટલા સદા–સર્વદા રહે છે, તેમાં કોઇપણ વૃદ્ધિ કે હાનિ કરી શકતું નથી. જીવ કે પુદ્ગલમાં એક પણ ઓછો થતો નથી કે વધતો નથી. છતાં વિશ્વમાં વૃદ્ધિ હાનિ જે સ્પષ્ટ દેખાય છે, આજે જોયેલું કાલે દેખાતું નથી, અને આજે નહિં દેખાતું કાલે નજરે પડે છે; એ સર્વ પરાવર્તન માત્ર છે, સંયોગ–વિભાગને યોગે એ સર્વ થાય છે, માટીમાં કરતા આકારોની જેમ જગત્‌માં આકારો થયા કરે છે, એક ઉપજે છે અને બીજો વિલય પામે છે, પ્રતિસમય પરિવર્તન પદાર્થમાત્રમાં ચાલ્યા કરે છે, સમયે સમયે થતાં પરિવર્તન તરફ જો દૃષ્ટિ કરવામાં આવે તો ઉત્પાદ અને વિનાશમય સર્વ જણાય. પણ એ દૃષ્ટિ એકાન્તે પકડી રાખવામાં આવે તો પદાર્થમાત્રમાં જે સ્થાયિતત્ત્વ છે તેનાથી વંચિત રહેવાય એટલે પદાર્થમાં રહેલા સ્થાયિતત્ત્વને પણ જાણવું જોઈએ.

ધ્રુવભાવ–ધ્રુવતાના બે ભેદ છે, ૧, સ્થૂલધ્રુવભાવ ૨, સૂક્ષ્મધ્રુવભાવ. સ્થૂલધ્રુવભાવ એ ઋજુસૂત્રનયને અનુસરીને મનુષ્ય વગેરે પર્યાયો જે નિયતકાળસ્થાયી છે તે અને સૂક્ષ્મધ્રુવભાવ એ સંગ્રહનયને સમ્મત છએ દ્રવ્યો યાવત્કાલસ્થાયી છે. તે તે દ્રવ્યોમાં ગમે તેવા પરિવર્તનો થાય તો પણ તેનું મૂળભૂત સ્વરૂપ જતું નથી, ચેતન એ જડ થતો નથી કે જડ એ ચેતન બનતો નથી. આ પ્રમાણે સિધ્ધાન્તમાં સર્વ પદાર્થો વિવિધ પ્રકારે ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય સ્વરૂપ કહ્યા છે, જે પુરુષ એ ત્રિલક્ષણ સ્વભાવની ભાવના ભાવે તે વિસ્તારરુચિ સમ્યક્ત્વની મજા માણતા ઊપજતું અંતરંગ સુખ અને પ્રભાવકપણાનો યશ, એ બન્નેની લીલાને પામે, ખરો આનંદ જ એ છે કે પદાર્થમાત્રમાં ત્રિલક્ષણ સ્વરૂપનો વિચાર કરવો, એ આનંદ જેણે અનુભવ્યો છે તેને અન્ય આનંદ આનંદરૂપ ભાસતા નથી. આ અદ્વિતીય આનંદના અનુભવમાં એ આત્માનો સમય કયાં જાય છે, એની એને પોતાને પણ ખબર પડતી નથી. ત્રિલક્ષણ ભાવમાં મસ્ત રહેલા આત્માની મસ્તી કોઇ ઓર જ હોય છે. એવા મસ્ત અને અલમસ્ત આત્માઓને કર્મની, દુષ્ટકર્મના ઉદયોની પણ કાંઈ પરવા હોતી નથી. એવા આત્માઓથી કર્મો પણ કંટાળે છે અને છેવટે કર્મો પણ તેથી છૂટા થવાને તલસે છે, એવા આત્માઓનો ઉજ્જવળ યશ ત્રણે લોકમાં ગવાય છે.

( ચાલુ )

# સુખનો શ્રેષ્ઠ ઉપાય—આત્મશ્રદ્ધા

## પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયભુવનતિલકસૂરીશ્વરજી મહારાજ

આત્માની ઉત્ક્રાન્તિ સાધવી એ માનવ-જીવનનું ધ્યેય હોય છે, માનવ-જીવન એ અનેક અન્ય જીવનોનું પરિણામ ગણાય છે, અનેક ગતિ-ચક્રોના ચકાવામાં ચકરાયા પછી કોઇ પુણ્ય-પલ આવી જાય ત્યારે આ અણમોલ અને અસાધારણ મહત્ત્વપૂર્ણ જીવન પ્રાપ્ત થાય છે, સાંસારિક કોઇ પણ આત્મા દિન પ્રતિદિન વિકાસપ્રેમી અને વિકાસ-સાધક હોય છે, ભલે પછી ગમે તે યોનિનો હોય? નાના કલેવરમાં હોય કે મોટા કલેવરમાં હોય! એકેન્દ્રિયથી લઇને પંચેંદ્રિય સુધીના કોઇ પણ સ્થાનમાં નિવાસી હોય, પણ સ્વમાન્ય, સ્વકલ્પ્ય, સ્વસર્જ્ય, અને સ્વસાધ્ય સુખોનો, વિકાસ કરવાની વૃદ્ધિ કરવાની અને સાચવવાની એક મીટ વાળો હોય છે.

નાની દુકાન કરીને બેઠેલો બજારનો વ્યાપારી અને મોટી ગંજાવર પેઢીને ચલાવનારો સોદાગર સ્વ સ્વ સ્થાનની ક્ષેત્રમર્યાદા પ્રમાણે પોતાના ધ્યેયને પહોંચી વળવા, ધ્યેયને સિદ્ધ કરવા સતત પ્રયાસ આદરે જ છે. અને એ પ્રયાસ સિદ્ધ થતાં મોટી આકાંક્ષાઓનો એક ઇચ્છુક બને છે, એની માનેલી મોટી આશાઓ સફલ થતાં વળી નવી નહી કલ્પેલી આશાઓ-સંકલ્પો પેદા કરે છે, અને તેનો વિકાસ સાધવા તનતોડ જહેમત ઉઠાવે છે; કોઇ સમયે સફલ થાય છે. કોઈ સમયે નિષ્ફલ જાય છે. એમ એકતાની, એકધ્યાની એક-લક્ષ્યી બનીને પુરૂષાર્થ ખેડયા જ કરે છે. એ સંસારી જીવની ખાસ ખાસીયત છે. અને એ જ્યારથી જીવ છે, જ્યારથી સંસાર છે, જ્યારથી કર્મ લિપ્ત છે જ્યારથી જન્મ-મરણની ધારાનો ભોગ બને છે ત્યારથી આ પ્રથા આ રિવાજ કે આ વર્તન ચાલુ છે. મુદ્દામાં સૌને સ્વ-સુખોનો વિકાસ જોઈએ છે. સૌને ધ્યેય મેળવવું છે. સૌને ન્યૂનતા વિહોણું જીવન જીવવું છે.

જીવન અને વિકાસ આ બે શ્વાસ અને જીવની જેમ સંકળાયેલા છે. વ્યાપારી જેમ જેમ માલદાર બનતો જાય છે. જેમ જેમ વ્યવહાર પ્રવૃત્તિઓમાં વિશ્વાસુ બનતો જાય, લાખોના વ્યાપારો કરવામાં દિન-રાત પરોવાયેલો રહેતો જાય, દેશ-પરદેશના ધંધાઓનો પણ કાબુ હાથમાં લેતો જાય તેમ તેમ એ વ્યાપારીને આનંદ, સુખ કે વિકાસ સ્વસિદ્ધિ અનુભવાય છે, અને ત્યાં સુધી કે આ સઘળાયની સફલતામાં કદાચ મુક્તિ પણ માની લ્યે.

મતલબ કે, હું મોક્ષાવસ્થાનો અનંતસુખી જીવ છું, એવી પણ કલ્પનાથી ભ્રાન્તિને પણ ઘર-ઘાલી બેસે એ સ્વાભાવિક છે, સાહસિક વ્યપારીઓ તો ત્યાં સુધીની હાર-જીતના વ્યાપારો ખેલે છે, કે, સર્વસ્વ જાય કાંતો દુનિયાના સર્વસ્વનો માલીક બની જાઉં આવી ગજબની ભાવનાઓ પણ ભાવી લ્યે છે. સાહસિકતા એ ગુણ છે. પણ દુનિયાભરના સર્વસ્વ માલિક બનવાની કામનાઓ ધીટ્ટાઇ પણ છે. અખિલ દુનિયા નિઃસત્ત્વ બને તો ભાઇ સાહેબ સર્વસ્વના માલિક બની શકે છે, એ ભુલવા જેવું નથી. દુનિયાને સુવાડીને પોતે જીવવું છે. દુનિયાભરના પ્રાણીને રંજાડીને પોતે રંજીત બનવું છે. સર્વને દુઃખ આપીને-દુઃખી કરીને સુખી થવું છે, એ કદીયે બને ખરૂં? આ કૃષ્ણલેશ્યા જેવી આત્માને દારુણ-દુઃખનો ભોક્તા બનાવવાની સ્વયમેવ પ્રેરણાને પામી રહ્યો છે. અને પ્રયાસ આદરી રહ્યો છે.

દુનિયાભરના આત્માઓને સુખી જોઇને સુખી રહેવું એ તો એક સુખીપણાનો આદર્શ છે. પણ દુનિયાને દુઃખી જોઈને પોતે સુખી થવું એવી જેને કલ્પના જાગે, જે એવી પરિસ્થતિને સુખાવસ્થા માને તેઓ તો સાચેજ ઘોર દુઃખી છે. ભાવી કાલમાં દુઃખી થવાની પેરવી જ કરી રહ્યા છે. એમ બુદ્ધિ પણ મનાવે છે.

સુખ અને દુઃખ એ કલ્પનાજન્ય છે. અને કલ્પનાના હીંડોળે હીંચતો જીવ સુખને દુઃખ અને દુઃખને સુખ પણ કલ્પી નાંખે છે. એક વ્યાપારીને પાંચસો કમાવાની આશા હોય અને ચારસો કમાય તો દુઃખી થઈ જાય છે. અને ત્રણસો કમાવાની આશા-નિશ્ચય હોય અને ચારસો કમાય તો સુખી-આનંદિત થઇને નાચે છે. થનથનાટ કરે છે. વિચારો કે આશા જેટલી બાંધે તેટલું જ દુઃખ, મળેલાને જ સંતોષથી ઘણું છે, એમ માને તો પછી સુખ સુખ ને સુખજ રહેને! દુઃખ કયાંથી આવે? દુઃખ નજ જોઇતું હોય,

ને અનુભવવું હોય તો મળેલાને સુખ માનતાં શીખો. તો પછી આજ કમીગ્રે સુખનો સર્વની પાસે જ છે. માત્ર ખોટી આશાઓથી જ વિશ્વ દુઃખી છે. આશાઓથી આત્માને એવો મૂંજવણમાં ગંચવાઇ ઘે છે કે, આ મલ્યું બરાબર પણ આ તો બાકી રહ્યું, આટલું જોઇતું હતું ઠીક મલ્યું પણ આટલું ઓછું કેમ ? આજ દુઃખનો હલ્લો છે. દુઃખની ઔષધિ છે. મળેલાને ઘણું, માનો તો વિકાસ જ છે. બાકી તો સત્યાનાશને જ નોતર્યું છે.

માન્યતાઓ પર સુખ અને દુઃખ નિર્ભર છે. એમ કહેવું સત્ય જ છે. જડ અને બાહ્ય ક્ષણિક અને વિનશ્વર સુખાભાસો અને કલ્પનાજન્ય વિલાસો આ સઘળુંય ભ્રાન્તિ–અજ્ઞાન, અવિદ્યા કે શ્રદ્ધાના અભાવમાં જ પ્રિયતમ લાગે છે. પણ સાચું જ્ઞાન, ભ્રમ–વિનાશ અને વિશ્વાસ જામતાં બાહ્ય–સ્થૂલ સુખોની જરાય પરવા રહેતી નથી. એના વિકાસની કામના પણ બળી જાય છે. એની સાચવણીની ચિંતા પણ ફીટી જાય છે.

આજે જે માર્ગે માનવોનાં જીવન વહી રહ્યાં છે. આજે જે માર્ગે માનવો સુખ મેલવવું કલ્પી રહ્યા છે. આજે માનવો સુખ–સમૃદ્ધિ અને વિલાસની પાછળ ઘેલાતૂર બન્યા છે. એ માર્ગો સીધા છે. નિષ્કંટક છે. સાચા છે કે અટપટા, સકંટક અને જૂઠા છે. તે નિર્ણય કરીને આગળ કદમ–કૂચ થાય તો તો કંઇક પ્રગતિ પણ પંથે કહેવાય. ઉન્નતિ–પ્રગતિ વિકાસ કલ્પિત થઈ જાય. પણ કદાચ અવનતિને ઉન્નતિ, પશ્ચાદ્‌ગતિને પ્રગતિ અને હ્રાસને વિકાસ માનતા હોય અને ખાલી બણુગાં ફુંકતાં હોય, તતુડાં બગાડતાં હોય તો એ ઉન્નતિ એ પ્રગતિ અને એ વિકાસ પણ પતનનાં પગથીયાં કાં ન કહેવાય ! આધ્યાત્મિક આત્મિક અને ધાર્મિક વિકાસ, ગતિ, ઉન્નતિ સાધવી એ તો સૌનો પ્રિય માર્ગ છે. પ્રિય પ્રક્રિયા છે અને સૌનો પ્રિય પ્રયાસ છે જ.

પ્રથમ સોપાન, પ્રથમ દ્વાર, પ્રથમ મંગલસૂત્ર, પ્રથમ ભૂમિકા, પ્રથમ પ્રસ્તાવ સૌ આત્માઓનો શ્રદ્ધા-વિશ્વાસ જ છે. હવે પ્રશ્ન એ ઉભો થાય છે કે, વિશ્વાસ અને પ્રેમ જગત્પૂજ્ય બનાવે છે, આમ તો આખુંય વિશ્વ પોકારી રહ્યું છે. આખુંય જગત કહે છે કે, વિશ્વપ્રેમ જેવી બીજી ઉદારતા કઇ ? વિશ્વાસ રાખો ! વિશ્વાસ જેવો બીજો સિધ્ધિનો મંત્ર કયો છે ?

એક વાત સમજવાની છે કે, પ્રેમ સ્નેહ પ્રીતિ વાત્સલ્યભાવ આ શબ્દો તો ડગલેને પગલે ઉચ્ચારાય છે, પ્રેમના પ્રકાર કેટલા ? પ્રેમ કેટલી હદનો ? કોના પર પ્રેમ રાખવો ? પ્રેમ એટલે જો રાગ જ થતો હોય તો આખુંય જગત રાગની આગમાં સળગી ઉઠયું જ છે. આપણે જાણીયે છીયેકે સૌથી વધારે વિશ્વપ્રેમ ચક્રવર્તીને હોય છે. છ ખંડનો માલિક છે. સ્થળ અને જલ, સ્થાવર અને જંગમ સઘળાયનો પ્રેમ એ ચક્રવર્તીના પ્રેમહૈયામાં કયાં ઓછો હોય છે ? પણ એ પ્રેમ મમતાના ઘરનો છે અને એ રાગ માયા ગણાય. પછી એ પ્રેમ તો પરિણામે દારૂણ દુઃખ આપે છે આ પ્રેમમાં દયા નથી. પરમાર્થ નથી. ધર્મ નથી. આત્મશ્રદ્ધા નથી, વિવેકબુદ્ધિ નથી, વિચારબુદ્ધિ પણ નથી, છ ખંડની ભૂમિમાંથી ટુકડોય ભૂમિ જો કોઈ પચાવી જાય, ઝુંટવી લ્યે તો મારામારી થાય, કાપાકાપી થાય, લાખોનાં જાન માલ રગદોવાઇ જાય આ વિશ્વપ્રેમ કેવો ? જો વિશ્વપ્રેમ વિકાસવો હોય તો પછી ટુકડા વિશ્વનો પ્રેમ અને અમુક વિશ્વનો અપ્રેમ કેમ જાગે ? જડ એવી માટીની બનેલી નાશવંત ભૂમિ ખાતર સચેત માનવોનાં ખૂન કેમ રેડાય ? અહિં વિશ્વપ્રેમ નથી પણ મમતા, રાગદૃષ્ટિ અંધતા જ આ તોફાન ઉભું કરાવે છે.

વિશ્વપ્રેમ કલ્યાણસાધક છે. વિશ્વાસ આત્માની ઉચ્ચકક્ષાએ પહોંચાડનારો છે. પણ પ્રેમ મમત્વથી ન જન્મવો જોઇએ અને વિશ્વાસ અસત્ય પદાર્થો પર ન જામવો જોઈએ તો પછી વિશ્વપ્રેમ અને વિશ્વાસ એ જુદી જ ભાત પાડે. એવી વ્યક્તિનો કોઇ દુશ્મન ન હોય, એવી વ્યક્તિના વચનોને વિશ્વ પૂજ્યભાવે વધાવી લ્યે, એવી વ્યક્તિઓની ઉચ્ચતા એટલી જબ્બર હોય કે, માનવો અને દેવો તેની પાછળ જ ફરે ! અને તેઓની વાણી અને દર્શન મોંઘાં થઇ જાય !

પહેલાં આત્મશ્રદ્ધા જન્માવો ! '**अप्पा जाणइ सो सव्वं जाणइ**' એ વીતરાગી વાણીને વિશદતાથી વિકસાવો ! હૈયામાં ઉતારો ! આત્મા છે, ગતજન્મ

છે, વર્તમાન જન્મ છે અને આગામી જન્મ છે, મૃત્યુ છે અને જન્મ છે, આ વર્તમાન માનવજીવન એ એક ગતિમાન જીવનું એક વિશ્રામ સ્થળ છે, વર્તમાન જીવનનો સત્ય વિકાસ એ ભાવી અનંત જન્મોનો સુધારો છે, આત્મા છે એનો વિશ્વાસ રાખો !

પહેલાં માનવને એક નિર્ણય થવો જોઇએ કે-હું આત્મા છું, અનંત જ્ઞાનનો સ્વામી છું. પરમાત્મા જેવું સ્વરૂપ મારી સત્તામાં છે. બાહ્યસંગો-પરિગ્રહો એ-આત્માને સ્વરૂપવંચિત રાખવાના દુષ્ટગ્રહો છે. આત્મા નિત્ય શુદ્ધજ્યોતિર્મય છે. કર્મના પટલોથી એનું તેજ એનું બલ, એની જ્યોતિ, એનું સ્વરૂપ છૂપાઇ ગયું છે, લોપાઈ ગયું છે, અદ્દશ્ય બન્યું છે. સૂર્ય તો અમૂક ક્ષેત્રમાંજ પ્રકાશ પાથરે છે અને તે અધ્રુવ છે. જ્યારે આત્માને આત્માની સાચી દશા જ્ઞાન-સીમા પ્રગટે તો પછી વિશ્વભરમાં એનાં જ્ઞાનપ્રકાશ કિરણો પથરાઈ જાય છે. પછી અજ્ઞાન અંધકાર પાછો સ્પર્શતો નથી તેનું નિકંદન નીકળી જાય છે.

સ્ફટિક રત્ન જેવો મારો આત્મા સદૈવ નિર્મલ છે. સુવર્ણ જેવો શુદ્ધ આત્મા છે, પણ ભ્રાન્તિમય બનેલો આજે હું સ્વ-આત્માને નથી ઓળખતો ! અને વિભાવ-દશાને વળગીને રહ્યો છું. આત્મભાવ એ સ્વભાવ છે પરભાવ રમણુતા એ વિભાવ છે. શરીરને જેમ તાવ આવે છે, ત્યારે એ ભોજનનો વિકાર ગણાય છે, પણ સ્વભાવ નથી મનાતો તેમ આત્માને ક્ષણિક પદાર્થોની પ્રીતિરાગ એ પણ કર્મજન્ય વિભાવદશાનો વિકાર છે, જ્વર છે, એમ સમજવું.

આત્મા છે, પવિત્ર છે, આજે પાપોના પહાડોથી તે દબાયો છે. પુણ્યોના પુણ્ય ઢગલા નીચે આવૃત બન્યો છે. પાપોના પહાડો અને પુણ્ય ઢગલા ખસી જતાં આત્મા સ્વયમેવ સ્વસ્વભાવાનુશીલ બની જશે. આત્માનો સ્વભાવ પવિત્રતા છે. હવે કર્મમલનાં થરો-પડલો જે આત્મા અમૂર્ત હોવા છતાં તેની સાથે ઝામી ગયાં છે, તે દૂર કરવાની તમન્ના-ધગશ-ભાવના-પ્રક્રિયા વસાવવી જોઇએ. આ ઇચ્છા આત્મા છે એવા શ્રદ્ધાલુને જાગી જ જવાની છે. આદમી દેખતો હોય સર્વ પદાર્થોને જોઈ શકતો હોય પણ એકદમ આંખનાં પડલો કોઈ રોગના કારણથી બંધ થઇ જાય તો એવો દુઃખી થઈ જાય કે એની સીમા જ નથી હોતી. માત્ર પીડા જ વેઠે છે અને બેસી જ રહે છે. એમ નહીં પણ બનતા તમામ પ્રયત્નો કરે છે. દ્રવ્યવ્યયનો ત્યાં હિસાબ નથી રહેતો. પુરૂષાર્થ ખેડવામાં કમીના નથી રહેતી. જ્યાં જ્યાં એના ઉપચા-રકો, ચિકીત્સકો હોય ત્યાં ત્યાં પહોંચી જાય છે. પથ્ય પાળે છે. અને દવા અપ્રમત્તતાથી સેવે છે. જરા જરા દેખાવાનું શરૂ થાય પછી તો શું એ ઉપચારને ત્યજે ? ન જ ત્યજે પણ વધારે આદર અને માનથી ઉપચાર ચાલુ રાખે. વળી ઉપચાર બતાવનારનો શું થોડો ઉપકાર માને ? અરે ભગવંત જેવો ઉપકારી આ વૈદ્ય છે એમ બોલે જ. પણ સઘળુંય કેમ બને છે ? પહેલા એ આજના અંધને શ્રદ્ધા છે કે; આંખ છે, દેખવાનું કામ કરતી હતી. હવે પડલ ઉઘડતાં દેખાશે જ આ એક નક્કર અને અડોલ શ્રદ્ધા પરિબલ જ તેના પારમાર્થિક પુરૂષાર્થનો મુદ્દો છે. ઉદ્દેશ છે. ધ્યેય છે.

આત્માને આ ખ્યાલ ચોક્કસ થવો જોઈએ કે, હું જ્ઞાની છું. અજ્ઞાન એ વિકાર છે. પવિત્ર છું, અપવિત્રતા એ પડળ છે. હું શુદ્ધ-નિત્ય છું અને વિશ-દતા તેમજ પરિભ્રમણ એ સંગત દોષ છે. સ્થિર રહેલાં તણખલાં સંગતથી દિશા-વિદિશામાં ઉડે છે. તેમ આત્મા સ્થિર અને અનુત્પત્તિ સ્વભાવ છે. પણ કર્મના પ્રબલ-ઝંઝાવાતથી અસ્થિર બને, ભ્રષ્ટ બને છે. અને નવીન ગતિના સ્વાંગો ભજે છે. ભજવે છે. સ્વભાવને તજે છે અને સજે છે.

આત્મા છે એમ માન્યું. પછી આત્મવિશ્વાસ એવો બેસી જશે કે વિશ્વપ્રેમ એના નવનીત રૂપે તરી આવશે જ. આત્મા છે. અને માત્ર સુખને જ ઇચ્છે છે. સુખ મેળવવા સુખબીજની ખેતી કરવી પડે છે. સુખ આપ-વાથી સુખ મલે છે. ભય આપવાથી ભય સાંપડે, અભય આપવાથી અભયતા મલે એમ પોતે સમજે પછી કોઈનેય એના જીવનથી દુઃખ ન જ મલે. અને કોઈનાય ઉપર એને દ્વેષ ન જ જન્મે તો વિશ્વપ્રેમ અને વિશ્વાસ આવી જ વસે.

દુઃખ નથી રૂચતું તો દુઃખ કોઇનેય ન આપવું આ એક નિયમ છે. સુખ ગમે છે. રૂચે છે તો સુખ સર્વને આપવું આત્મને માન્યો. આત્મ-શ્રદ્ધા ઝામી

પછી આત્મા કેવો છે ? એ જાણવાની તૈયારી જીજ્ઞાસા જાગૃત થઇ જશે.

હું જીવું છું એ કેવી વિશ્વસનીય વાત છે. હું મરી ગયો એ કેવી અવિશ્વસનીય બીના છે. મરી ગયા પછી કોઇ નથી જાણતો કે, હું મરી ગયો. હાં અહીં જન્મ્યો એટલે ગયા જન્મથી મરી ગયો એ અનુમાનથી નિશ્ચિત થઇ જાય છે. હું મરી જઇશ એ જરૂર માની શકાય. આ બધાય વિશ્વાસો જીવને એવા બેસી ગયા છે કે, એમાં જરાય ભૂલથાપ નથી જ ખાતો. એમ આત્માને એવો જ વિશ્વાસ સ્વત્વ પર આવી જવો જોઈએ. આત્મા છે જ છે અને એને સ્વભાવમાં ખીંચવો છે. પરભાવથી ખસેડવો છે. એક એવો સિધ્ધાંત બાંધી લેવો જોઈએ એ વિશ્વાસ-શ્રદ્ધા જીવન-મરણ જેવી નક્કર થઇ જાય પછી જેમ જીવવાનો પ્રેમ અને મૃત્યુનો ખેદ-દુઃખ અથવા મૃત્યુ ન આવે એ માટેનો પ્રયાસ જેટલા પ્રમાણમાં થાય છે, એવી રીતે આત્મ-શ્રદ્ધા જન્મે અને આત્માને પવિત્ર બનાવવાની કામના જાગે તો પછી એને પવિત્ર બનાવવાનો પ્રયાસ પણ અસામાન્ય--અલૌકિક થઇ જ જાય, ધીમે ધીમે આત્મ-શ્રધ્ધા ઝામે, જાગે, બેસે, પછી એ માનવને માનવતા, સદાચારતા, ઉદારતા, પરમાર્થિકતા, સત્ક્રિયાચરણશીલતા આ શીખવવું ન પડે. બોધ-પાઠ ન આપવો પડે !

શરીર જીવ બન્નેય ભેગા થયા છે. એક બીજાએ એવી મૈત્રી બાંધી છે કે, શરીર એ હું જ છું એમ જીવાત્મા માને છે, અને તેની જતના-રક્ષા માટે સતત ચીવટવાળો છે. આ એક જીવને શ્રધ્ધા બેઠી છે કે, શરીર બગડયું તો હું નથી. શરીરના અસ્તિત્વમાં મ્હારૂં અસ્તિત્વ છે. જોકે આ કુશ્રધ્ધા છે, કુવિશ્વાસ છે. પણ એ એવો વિશ્વાસ બેસાડયો છે કે એક શ્વાસ પણ શરીરરક્ષા સીવાયનો નથી. એજ ઉલ્ટી શ્રધ્ધા સરલ બની જાય કે, શરીર તે હું નથી. હું તે શરીર નથી, આવી શ્રધ્ધા બેસી જાય તો પછી આત્મા દુન્યવી સંયોગ-વિયોગના સુખ-દુઃખને વીસરી જ જાય. ફક્ત આત્મવિકાસને જ સાધવાની એને વાત યાદ આવે, એક શ્વાસ પણ આત્મવિકાસ સિવાયનો તેને માટે ન રહે ! (અપૂર્ણ)

❀


**જૈનસમાજમાં દર વર્ષે ૮૫૦ પાનાનું વાંચન આપતું અને ૨૩૫૦ નકલનો ફેલાવો ધરાવતું કોઈપણ માસિક હોય તો 'કલ્યાણ' છે.**

## જાહેરખના દર આ મુજબ છે.

| | ૧ માસ | ૩ માસ | ૬ માસ | ૧૨ માસ |
|---|---|---|---|---|
| ૧ પેજ | ૨૫ | ૬૦ | ૧૦૦ | ૧૫૦ |
| ૧/૨ ,, | ૧૫ | ૩૫ | ૬૦ | ૧૦૦ |
| ૧/૪ ,, | ૧૦ | ૨૫ | ૪૦ | ૬૫ |
| ૧/૮ ,, | ૭ | ૧૫ | ૨૫ | ૪૦ |

**ટાઈટલ પેજ ૨ જું રૂા. ૩૫, ટાઈટલ પેજ ૩ જું રૂા. ૩૦**
**ટાઈટલ પેજ ૪ થું રૂા. ૪૦, એક જ વખતના**

**અશ્લીલ અને અશિષ્ટ જાહેરખ લેવાતી નથી.**

લખોઃ- **કલ્યાણ પ્રકાશન મંદિર : પાલીતાણા** (સૌરાષ્ટ્ર)

# શંકા અને સમાધાન

સમાધાનકાર :–પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વજી મહારાજ. ખંભાત

( પ્રશ્નકારઃ–સાંડસા ચીમનલાલ રતનચંદ–રાજપુર)

**શં૦** પકખી, ચૌમાસી અને સંવત્સરી પ્રતિક્રમણમાં છીંક થાય તો તેની આલોયણ માટે પંચ પ્રતિક્રમણની વિધિ બુકમાં કાઉસ્સગ્ગ તથા 'सर्वे यक्षाम्बिका०' ની થોય બોલવાનું લખ્યું છે, પરંતુ સત્તરભેદી પૂજા ભણાવવાનું કોઈ ઠેકાણે વાંચવામાં આવતું નથી તો આ રિવાજ ક્યારથી ક્યા પુસ્તકના આધારે થયો ?

**સ૦** છીંક સામાન્ય રીતિએ વિઘ્નના આવાગમનને સૂચક મનાય છે, તેથી ચતુર્વિધ સંઘનુ વિઘ્ન દૂર થાય તે હેતુથી કાઉસ્સગ્ગ કરીને 'सर्वे यक्षाम्बिका०' વાળી સ્તુતિ બોલાય છે. વિઘ્ન વિનાશનો વિધિ આચર્યા બાદ મંગલકારી આચરણા આચરવાના હેતુથી સત્તરભેદી પૂજા ભણાવવી શરૂ થઈ હોય એમ જણાય છે.

**શં૦** પ્રતિક્રમણ કરનારાઓ પૈકી કોઇને છીંક આવે તો જ બાધ ગણાય કે નજીકમાં કોઇ પ્રતિક્રમણ કરતું ન હોય તેને છીંક થઈ હોય તો તે બાધકર્તા ગણાય ?

**સ૦** સાથે પ્રતિક્રમણ કરતાં હોય અર્થાત્ પ્રતિક્રમણ સાથે ઠાવ્યું હોય તેને છીંક આવે તો બાધ ગણાય.

**શં૦** ઉપધાનવહન કર્યા હોય તે વ્યક્તિ સિવાય કોઈપણ વ્યક્તિ વ્રત–પચ્ચક્ખાણ આદિ કરતો હોય પરંતુ તેણે ઉપધાનતપની આરાધના કરી ન હોય તો તે વ્યક્તિ પ્રતિક્રમણ ભણાવી શકે ? તેમ જ વંદિત્તુ બોલી શકે કે નહી ? કે ઉપધાનતપની આરાધના જેણે કરી હોય તેજ પ્રતિક્રમણ ભણાવી શકે ? અને વંદિત્તુ બોલી શકે !

**સ૦** શ્રી ઉપધાનતપની આરાધના કરનારને જેમણે શ્રી ઉપધાનતપની આરાધના નથી કરી તેઓ પ્રતિક્રમણ ભણાવે કે શ્રી વંદિત્તાસૂત્ર બોલે એ કલ્પે નહિ એવો વિધિ છે.

**શં૦** કોઇએ ઉપધાન કર્યા હોય પણ તે પછી તે કારણુસર પણ અભક્ષ્યભક્ષણાદિ કરનાર, રાત્રિભોજન કરનાર અને બીડી વગેરેના વ્યસનને સેવતો હોય તો પણ તે પ્રતિક્રમણ ભણાવવાનો અને વંદિત્તુ બોલવાનો પોતાનો હક્ક છે એમ સંઘ સમક્ષ બોલી શકે ખરો ? અને જેણે ઉપધાનતપ કર્યા નથી પણ જે શ્રાવકોચિત ધર્મકરણીઓ તરફ બરાબર લક્ષ્ય આપે છે તે પ્રતિક્રમણ ભણાવી શકે અને વંદિત્તુ બોલી શકે તો એ સારૂં નથી ?

**સ૦** શ્રી ઉપધાનતપ કર્યા પછીથી અભક્ષ્યભક્ષણાદિ પ્રવૃત્તિઓમાં પડી ગયેલાને તો જો પોતાના તપનો ખ્યાલ હોય તો શરમ ઉપજે અને એથી તે હક્ક છે એમ કહે નહી પણ બીજાઓ બોલવાનું કહે તોય એમ કહે કે હું એને લાયક નથી. શ્રી ઉપધાનતપ કરેલાની જો આવી વૃત્તિ ન હોય, તો જેણે શ્રી ઉપધાનતપની આરાધના નથી કરી પણ અનુકૂલતાએ કરવાની ભાવના છે અને ઉપધાનતપની વિધિ પ્રત્યે બહુમાન છે તે શ્રાવકોચિત કરણીવાળો પ્રતિક્રમણ ભણાવે કે શ્રી વંદિત્તાસૂત્ર બોલે એ વધારે સારૂં ગણાય.

**શ૦** દહેરાસરોમાં ભોંયતળીયે ચાલવાની જગ્યામાં સ્વસ્તિક તેમજ નંદાવર્તના સાથીયા આરસની તખ્તીઓમાં કોતરેલા હોય છે. તેના ઉપર ચાલવાથી અગર કોઈ પ્રકારની આશાતના થાય તો તે બાધકારક ગણાય કે નહી! અને હજી કેઇપણ નવા મંદિર બંધાતાં હોય તેમાં તેવી રીતે સ્વસ્તિક વગેરે કોતરવામાં વાંધો આવે કે નહી ?

**સ૦** એમાં આશાતના જેવું જણાતું નથી, પરંતુ આશાતનાની કલ્પના આવે તો તેણે એનો ઉપયોગ રાખીને ચાલવું જોઇએ, જેમ શ્રી કુમારપાલ મહારાજાએ ઘેમરનો ત્યાગ કર્યો હતો તેમ.

**શ૦** ઘણા ધર્મશ્રદ્ધાળુઓ મુસાફરીમાં પોતાના નિત્યપૂજાપાઠ માટે પુસ્તકો, જિનેશ્વરના ફોટાં, નવકારવાલી વગેરે સાથે લઇને જાય છે, પરંતુ તેને રેલ્વે અગર મોટરોમાં લઇ જવામાં આશાતના થવા પામે તો તે સાથે લઈ જવું કે નહી ! અગર લઇ જઇએ તો પેટીમાં બરાબર પેક કરી મૂકાય તો આશાતનાનો બાધ લાગે નહી કે કેમ ?

**સ૦** જે પુણ્યશાલીઓ આરાધનાની સામગ્રી મુસાફરીમાં સાથે રાખે છે તેઓ માટે સામાન્ય રીતિએ એમ મનાય કે તેઓ આશાતનાથી બચવાનો શક્ય પ્રયત્ન કર્યા વિના રહે નહી, જેમ માસિક ધર્મ ( M. C. ) આવતાં શ્રાવિકાઓ સાચવી લે છે તેમ યથાશક્ય આશાતનાથી બચવાનો પ્રયત્ન કરવો જોઇએ.

**શ૦** રાઈ પ્રતિક્રમણમાં શ્રી શત્રુંજયતીર્થનાં ચૈત્યવંદનાદિને બદલે શ્રી આદીશ્વર ભગવાનનાં ચૈત્યવંદનાદિ બોલી શકાય કે નહી ?

**સ૦** શ્રી શત્રુંજયતીર્થનાં ચૈત્યવંદનાદિ બોલવાનો વિધિ પ્રચલિત છે માટે તેજ બોલવાં જોઈએ.

( પ્રશ્નકારઃ-જિજ્ઞાસુ. )

**શ૦** આષાઢ ચતુર્માસમાં સાધુ સાધ્વીઓ ગૃહસ્થ પાસેથી ટપાલ માટે પોસ્ટકાર્ડ આદિ મંગાવી વાપરી શકે ખરા ! અથવા જે ઘરની છુટ રાખી હોય તેના ઘરનું કાપડ આદિ વાપરી શકાય કે નહી ?

**સ૦** અષાઢ ચતુર્માસ દરમ્યાન કાપડ આદિ જરૂર પડવાથી વહોરવાને માટે ઘરની જયણા રાખવી એ વિધિ અનુસાર નથી અને જેમ આહાર-પાણી તેમ દવા પણ કોઇપણ ઘરથી જરૂર હોય તો વિધિ મુજબ લઈ શકાય છે. ટપાલ લખવાની ચાલુ પધ્ધત્તિ એ વિધિમાર્ગને અનુકૂલ વસ્તુ નથી એથી એ બહુ વિચારણીય વસ્તુ છે પણ આષાઢ ચાતુર્માસમાં તો કાર્ડ કવર આદિ લેવાં જોઇએ નહિ.

**શ૦** દુવિહાર ઉપવાસ થઇ શકે કે નહિ ?

**સ૦** उपवासप्रत्याख्यानं द्विविधाहारं न भवति इति संप्रदायः

[ પ્રશ્નકારઃ-ખીમચંદ ફુલચંદ શાહ ભાવનગર ]

**શ૦** પુરૂષોને ખેસ તથા ધોતીયું પૂજામાં બેજ વસ્ત્રો વાપરવાનું ચરણવિજયજી મહારાજે 'કલ્યાણ' માસિકમાં લખેલ છે તો ખેસને આઠ પડ કરીને મુખકોશ તરીકે વાપરવો કે બીજો રૂમાલ રાખવો અને તેનો મુખકોશ કરવો ?

**સ૦** પુરૂષોને જિનપૂજામાં ખેસ અને ધોતીયું એ બેજ વસ્ત્રો વાપરવાના કહ્યાં છે અને ખેસના છેડાનો આઠ પડો મુખકોશ કરવો જોઇએ.

**શ૦** જ્ઞાનનો પાંચ લોગસ્સ કે એકાવન લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો ? નવપદ અને આઠ

કર્મ નિવારણનો જે કાઉસ્સગ્ગ થાય છે તે ચંદેસુ નિમ્મલયરા સુધી કે સંપૂર્ણ કરવાનો હોય છે ?

**સ૦** જ્ઞાનપદની આરાધના માટે જઘન્યથી પાંચ લોગસ્સનો અને ઉત્કૃષ્ટથી એકાવન લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવાનો હોય છે, શ્રી નવપદની આરાધના માટેના કાઉસ્સગ્ગ ચંદેસુ નિમ્મલયરા સુધી અને આઠકર્મ નિવારણ માટેના કાઉસ્સગ્ગ સંપૂર્ણ લોગસ્સના કરવાના હોય છે.

**શં૦** તીર્થસ્થાનોમાં કે બીજે કોઈ ઠેકાણે બૈરાઓ આરતી-મંગલદીવો ઉતારે તે વખતે ઉત્તરાસણ તરીકે ખેસ નાંખે છે, તે પ્રથા વ્યાજબી છે ?

**સ૦** આરતી અને મંગલદીવો ઉતારતી વખતે શ્રાવકોને ખેસ રાખવાનો હોય છે, શ્રાવિકાઓ માટે ખેસ રાખવાનો વિધિ વાંચ્યો નથી.

**શં૦** પાઠશાલામાં ચાલતા ધાર્મિક પુસ્તકો જ્ઞાનખાતાના પૈસામાંથી લાવી શકાય ?

**સ૦** જ્ઞાનખાતાની રકમમાંથી પંચપ્રતિક્રમણ આદિ ધાર્મિક પુસ્તકો પાઠશાલા માટે લાવી શકાય છે.

**શં૦** દહેરાસરોમાં ઉત્તમ ચીજો વાપરવાની આજ્ઞા છે પણ અત્યારે દહેરાસરોમાં ચોરી બહુ જ થાય છે, તો સાદી ચીજો વાપરવી શ્રેષ્ઠ છે તે બરાબર છે ?

**સ૦** જિનાલયમાં ચોરીઓ થાય છે એ ભયથી ઉત્તમ ચીજો ન વાપરવી એમ કહેવાય કેમ ? ચોરી થાય નહિ એવો પ્રબંધ કરવો જોઇએ પણ શ્રી જિનાલયમાં તો ઉત્તમ ચીજો વાપરવી જોઇએ.

❀

---

## મનનીય મુદ્દાઓ

૧ વિદ્યાર્થીઓની પરીક્ષાની સફલતાના અન્તે હર્ષ હોય તેથી ચ્હા-પાણી નાસ્તાપાર્ટીઓ યોજી સફલતા ઉજવાય તો પછી તપશ્ચર્યાને અન્તે-તેની સફલતાને અન્તે-સાધર્મિક વાત્સલ્ય, સંઘજમણ આદિ ઉજવાય તે સ્વાભાવિક અને યોગ્ય છે કે નહિ ?

૨ વેપારીઓ, પેઢીઓ, કંપનીઓ વર્ષને અન્તે નફા-નુકસાનનું તારણ કાઢે છે તો પછી શ્રી પર્યુષણપર્વ અને શ્રી સંવત્સરીપર્વ જેવા દિવસો આધ્યાત્મિક ઉન્નત્તિનું સરવૈયું કાઢવા માટે યોજાય તે કેટલું બધું સુવ્યવસ્થિત છે ?

૩ વિજ્ઞાનીઓ જે કહે છે તે બધું આપણે નજરે જોતાં નથી તેના ઉપર શ્રદ્ધા રાખવી પડે છે કે તેમની લેબોરીટરીમાં આ પ્રમાણે સિદ્ધ થયું છે તો પછી પરમપુરૂષો કે જેઓએ અનંતજ્ઞાનથી વસ્તુઓ જાણી છે, તેમના વચનોમાં શ્રદ્ધા રાખતા કેમ અચકાવ છો ?

૪ ધર્મક્રિયા કરવામાં જો સમયનો દુર્વ્યય માનતા હો તો તમારા જીવનનો કેટલો વખત નકામો જાય છે તે વિચારશો ? છાપા વાંચવામાં સીનેમાઓ, હોટલો, કલબો, ગાર્ડનો આદિ સ્થાનોમાં જે સમય જાય છે તે શું સાર્થક છે ?

૫ બીજી બધી કબુલાતો માટે લખાણો, દસ્તાવેજો, સહીસીક્કા કરો છો, જ્યારે પચ્ચકખાણની કબુલાત આપવા માટે કેમ ખચકાવો છો ?

૬ આવેલી વ્યક્તિઓના આવકાર માટે, નાની નાની મીટીંગો વખતે ચાપાણી સોડાલેમન, આઇસ્ક્રીમ ઇ.દિનો પ્રબંધ હોય જ, તો પછી વ્યાખ્યાનશ્રવણ કરવા આવેલ આત્માઓની ભક્તિ માટે, પ્રભાવના થાય તે બરાબર જ છે ને ?

૭ જેટલી પાર્ટીઓ છે, જેવી કે, કોમ્યુનીસ્ટ, સોસ્યાલીસ્ટ, કોંગ્રેસ, લીગ તે બધા વાડાઓ નથી તો શું છે ? તો પછી ધર્મના સિદ્ધાન્તોને અનુસરનારા વર્ગમાં રહી આત્મકલ્યાણ સાધવામાં શું વાંધો હોય ?

**શ્રી પુષ્પસેન અને ભૂપેન્દ્ર ઝવેરી**



# શિક્ષણની સાધના ફળે ક્યારે ?

**શ્રી પુરૂષોત્તમ પ્રેમચંદ મહેતા.**

જ્ઞાનપિપાસા એ આર્યસંસ્કૃતિની અણમોલ ભેટ છે. પરંતુ આજે તો એ જ્ઞાનનો વારસો યુવાન પેઢીના હાથમાંથી સરકતો જતો જણાય છે. જ્ઞાન મેળવવું એ આજે વેઠ કરવા જેવું લાગે છે. રામ અને અર્જુન જેવા આદર્શ શિષ્યોએ જીવેલા જીવનના મૂલ્યાંકનો અને વિદ્યાર્થીની આંખ એ વચ્ચે આજે અંધકારની તોતીંગ દિવાલો ખડી થઈ ગઇ છે. વિદ્યાનો પ્રભાવ તો આજે તદ્દન અદૃશ્ય બની ગયો છે, કારણ કે પશ્ચિમ સંસ્કૃતિના વિલાસના પડછાયા આજે ભારત પર ફરી વળ્યા છે.

એક દિવસે આજના જેવાં સરસ્વતી મંદિરો નહોતાં. વિદ્યાર્થીના માનસમાં એકસાથે હજારો વાતો ઠસાવવામાં આવતી ન હતી. ડીગ્રી ( ઉપાધિ ) મેળવવા માટે જ વિદ્યાદેવીની આરાધના કરવામાં નો'તી આવતી. ભૂગોળ જેવા રસિક વિષયનું જ્ઞાન તે દહાડે પુસ્તકો દ્વારા આપવામાં નો'તું આવતું. વિદ્યાર્થી કહેવાથી વિદ્યાર્થી નો'તું બની શકાતું. પરંતુ વિદ્યાર્થી થવા માટે, તે દહાડે સંયમની વિરાટ જ્યોત રૂધીરના દીવેલથી પ્રદીપ્ત કરવી પડતી. એ યુગમાં વિદ્યાર્થી, પરદેશી સંસ્કૃતિના પૂજારી બનવાની ઝંખના નો'તા કરતા. અનુકરણના પંથે આંધળી દોડ નો'તી કરાતી. વિકાર અને વિલાસનાં સાધનો વિદ્યાર્થીને સ્પર્શી શકવાને અસમર્થ હતાં. વૈભવના વાયરાં, મદની અસર ઉપજાવી શક્તા ન હતા.

એ સમયે તો, પ્રકૃતિના ક્રીડાંગણમાં આશ્રમો હતાં. ખરૂં કહીએ તો, એ પ્રેરણામંદિરો જ હતાં. દિન–રાત બ્રહ્મચર્યની પાવન જ્યોત ઝળહળતી હતી. પવિત્રતાનાં ત્યાં નિત્ય પૂજન થતાં. જ્ઞાનની ત્યાં ચોવીશે કલાક ચર્ચા થતી. શિષ્યો વચ્ચે ગરીબી અને અમીરીના ભેદ ન હતા. સમાનતાનો સૂર્ય ત્યાં પૂર્ણ રીતે પ્રકાશતો હતો. શિષ્ય અને ગુરૂ વચ્ચે સનાતન સગાઇ હતી. જાતમહેનતની અજોડ ભાવના પ્રત્યેક વિદ્યાર્થીના અંગેઅંગમાં મહેકતી હતી. સત્યના વિશાળ વડલા હતા અને અહિંસાની અમૃત સરિતાઓ બે કાંઠે ઉછળતી હતી. નિર્દોષ પ્રેમનું આમ્રવૃક્ષ, આત્મ–ત્યાગના ખાતરથી ઉછેરાતું. ઇંધણ વીણતા રાજકુમારો અને ગાયો ચારતા ગરીબ કુટુંબના યુવાનો ત્યાં સહકારનો યજ્ઞ કરતા હતા. તપની તો ત્યાં ચોમેર ગંગાઓ વહેતી. સાદાઇ એ પ્રત્યેક વિદ્યાર્થીના જીવનનો મંત્ર હતો. જ્યાં જ્ઞાન, તપ અને ચારિત્ર્યનો ત્રિવેણી સંગમ હોય ત્યાં વિદ્યાનો પ્રભાવ કેમ ન પડે ?

પણ આજે તો પરિસ્થિતિમાં અજબ પરિવર્તન આવી ગયું છે. આજનો વિદ્યાર્થી અભ્યાસ તરફ અરૂચિ સેવે છે. વિદ્યાનાં ધામો વિલાસનાં ધામો બનતાં જાય છે. સહશિક્ષણે પતનની હોળી સળગાવી છે. માનવતાના પુષ્પોથી લચી પડતા માનવદેહ પર પાશવતાની કબર ચણાઈ ગયા જેવું બન્યું છે. સીનેમાનાં

બેહૂદાં દશ્યોએ વિદ્યાર્થીઓમાં અનેક વ્યસનોની ભડકે બળતી આગ ફેલાવી છે. ફેશનના રાક્ષસો આર્યસંસ્કૃતિના સિદ્ધાંતોનું ખૂન કરે છે. સંયમનો જુગાર ખેલાવા માંડ્યો છે. શૃંગાર-રસથી ખદબદતી ચોપડીઓએ વિદ્યાર્થીઓનું માનસ પલટાવી નાંખ્યું છે. અંગપ્રત્યંગોનું પ્રદર્શન કરતાં ચિત્રોએ યુવાનોની વાસનાવૃત્તિને સતેજ કરી છે. ગુરૂ અને શિષ્યો વચ્ચેનો ભૂતકાળનો સંબંધ ભૂલાઇ ગયો છે. આ પરિસ્થિતિએ વિદ્યાર્થીને અંધકારનો બુરખો ઓઢાડ્યો છે. ત્યાં વિદ્યાનો પ્રભાવ કયાંથી પડે? સાગરના નીર પર સાથિયા પૂરાય ખરા? જ્યાં સુધી અંતરમાં કાદવ ભર્યો ત્યાંસુધી જ્ઞાનનાં ચિત્રો ન જ દોરી શકાય, જ્ઞાનનાં ચિત્રો દોરવા માટે તો વિશુધ્ધ સપાટી જોઇએ, જ્ઞાનપિપાસા તો જ્ઞાનને ખેંચનારૂં લોહચુંબક છે. થોકબંધ ગ્રંથોમાં છુપાએલ જ્ઞાન, એ લોહચુંબકની દિશામાં ખેંચાય છે.

વિદ્યાનો પ્રભાવ તો ત્યારે જ પડે, જયારે વિદ્યાર્થીમાં જ્ઞાનની પિપાસા જાગે. વિદ્યાર્થીના આચાર-વિચાર અને વાણીમાં સંસ્કારિતાના સૂરો ગુંજી ઉઠે, જીવનની છબીમાં સદ્‌ગુણોનાં પ્રતિબિંબ પડે. વિદ્યાર્થીની નસેનસમાં વિનયની વિદ્યુત પ્રસરે. વાણીમાં સત્યનો રણકાર આવે. સત્ય અને અહિંસા, વિદ્યાર્થીજીવનની બે બાજુ બની જાય. લોહીના પ્રત્યેક કણમાં માનવતાનાં મોતી ચમકી ઊઠે. સેવા કરવાની ભાવના પ્રગટે. જ્ઞાનની વિશાળદષ્ટિ આવે. વિલાસનું સડેલું કલેવર બદલાઇ, સાદાઈની સુરંગી ચાદર વિદ્યાર્થી દેહ પર વીંટળાઇ જાય, ત્યારે જ શિક્ષણની સાધના ફળશે જરૂર!

( સમયધર્મ )

## —: હિસાબ :—

સારી સાલ દરમ્યાન તમે જે વાંચન કરો છો તે સારૂં છે કે ખરાબ છે? સારા વાચનથી સારા આચાર કેળવાય છે અને ખરાબ વાચનથી દુરાચાર કેળવાય છે, ખરાબ વાચન કર્યું હોય તો હિસાબને અંતે માનજો કે, તમે તમારી વર્ષ દરમ્યાનની જીંદગીની મજલમાં ખોટ ખમ્યા છો.

આખા વરસ દરમ્યાન તમે તમારી ભૂલો કબુલી છે કે બીજાઓના દુર્ગુણ જોયા છે? જો તમે તમારી ભુલ કબુલ કરી હોય અને બીજાઓના દોષ ન કાઢયા હોય તો માનજો કે તમે ફાયદામાં કામ કર્યું છે. નહિતર ભયંકર ખોટ ખમ્યા છો. તમે તમારા જ દુર્ગુણ જોયા હોય તો માનજો કે તમે ઉંચી ટેકરી ઉપર છો. અને જો બીજાઓના જ દુર્ગુણ જોયા હોય તો સમજજો કે, તમે ઉંડી ખીણમાં પટકાયા છો. સામા માણસના સદ્‌ગુણ જ જુઓ. અને દુર્ગુણ જોયા બાદ સુધારવાનો યત્ન કરો સુખી થવાનો, આગળ ધપવાનો આ એક વીશાળ યંત્ર છે.

તમે બીજાઓની નાની ભુલ પર પણ ક્રોધ કર્યો છે કે ખોટી ભુલો છતાં પણ માફી આપી છે? જો નાનીશી ભૂલમાં ક્રોધ કર્યો હોય તો માનજો કે, તમે તમારા જ હાથથી તમારી ઘોર ખોદી છે. બીજાઓની મોટી ભુલો છતાં માફી આપી હોય તો માનજો કે તમે એક મહા વિશાળ અને દિવ્ય પંથ પર જઇ રહ્યા છો. ક્ષમા એ વીરનું ભૂષણ છે. ક્ષમા આપવી એ નામરદાઇનું કામ નથી. તમને એમ થશે કે, તમારો મિત્ર તમને ગાળ ભાંડે તો તેને સામી શાને ન ભાંડવી?....ના, ભાઈ! એ રીત ખોટી છે. એમ કરશો તો તમે નકામાં દેવામાં ડૂબ્યા છો, એમ હિસાબને અંતે માનજો.

# જૈનદર્શનનો કર્મવાદ

ઘાતી અને અઘાતીકર્મ

માસ્તર ખુબચંદ કેશવલાલ—સિરોહી

જૈનદર્શનકારોએ કર્મશાસ્ત્રમાં પૌદ્ગલિક કર્મની અનેક અવસ્થાઓનું બારીક અને વીગતવાર વર્ણન કરેલ છે. કર્મના અસંખ્ય ભેદ હોવા છતાં પણ સંક્ષેપથી ખ્યાલમાં આવી શકે એટલા માટે અમુક વિશેષતાઓને લીધે તેના આઠ વિભાગ પાડ્યા છે, અને તે વિભાગના ઉત્તર વિભાગો પણ ૧૫૮ની સંખ્યામાં દર્શાવ્યા છે. આત્માને સ્વભાવદશામાંથી ભ્રષ્ટ કરી વિભાવ-દશામાં મુકનાર અને અનંતજ્ઞાનાદિ આત્માના સ્વાસ્થ્યનો રોધ કરનાર તે કર્મપ્રકૃતિઓની દરેક સંખ્યાને તેના સ્વભાવાનુસાર પૃથક્–પૃથક્ નામ સંજ્ઞાઓ પણ આપેલી છે. આત્માના કેવા પ્રકારના સ્વાસ્થ્યને કઈ પ્રકૃતિ કેવી રીતે રોધ કરે છે તેનો ખ્યાલ તે કર્મની નામ સંજ્ઞા દ્વારા જ આત્માને પેદા થાય છે.

શારીરિક રોગોના ચિકિત્સકો શરીરમાં અશાંતિ પેદા કરનાર દર્દને તેનો ખ્યાલ પેદા કરવા માટે અમુક નામ સંજ્ઞાથી સંબોધે છે, અમુક દર્દને એક સામાન્ય નામ તરીકે ગણીને તેના પેટાવિભાગ તરીકે પણ અનેક ભિન્ન-ભિન્ન સંજ્ઞાઓથી તેના પ્રકારો પાડે છે. જેમકે જ્વર (તાવ) એ એક દર્દનું સામાન્ય નામ છે, અને તેના પેટા વિભાગોને ટાયફોડ આદિ પૃથક–પૃથક્ નામના જ્વર તરીકે ઓળખાવે છે. દર્દનો ખ્યાલ પેદા કરવા માટે તેની અમુક તો નામસંજ્ઞા હોવી જ જોઈએ. એ રીતે કર્મ અંગે પણ સમજી લેવું જોઇએ. વૈદકશાસ્ત્રના અભ્યાસીઓ દર્દીના દર્દને અમુક પ્રકારની નામ સંજ્ઞાપૂર્વક ખ્યાલમાં લાવી અમુક નામસંજ્ઞા-વાળા ઔષધોપચાર દ્વારા તે દર્દને દૂર કરવા કોશિષ કરે છે, અને એ દર્દના કારણ તરીકે અમુક નામસંજ્ઞાવાળાં કારણોનો ફરી ઉપ-યોગ થઇ જવા ન પામે તેની સાવચેતી રખાવે છે. અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે, કર્મ એ પણ આત્મામાં વિભાવદશારૂપ દર્દને પેદા કરનાર રોગ છે. એ કર્મરૂપી રોગ અને તેને નષ્ટ કરનાર ઔષધોના દરેક પ્રકારોની પૃથક્–પૃથક્ નામસંજ્ઞા જૈનદર્શનકારોએ સ્પષ્ટ જણાવી છે. પ્રથમ કહેવાઇ ગયેલ કર્મપ્રકૃતિઓની મૂળ નામ–સંજ્ઞાઓ આઠ અને તેના પેટા વિભાગોની ૧૫૮ નામ–સંજ્ઞાઓ આપેલી છે. પુનઃ એ મૂળ આઠ નામ સંજ્ઞાવાળાં કર્મને (૧) ઘાતી અને (૨) અઘાતી એ બે નામ-સંજ્ઞાપૂર્વક બે વિભાગમાં પણ દર્શાવ્યાં છે. આઠ નામસંજ્ઞાવાળા કર્મથી આ બે નામ સંજ્ઞાવાળાં કર્મ કંઈ અન્ય નથી. પરમાર્થથી તો તેનાં તે જ છે, પરંતુ આઠ વિભાગમાં દર્શા-વાતાં સર્વ કર્મને અમુક અપેક્ષાએ બે વિભાગમાં જ ગણી લઇ તેને ઘાતી અને અઘાતી એ બે નામસંજ્ઞાઓ આપેલી છે. એ રીતે અન્યાન્ય અપેક્ષાપૂર્વક હવે પછી બીજી નામસંજ્ઞાયુક્ત કહેવાતાં કર્મને મૂળ પ્રકૃતિ આઠ અને ઉત્તર પ્રકૃતિ ૧૫૮ પૈકીનાં જ સમજવાં, પરંતુ અન્ય સમજવાં નહિ. હવે તે ઘાતી અને અઘાતીની વ્યાખ્યા વિચા-રીએ તો આત્માના જ્ઞાનાદિ ગુણોનો ઘાત કર-નારાં જે કર્મ તે ઘાતીકર્મ કહેવાય છે. જ્ઞાના-

વરણીય–દર્શનાવરણીય–મોહનીય અને અંતરાય એ ચારે ઘાતીકર્મ છે. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર અને અનંતવીર્ય એ ચારે ગુણોનો ઘાત કરનારાં ઉપરોક્ત કર્મો અનુક્રમે સમજવાં.

જ્ઞાન–દર્શનાદિ આત્માના મુખ્ય ગુણોમાંના કોઇ પણ ગુણનો ઘાત ન કરે તે અઘાતી કર્મ છે.

અઘાતી કર્મની પ્રકૃતિઓ જ્ઞાનાદિ મુખ્ય ગુણોનો ઘાત નહિ કરતી હોવા છતાં પણ ચોરની સાથે મળેલ શાહુકાર જેમ ચોર કહેવાય છે, તેમ ઘાતીકર્મની સત્તા પણ વિદ્યમાન હોતે છતે અઘાતી પ્રકૃતિઓ જ્ઞાનાદિ ગુણોનો ઘાત કરતી દેખાય છે. ઘાતી કર્મની સત્તા નષ્ટ થયે છતે અઘાતી કર્મોનો ઉદય તેની પરંપરા નીપજાવી શકતો નથી, અને અલ્પ સમયમાં જ વિલીન થઇ જાય છે. કેમ કે અઘાતી કર્મની પરંપરા ઉત્પન્ન કરવામાં નિમિત્તભૂત તો ઘાતી કર્મ જ છે. એટલે ઘાતી કર્મ રહિત અઘાતી કર્મો તે પરાજય પામેલ રાજવિહોણા નાસતા ભાગતા સૈન્ય જેવાં છે. ઘાતીકર્મનો ક્ષય થયા બાદ અઘાતી કર્મો પણ અલ્પ ટાઇમમાં જ ક્ષય થવાને પરિણામે આત્માને અવ્યાબાધ–અક્ષયસ્થીતિ–અરૂપીપણું અને અગુરૂલઘુ એ ચાર સંયોગો ઉપસ્થિત થાય છે. આત્માનું શાશ્વત સ્થાન તો આ ચાર સંયોગવાળું છે, પરંતુ ઘાતી કર્મના સંયોગવાળાં ચાર અઘાતી કર્મો વડે આત્મા તેથી વિપરીત સંયોગોમાં ભટકી શાશ્વત શાંતિ પ્રાપ્ત કરી શકતો નથી. શાશ્વત શાંતિની પ્રાપ્તિ તો ઉપરોક્ત ગુણ વાળા શાશ્વત સ્થાનમાં જ છે.

સામાન્યતઃ અક્ષયસ્થીતિ આદિ ચાર સંયોગોનો રોધ ચાર અઘાતી કર્મો વડે જ થાય છે, પરંતુ અઘાતી કર્મોનું બળ ઘાતીકર્મના આધારે જ છે. વળી અઘાતી કર્મ ઉત્પન્ન કરનાર ઘાતી કર્મ જ છે. એટલે ઘાતી કર્મોનો ક્ષય થયે છતે અઘાતી કર્મોનો ક્ષય સ્વાભાવિક થવાનો જ છે. માટે આત્માના સ્વરૂપમાં બાધા નાખી આત્મ–સ્વરૂપને પ્રગટ નહિ થવા દેવા વાળાં તો મુખ્યત્વે જ્ઞાનાવરણીય–દર્શનાવરણીય-મોહનીય અને અંતરાય એ ચારે કર્મ જ ઘાતી કર્મ તરીકે ઓળખાય છે. અને આત્માના સ્વાભાવિક સ્વરૂપનો પ્રતિરોધ નહિ કરનાર તથા જેના ઉદયથી બાહ્ય સામગ્રીની પ્રાપ્તિ થાય છે તે માત્ર બાહ્ય સામગ્રી સાથે સંબંધવાળાં વેદનીય–આયુ–નામ અને ગોત્ર એ ચારે કર્મો અઘાતી કર્મો કહેવાય છે. જ્ઞાનાવરણીય–દર્શનાવરણીય–મોહનીય અને અંતરાય એ ચારે કર્મોનો આત્મામાંથી સર્વથા ક્ષય થવા વડે આત્મામાં અનંતજ્ઞાનાદિ ગુણો ક્ષાયિક ભાવે પ્રાપ્ત થાય છે. જ્યાંસુધી તે ગુણો ક્ષાયિક ભાવે પ્રગટ થતા નથી, ત્યાંસુધી આત્મામાં અલ્પાંશે યા અધિકપણે વિકારો પ્રવર્તી રહે છે.

જેટલા અંશે વિકાર તેટલા અંશે ગુણોની સ્ખલના હોય છે. જેટલે અંશે ગુણોમાં સ્ખલના તેટલે અંશે વિકાસમાં પણ સ્ખલના હોય છે. સ્ખલનાનો સર્વથા અભાવ તે જ ગુણોની સંપૂર્ણ પ્રગટતા છે. સંપૂર્ણ પ્રગટતાથી જ ગુણો અનંતપણે પરિણમે છે.

જ્ઞાનાદિગુણો આત્મામાં અનંતપણે ન પ્રગટે ત્યાં સુધીમાં પણ ગુણોનો સર્વથા ઘાત તો થતો જ નથી, ગુણોના પેટા પ્રકારો પૈકી કોઇ કોઇ પ્રકારાંશ તો અવશ્ય સદાને માટે પ્રત્યેક જીવમાં પ્રગટ જ હોય છે, એટલે સર્વાંશપણે તો કદાપિ કોઈ પણ ગુણ અવરાઇ જતા જ નથી. સર્વાંશે ઘાત થઇ જતો હોય અને અલ્પાંશે પણ

આત્મામાં ગુણ રહેવા ન પામે તો ચેતન જડ બની જાય છે. એટલે સર્વથા ગુણોનો અભાવ બને તેવું કદાપિ બની શકતું નથી.

આત્મામાં અલ્પાંશે પણ ગુણો કેવી રીતે રહેવા પામે છે, તે હવે વિચારીએ. કર્મક્ષય થયેથી જેમ ગુણો સંપૂર્ણપણે પ્રગટે છે તેમ કર્મના ક્ષયોપશમે તે ગુણો સંપૂર્ણપણે નહિ તો પણ ન્યૂનાધિકપણે તો વસેજ છે. ક્ષયનો અર્થ તો કર્મનો સંપૂર્ણ નાશ, અને ક્ષયોપશમ એટલે ઉદયપ્રાપ્ત કર્મનો ક્ષય કરવો અને ઉદય અપ્રાપ્ત પુદ્ગલોને ઉપશમાવવાં, અહિં ઉપશમના બે અર્થ થાય છે.

(૧) ઉપશમ એટલે ઉદયપ્રાપ્ત કર્મ પુદ્ગલોનો ક્ષય થવો અને સત્તાગત દલિકો અધ્યવસાયને અનુસરી હીનશક્તિવાળાં થવાં.

(૨) ઉદયપ્રાપ્ત કર્મ પુદ્ગલોનો ક્ષય થવો અને સત્તાગત દલિકો અધ્યવસાયાનુસાર હીન-શક્તિવાળાં બની સ્વરૂપે ફળ ન આપે એવી સ્થિતિમાં મુકાવાં.

જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંત-રાય એ ત્રણેના ક્ષયોપશમમાં ઉદયપ્રાપ્ત દલિકો પ્રાપ્ત થાય છે, અને સત્તાગત દલિકો હીનશક્તિ વાળા બની જઇ તે આત્મામાં સ્વસ્વરૂપે અનુ-ભવાય છે. આ કર્મો સ્વસ્વરૂપે અનુભવાવા છતાં પણ ગુણના વિઘાતક થતાં નથી, કારણ કે તેમાં શક્તિ ઓછી થઇ ગયેલી હોય છે. તેથી તે પુદ્ગલોમાં જેટલા પ્રમાણમાં શક્તિ હોય છે તેટલા પ્રમાણમાં ગુણને દબાવે છે, અને જેટલા પ્રમાણમાં શક્તિ ઓછી થયેલી હોય છે તેટલા પ્રમાણમાં ગુણ પ્રગટ કરે છે. એટલે જે ગુણને રોકનાર કર્મનો જેટલો ક્ષયોપશમ તેટલા અંશે તે ગુણનું પ્રગટપણું આત્મામાં હોય છે. જ્ઞાના-વરણીય, દર્શનાવરણીય મોહનીય અને અંતરાય એ ચારે ઘાતી કર્મની ઉત્તરપ્રકૃતિઓ પૈકી મતિજ્ઞાનાવરણીય, શ્રુતજ્ઞાનાવરણીય, અચક્ષુદર્શના-વરણીય અને અંતરાય કર્મની પાંચે પ્રકૃતિઓ સદાને માટે પ્રત્યેક આત્મામાં ક્ષયોપશમપણે જ હોય છે. એટલે જેટલે અંશે તેનું ક્ષયોપશમ-પણું વર્તે છે, તેટલે અંશે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અચક્ષુદર્શન અને દાનાદિ ગુણોનું આત્મામાં પ્રગટપણું હોય જ છે. કોઇપણ ટાઇમે ઉપરોક્ત કર્મ પ્રકૃતિઓનો ક્ષયોપશમ ન હોય તેવું બને જ નહિ, જેથી ઉપરોક્ત ગુણોનો પણ આત્મામાં સર્વથા અભાવ થાય એવું પણ બને જ નહિ. આ હિસાબે સૂક્ષ્મનિગોદીયાજીવથી પ્રારંભી સર્વ આત્મામાં અલ્પાંશે પણ ગુણોનું અસ્તિત્વ સદાને માટે પ્રગટ જ હોય છે.

આ સિવાય અવધિજ્ઞાનાવરણીય તથા ચક્ષુદર્શનાવરણીય અને અવધિદર્શનાવરણીય સદાને માટે આત્મામાં ક્ષયોપશમપણે વેદાય છે ત્યારે તે તે પ્રકૃતિઓ વડે રોકાતા ગુણોનું તે તે પ્રકૃતિઓના ક્ષયોપશમાનુસાર તેટલે તેટલે અંશે પ્રગટપણું હોય છે. તથા સંજ્વલન કષાયની ચાર પ્રકૃતિઓ અને નવ નોકષાય તો સત્તામાં હોતે છતે પણ પ્રતિસમય તેનો ઉદય વર્તેજ છે એવો નિયમ નથી. તેઓનો ઉદય ન હોય ત્યારે તો તે પ્રકૃતિઓ અલ્પમાત્ર પણ ગુણોનો ઘાત કરનાર થતી નથી. પણ જ્યારે ઉદયપણે વર્ત્તતી હોય ત્યારે તો તે પણ ક્ષયોપશમપણે જ વેદાય છે.

ઘાતીકર્મની પ્રકૃતિઓ પૈકી જે પ્રકૃતિઓ સદાને માટે ક્ષયોપશમપણે જ વેદાય છે, અને જે પ્રકૃતિઓ ક્ષયોપશમપણે પણ વેદી શકાય તે પ્રકૃતિઓને દેશઘાતી પ્રકૃતિઓ કહેવાય છે.

અને જે કર્મપ્રકૃતિઓ કદાપિ પણ ક્ષયોપશમપણે વેદાતી નથી તથા જેના ઉદયથી ગુણનો સર્વથા રોધ થાય છે, વળી જે પ્રકૃતિઓના સર્વથા ક્ષયે જ ગુણનું પ્રગટપણું છે, તે કર્મપ્રકૃતિઓને સર્વઘાતી પ્રકૃતિઓ કહેવાય છે.

મોહનીય કર્મની પ્રકૃતિઓ (સંજ્વલન કષાય તથા નવ નોકષાય સિવાયની) ક્ષયોપશમપણે વેદી શકાય છે, પરંતુ વિપાકોદયના ટાઇમે એટલે સ્વસ્વરૂપે ઉદય વખતે તો ગુણને અંશે પણ પ્રગટ થવા દેતી નથી. જેથી પ્રદેશોદયપણે એટલે પરરૂપે ભોગવતા ટાઇમે તેનો ક્ષયોપશમ હોઇ શકે છે. તેથી તેને દેશઘાતી કહી શકાય નહિ.

ઘાતી કર્મના આ પ્રમાણે બે વિભાગો છે ૧. સર્વઘાતી અને ૨. દેશઘાતી. મતિજ્ઞાનાવરણીય-શ્રુતજ્ઞાનાવરણીય, અવધિજ્ઞાનાવરણીય મનઃપર્યવજ્ઞાનાવરણીય, ચક્ષુર્દર્શનાવરણીય અવધિદર્શનાવરણીય સંજ્વલનના ક્રોધ-માન-માયા અને લોભ તથા નવ નોકષાય અને પાંચ અંતરાય એ પચવીસ પ્રકૃતિઓ સર્વઘાતી છે.

સર્વઘાતી પ્રકૃતિઓનો ઉદય ગુણને સર્વથા રોકે છે, અનાચાર ઉત્પન્ન કરે છે, અને દેશઘાતી પ્રકૃતિઓ ગુણના એક દેશને રોકે છે, અતિચારમાત્ર ઉત્પન્ન કરે છે.

★

## —: સમાધિ મૃત્યુ :—

પ્રાણીમાત્ર મૃત્યુથી ડરે છે, મૃત્યુને ભયસૂચક ગણે છે, મૃત્યુ સૌનો અણગમતો અને અપ્રિય શબ્દ છે, છતાં તે અનિવાર્ય, આકસ્મિક અને નિશ્ચિત જ છે એમ આપણે સૌ સમજીએ છીએ.

અત્યારે કદાચ મૃત્યુ પામું એટલી જ માનવી કલ્પના કરે તો માનવી હલબલી ઉઠે છે, પોતાનો ભૂતકાળ, વર્તમાન સંસારના સંબંધો અને ભવિષ્યકાળની ભીતિ તેની નજર સમક્ષ ખડી થાય છે.

ભૂતકાળના દુષ્કર્મો માટે તો અંતઃકરણના પ્રશ્ચાત્તાપ સિવાય બીજો કોઇ રાજમાર્ગ નથી અને વર્તમાન જગતના સંબંધો કેટલા સ્વાર્થી અને માયાવી છે તે સૌના અનુભવની બીના છે અને ભવિષ્યકાળની ભીતિ નિવારવા મૃત્યુને સમાધિ મૃત્યુ બનાવવા માનવીએ પ્રયત્નશીલ થવાની જરૂર છે.

પોતાના મૃત્યુ પછી પુત્ર-પરિવાર પાછળથી શું કરશે? કુટુંબીજનો અને સ્નેહિ-સંબંધીઓ પોતાને માટે પાછળથી શું કહેશે અને સમાજ તેને કઇ દૃષ્ટિથી જોશે? વગેરે સંકલ્પ-વિકલ્પો સમાધિમૃત્યુથી પર છે.

સંસારી જીવોને મૃત્યુ પામેલાનો વિરહ થોડો વખત સાલે છે, પરંતુ સંસારની ઘટના જ એવી છે કે, સ્વાર્થ હોય તો લાંબા કાળે અને સ્વાર્થ ન હોય તો થોડા જ વખતમાં તે દુઃખ ભૂલી જવાય છે.

આ દેખીતું સગપણ જીવન સુધીતું જ છે અને મનુષ્યજીવન પણ ક્ષણિક અને પરતંત્ર છે, તો તેવા ક્ષણિક સગપણ માટે જીવન હારી જવું તે કોઇ રીતે ઉચિત નથી.

ક્યાં, ક્યારે અને કયે માર્ગે દુનિયાની અંગભૂમિ ઉપર આપણો પાઠ ભજવીને આપણે પડદા પાછળ અદૃશ્ય થઇ જઇશું તે વિષે આપણે અજ્ઞાત છીએ તેથી સુખની ક્ષણભંગુરતા, જીવનની નશ્વરતા ઇત્યાદિ વિષે ચિંતન કરીએ તો આપણી આસપાસ રોજબરોજ જે જીવન વહેતું જોઇએ છીએ એમાં એવું ઘણુંય દૃષ્ટિગોચર થાય છે, જે આપણામાં વૈરાગ્યની ભાવના પ્રગટાવે અને જે આપણા મૃત્યુને સમાધિ મૃત્યુ બનાવે.

શ્રી દલીચંદ ભુદરભાઇ ગાંધી

# યોગબિન્દુઃ [ભાવાનુવાદ] શ્રી વિદૂર

[ લેખાંક ૧૦ મો ]

યોગી યોગિરૂપે તો સત્ હોય, પણ અયોગિરૂપે પણ યોગિને સત્ માનવામાં આવે, તો યોગિનું સ્વરૂપ જ ન રહી શકે. કારણ અયોગિ-રૂપનો તેમાં સંક્રમ થયેલ છે, તેથી જ યોગાભ્યાસ નિરર્થક છે. કારણ અયોગિના અયોગથી યોગિના યોગનો વ્યાઘાત થયેલ છે. સ્વમાં પરરૂપનો સંક્રમ થાય ત્યારે પરરૂપદ્વારા સ્વરૂપનો વ્યાઘાત થાય જ. તેથી તે વસ્તુ કાર્યકર બની શકે નહિ.

આ જ રીતે પરરૂપવત્ સ્વરૂપથી ય વસ્તુને સત્ ન માનવામાં આવે તો તે સર્વથા અસત્ જ બની જાય, કારણ-એનું સ્વરૂપજ નથી. જેનું સ્વરૂપજ સત્ ન હોય તે સર્વથા તુચ્છજ હોય-અસત્ જ હોય, જેમ **શશશૃંગ.**

જ્યારે આત્માનું સ્વરૂપજ હોય નહિ ત્યારે યોગાભ્યાસ કોણ કરે અને તેના ફળના ભોક્તા ય કોણ બને?

યદિ આત્માનું સ્વરૂપ સત્ હોય તો તેનામાં ઇષ્ટ સાધનમાં પ્રવૃત્તિ અને અનિષ્ટ સાધનથી નિવૃત્તિ ઘટે. અર્થાત્ યોગાભ્યાસરૂપ ઇષ્ટ સાધનના આદાનમાં પ્રવૃત્તિ ઘટે. પણ તે સ્વરૂપથી ય સત્ ન હોય અર્થાત્ સર્વથા અસત્ હોય, તો તેની પ્રવૃત્તિ અને તત્ફળ આદિ ઘટે જ નહિ. પ્રવૃત્તિ તેજ કરી શકે અને તે પ્રવૃત્તિના યોગે ફલ પણ તે જ પ્રાપ્ત કરી શકે, જે સ્વરૂપથી સત્ જ હોય. પણ સ્વરૂપથી ય સત્ ન હોય, જેનું સ્વરૂપ જ અસ્તિત્વ ન ધરાવતું હોય તે પ્રવૃત્તિ કરી શકે જ નહિં, પછી તેના ફળને પામી જ કેમ શકે? જેમ **ખરવિષાણ.**

આ દૃષ્ટિએ એમ સિદ્ધ થયું કે-આત્માને એકાન્ત સત્ યા અસત્ માનવામાં આવે, તો યોગાભ્યાસ નિરર્થક છે.

એની સફળતા ઇષ્ટ હોય, તો આત્માને પરિણામિ-નિત્ય માનવો જોઇએ; દ્રવ્ય-પર્યાયરૂપે નિત્યાનિત્ય માનવો જોઇએ, સ્વરૂપ અને પરરૂપે સત્ત્વ અને અસત્ત્વશાલી માનવો જોઇએ.

આત્મામાં તે તે સામગ્રીદ્વારા તે તે રૂપે પરિણમવાની યોગ્યતા માનવી જોઇએ. જેમ માટી, દંડ, ચક્રાદિ સામગ્રીદ્વારા ઘટ રૂપે પરિણમે છે, તેમ આત્માને ય ફલરૂપે પરિણામ પામનાર માનવો જોઇએ.

આ રીતે આત્માને પરિણામી માનવામાં આવે તો પૂર્વમાં અયોગિ છતાં તે તે કાળે પોતાની યોગ્યતાના પ્રભાવે યોગપ્રાપ્તિની યોગ્યતા મેળવી, તે યોગાભ્યાસ કરી શકે છે અને યોગના ફળને પણ પ્રાપ્ત કરી શકે છે.

આ રીતે જ યોગની સાર્થકતા છે. યોગ સ્વસાધ્ય મુક્તિનો સાધક બની શકે છે.

સારાંશ એ છે કે-આત્માને નિજરૂપે સત્ અને પરકીયરૂપે અસત્ માનવા સાથે પરિણામી માનવો જોઈએ, તો જ યોગ સાર્થક બને. પણ એમ ન માનવામાં આવે તો યોગ સાર્થક થઇ શકે નહિ કિન્તુ નિરર્થક થઇ જાય.

જેમ આત્મા કથંચિત્ સાપેક્ષતયા નિત્યાનિત્ય પણ છે અને સ્વપરરૂપાપેક્ષાએ સત્-અસત્ પણ છે તથા પરિણામી પણ છે, તેમ દૈવ-કર્મ અને પુરુષ-કર્મ એ બંનેમાં તુલ્ય જ છે, આ ભાવ પણ વસ્તુતઃ સ્પષ્ટતયા ત્યારે જ છુટી શકે, જ્યારે ઉપર્યુક્ત રીતિએ આત્માને કથંચિત્ નિત્યાનિત્ય, સદસત્ અને પરિણામી માનવામાં આવે.

આ બાબતમાં ગ્રંથકાર મહર્ષિ સ્વયં જણાવે છે કે-હું '**अग्रतो गत्वा**' આગળ જતાં સ્પષ્ટ કહીશ એ માટેનો તેમનો જ શ્લોકઃ-

**दैवं पुरुषकारश्च, तुल्यावेतदपि स्फुटम्।**
**युज्येते एवमेवेति, वक्ष्याम्यूर्ध्वमदोऽपि हि ॥२१॥**

અર્થાત્ તે તે અન્યશાસ્ત્રોમાં તે તે પુરુષાર્થની સિદ્ધિમાં દૈવ અને પુરુષકારને તુલ્ય શક્તિમંત માનવામાં આવેલ છે.

આ કથન પણ યોગવત્ સ્પષ્ટતયા તો જ ઘટમાન બની શકે, જો ઉપર્યુક્ત નીતિને આવકારવામાં

આવે.

યોગવત્ આ વિષયમાં ગ્રંથકાર સ્વયમેવ આગળ પર વેધક પ્રકાશ પાથરશે.

આ રીતે ગોચરાદિની શુદ્ધિપૂર્વક યોગતત્ત્વની ખોજ કરવી જોઈએ. કારણ-વસ્તુની સિદ્ધિ લોકાનુભવ અને શાસ્ત્રીય સંમતિ-અવિરોધ દ્વારાજ થાય છે. જે અનુભવબાધિત હોય અથવા શાસ્ત્રવિરુદ્ધ હોય, તે વસ્તુ વાસ્તવિક હોઈ શકતી જ નથી તેમજ યોગને સ્વસાધ્ય-સાધક ત્યારે જ માની શકાય જ્યારે લોક અને શાસ્ત્રનો વિરોધ ન આવતો હોય. જેના માટે શાસ્ત્રકાર મહર્ષિ ફરમાવે છેઃ-

**लोकशास्त्राविरोधेन, यद्योगो योग्यतां व्रजेत् ।**
**श्रद्धामात्रैकगम्यस्तु हन्त नेष्टो विपश्चिताम् ॥२२॥**

આથી જ પ્રામાણિકપ્રકાંડો પ્રતીતિબાધિત યા શાસ્ત્રબાધિત વસ્તુને ન જ સ્વીકારે એથી જ ગોચરાદિની શુદ્ધિ કરવી જોઇએ. યુક્તિ નહિ હોવા છતાં એક માત્ર શ્રદ્ધાથી તો યોગને પ્રેક્ષાવંતો કદાપિ સ્વીકારે નહિ.

તાત્પર્ય એ છે કે જે વસ્તુ યા તત્ત્વ પ્રતીતિથી જ બાધિત હોય અથવા શાસ્ત્રથી બાધિત હોય, તે વસ્તુ પ્રેક્ષાવંતો સ્વીકારી શકતા જ નથી. તેઓ તેને જ સ્વીકારે, જે પ્રતીતિ અને આગમથી અબાધિત હોય.

યોગનો પણ પ્રતીતિ અને શાસ્ત્રનો બાધ ન આવે તેમ સ્વીકાર કરવો જોઈએ. તો જ એ યોગ ફલજનનમાં સમર્થ બની શકે અને તો જ તેને તાત્વિક યોગ માની શકાય. શિવાય માની શકાય જ નહિ.

યદિ આત્મા એકાન્તતઃ નિત્યજ હોય એટલે કે-કોઇ પણ સંયોગમાં પરિવર્તન પામતો જ ન હોય તો તેમાં યોગ કેમ ઘટી શકે? કારણ-પૂર્વમાં જે અયોગી હોય તે જ સામગ્રી પામી યોગાભ્યાસી બની શકે છે, અયોગ અને યોગ બંને દશા જુદી જુદી છે. યોગાભ્યાસી તે જ બની શકે છે, જે પૂર્વમાં અયોગી હતો. આ અવસ્થાનો ભેદ આત્મામાં પરિવર્તન માનવામાં આવે, તો જ ઘટી શકે. અગર આત્મામાં પરિવર્તન થતું જ ન હોય-સર્વથા એક રૂપ જ હોય તો યોગ કેમ જ ઘટી શકે? તે તો જે સ્થિતિમાં હોય, તેમાં જ રહી શકે પણ અલગ અલગ અવસ્થાને પામી શકે નહિ.

એ જ રીતે અગર સર્વથા ક્ષણિક જ હોય, તો તે અલગ અલગ અવસ્થા પામી શકે નહિ, કારણ-જે અવસ્થા પામે છે, તે તો જુદો જ છે. પૂર્વનો તો વિનશ્વર હોઇ બીજા ક્ષણમાં નાશ પામી ગયો, તેથી એનામાં પણ પરિવર્તન ન થાય, તેથી એ પણ યોગસાધક બની શકે જ નહિ.

યોગ એ આત્માની બીજી અવસ્થા છે, જે પૂર્વમાં અયોગી હતો તે યોગ્યતાના પ્રભાવે યોગી બની શકે. લોક અને શાસ્ત્રમાં આ રીતેજ ઇષ્ટ છે.

તેથી જ આત્માને દ્રવ્યરૂપે નિત્ય અને પર્યાયરૂપે અનિત્ય; સ્વરૂપે સત્ અને પરરૂપે અસત્ માનવા સાથે પરિણામી માનવો જોઇએ. જેથી તેમાં અવસ્થાન્તર ઘટી શકે.

યદ્યપિ ગોચરાદિની શુદ્ધિ નહિ હોવા છતાં કપિલ અને સુગતાદિએ યોગવિષયક નિરૂપણ કરેલ છે, પણ તે સ્વીકાર્ય નથી. કારણ-જેમાં પૂર્વાપરની પર્યાલોચના નથી, યુક્તિપૂર્વક વસ્તુતત્ત્વની સંગતિ નથી, વ્યવસ્થા નથી, તે વસ્તુતત્ત્વને માત્ર શ્રદ્ધાથી-સ્વદર્શનના વિવેક રહિત પક્ષપાતથી પ્રેક્ષાવંતો સ્વીકારી શકે જ નહિ. તેઓ તો યુક્તિસિદ્ધ તત્ત્વોને જ સ્વીકારે પણ યુક્તિશૂન્યતત્ત્વના પક્ષપાતી હોય જ નહિ તેઓ તો મધ્યસ્થદષ્ટિવંતજ હોય, તેઓને પરીક્ષા વિના તત્ત્વનો સ્વીકાર હોય જ નહિ, પ્રમાણસિદ્ધ તત્ત્વના જ તેઓ સ્વીકારક હોય આગમ પણ તે જ પ્રમાણ હોય જે યુક્તિબાધિત અર્થનું વ્યવસ્થાપક ન હોય, એથી, આગમપ્રમાણમાંય પ્રેક્ષાવંતો પરીક્ષા કરે, જેમ સુવર્ણની કષ-છેદ અને તાપરૂપ પરીક્ષા થાય છે અને બાદ જ તેનો સ્વીકાર થાય છે, તેમ પ્રેક્ષાવંતો આગમની પણ કષાદિદ્વારા પરીક્ષા કરે, તેમાં ઉત્તીર્ણ થાય તો જ તેનું ગ્રહણ કરે શિવાય કરે જ નહિં.

કપિલઋષિએ આત્માદિ તત્ત્વોની વ્યાખ્યા એકાન્ત નિત્યરૂપ કરી છે. આત્મા માત્ર ચેતનરૂપ જ

# 'અબળા અને આર્ય સંસ્કૃતિ'

શ્રી ઉજમશી જુઠાભાઇ શાહ

**આ**ર્ય સંસ્કૃતિના પ્રણેતાઓએ સ્ત્રીજાતિ માટે અબળા શબ્દનો જે પ્રયોગ કર્યો છે તે પરત્વે, આજે કેટલાકને ભારે અણગમો ઉત્પન્ન થયો છે. પરંતુ તેઓએ તે તત્ત્વની યથા તથા છણાવટ કરી તેનો મૂળભૂત હેતુ વિવેકચક્ષુથી જાણવો જોઇએ.

શું આર્યસંસ્કૃતિના પ્રણેતાઓને સ્ત્રીજાતિ પ્રત્યે ઘૃણા હતી? શું કંઇ પક્ષપાત હતો? નહિ જ. તે આર્યસંસ્કૃતિના પ્રણેતાઓને સ્ત્રીજાતિ પ્રત્યે પક્ષપાત કે ઘૃણા હતી તેમ અંશતઃ પણ કહી શકાય તેમ નથી. કારણ કે, તે આર્યસંસ્કૃતિના પ્રણેતાઓએ સ્ત્રીને લક્ષ્મી અને જગજ્જનની જેવા વિશિષ્ટ પ્રકારના ઉપનામોથી પણ સંબોધી છે.

તેથી સ્પષ્ટ અર્થ ફલિત થાય છે, કે સ્ત્રીજાતિને અબળાનું ઉપનામ આપવા પાછળ કોઈ પક્ષીય વૈમનસ્ય–જાતીયદ્વેષ કારણભૂત નથી જ. પરંતુ નિષ્પક્ષપાત નિર્મળ બુદ્ધિ છે. અને તે સ્ત્રીજાતિ પ્રત્યે બહુમાન છે.

જ્યારે તર્કથી અમુક અનુમાન પર આવીએ, ત્યારે આપણે તે હકીકતને માન્ય કરવી જોઇએ. અને તેના ગૂઢ રહસ્યોને પામવા આપણે વિવેકચક્ષુથી ઉંડી વિચારણા કરવી જોઇએ.

'મારૂં સાચું' તે ખ્યાલ ભૂંસી નાખી 'સાચું એ મારૂં' તે ખ્યાલ દિલમાં ધરવો જોઇએ. વિતંડાવાદથી કે દુરાગ્રહથી સત્ય પમાતું નથી.

આધુનિક વૈજ્ઞાનિકો, સ્ત્રીજાતિ અને પુરુષજાતિના લોહીમાં છુપાયેલાં વિશિષ્ટ અણુઓનું પૃથકકરણ કરે તો તેઓને ખાત્રી થશે, કે ઉભય જાતિના લોહીનાં તે અણુઓમાં ભિન્નતા છે.

ઉભયજાતિના લોહીનાં અણુઓનો ભેદ તો આપણે પ્રત્યક્ષ પ્રમાણોથી પણ સમજી શકીએ છીએ. પરંતુ તે અણુઓનું સામર્થ્ય આપણે સર્વે યથા–તથા જાણતા નથી.

એટલે કે, તે ઉભયજાતિના લોહીનાં વિશિષ્ટ અણુઓમાં જે ભિન્નતા છે, તે અણુઓનું સામર્થ્ય પ્રયોગદ્વારા જાણી, આધુનિક વૈજ્ઞાનિકો તે પ્રગટ કરે તો જે એક નવો ખોટો વાદ ઉભો થયો છે તે સરલતાથી ટળી જાય. અને સ્ત્રી–પુરુષના સમાન અધિકારની ખોટી હુંસાતુંસી અટકી જાય.

જો કે, આર્યસંસ્કૃતિના પ્રણેતાઓએ તો, તે ઉભય જાતિના લોહીનાં અણુઓનું

---

છે, તે તો દ્રષ્ટા જ છે, સાક્ષિરૂપ જ છે પણ કર્તા નથી નિષ્ક્રિય જ છે. કર્તૃત્વ તો પ્રકૃતિરૂપમાં જ છે તે જડ છે. ઉભયતત્ત્વ સર્વથા અલગ છે. બધા ભોગ આદિ પ્રકૃતિના જ છે. આત્મા તો સર્વથા નિર્લેપ છે ઇત્યાદિરૂપે વ્યવસ્થા કરી છે.

**સુગતે** વસ્તુમાત્રને ક્ષણિક માની છે. કોઇપણ સત્ વસ્તુ ક્ષણમાત્રસ્થાયી છે, દ્વિતીયક્ષણમાં વિનાશિ જ છે, તે વસ્તુ પણ દ્રવ્યરૂપ નથી પણ ગુણ–પર્યાયરૂપ છે. આત્મા પણ જ્ઞાનરૂપ છે તે પણ ક્ષણવિનશ્વર છે.

આ બંનેય મત યુક્ત નથી. કારણ–એકાન્ત નિત્ય માનવાથી તેનું પરિવર્તન જ ન થાય તો અયોગી મટી જઇ યોગી બને કોણ! એટલે અવસ્થા અવસ્થાવંતથી છેક જુદી નથી તેથી જ અવસ્થાના પરિવર્તનમાં અવસ્થાવંતને પણ પરિવર્તનશીલ માનવો જોઈએ.

સામર્થ્ય અભેદ્ય જ્ઞાનદ્વારા જાણ્યા પછી જ તે સ્ત્રીજાતિ માટે 'અબળા' શબ્દ પ્રયોગ કર્યો છે.

પુરુષ જાતિના લોહીનાં સામાન્ય (common) અણુઓમાં હૃદયને જોમ-બળ આપવાની તાકાત છે. જ્યારે સ્ત્રી જાતિના લોહીનાં સામાન્ય (common) અણુઓમાં તે જોમ-બળ આપવાની તાકાત મામૂલી છે.

આત્માનું સામર્થ્ય ફોરવવામાં હૃદય-બળ અતિમહત્ત્વનો ભાગ ભજવે છે. જો કે, વિવેક વિના, તે હૃદય-બળ હોવા છતાંયે આત્માનું સામર્થ્ય ફોરવી શકાતું નથી.

વાચક અપવાદો મોખરે ન ધરે. પરંતુ વિવેકભરી દૃષ્ટિએ બહુલક્ષી વિચારણા કરે.

વ્યવહારમાં આપણે અનુભવીએ છીએ તેમ સ્ત્રીજાતિમાં અધીરાપણું પ્રબળ હોય છે. વળી મુસીબત વેળાએ તે સ્ત્રી જાતિ ચિત્તની આવશ્યક સમતુલા બહુ ઝડપથી ખોઇ બેસે છે. અટપટાં પ્રસંગોએ તે પ્રાયઃ દૃઢ નિર્ણય કેળવી શકતી નથી.

જેના વિચારો દૃઢ અને સ્થિર નથી તેઓ અટપટા વ્યવહારમાં કે રાજદ્વારી ક્ષેત્રે, જ્યાં ભયંકર ઘર્ષણોની નિરંતર સંભાવના છે, ત્યાં પ્રાયઃ સફળ કામગિરી બજવી શકતા નથી.

ખાસ કરીને સ્ત્રીજાતિને એવાં અટપટાં અને ભયંકર કાર્યક્ષેત્રોથી દરેક રાષ્ટ્રો બહુધા જે દૂર રાખે છે, તે આડકતરી રીતે સૂચવે છે, કે તે સ્ત્રીજાતિ તે ક્ષેત્રને યોગ્ય નથી; તેમજ તેનો જાતીય સ્વભાવ ચંચળ છે.

સ્ત્રીજાતિનો સ્વભાવ ચંચળ છે, તે બતાવે છે, કે તેના લોહીનાં અણુઓમાં હૃદયને બળ-જોમ આપવાની તાકાત નહિવત્ છે. અને માટે જ, તેને અબળા-અલ્પબળવાળી કહી છે

એક યા બીજી રીતે, છળ, કપટ, પ્રપંચ, ઢોંગ આદિ દુર્ગુણો પ્રાયઃ સ્ત્રીજાતિના ખાસ સહચારી હોય છે; તેનું મૂળ કારણ તેના હૃદયની-દુર્બલતા છે. એટલે કે, તે કારણે પણ સ્ત્રીજાતિ અબળા છે તેમ સિદ્ધ થઇ શકે તેમ છે.

સ્ત્રીજાતિમાં શરમ જે વિશેષ જણાય છે, તે પણ તેનામાં હૃદય-બળનું અલ્પપણું સૂચવે છે. તે હૃદય-બળની અલ્પતાને કારણે જ આત્માનું સામર્થ્ય ફોરવવું સ્ત્રીજાતિ માટે અતિદુર્લભ છે. અને માટે જ, તે આર્ય-સંસ્કૃતિએ તે સ્ત્રીજાતિને અબળાનું ઉપનામ આપ્યું છે.

અત્રે એક બીના ટાંકવી અતિ આવશ્યક છે કે, જો તે શરમ અને વિવેકબુદ્ધિનો વ્યક્તિમાં સમન્વય થાય, તો તે શરમ લજ્જા-ગુણમાં પલટાઈ જાય છે. અને તે પણ વ્યક્તિના વિકાસનું પરમ સાધન બની જાય છે.

સ્ત્રીજાતિના સ્વભાવ ભણી વધુ ને વધુ ઢળતો એ લજ્જા ગુણ, જો સ્ત્રીમાં યથા તથા નિરંતર પ્રગટી રહે, તો તેના આત્માનો અભ્યુદય થાય છે. ક્રમશઃ તેનામાં દિવ્યગુણોનો આવિર્ભાવ થાય છે. પરિણામે આત્માનું સામર્થ્ય ફોરવવું તે સ્ત્રી જાતિ માટે જે અતિદુર્લભ છે, તે એ લજ્જાગુણના વિવેકયુક્ત સેવન વડે ક્રમશઃ સુલભ બને છે.

લજ્જાગુણનો આવિર્ભાવ સ્ત્રીજાતિ માટે અતિ સુલભ હોઈ અને તે ગુણ શીલધર્મની ઉપાસનામાં અતિ સહાયક હોઇ, તે આર્ય-સંસ્કૃતિએ આર્ય મહિલા જીવન એવી મજેની

રૂઢીઓથી ઘડયું છે કે, તે લજ્જાગુણ પ્રત્યેના વિવેકનો તેનામાં નિરંતર વિકાસ થાય.

પુરુષ કરતાં સ્ત્રીજાતિમાં કામની વિવશતા વિશેષ છતાં, જે સ્ત્રી તે આર્યસંસ્કૃતિની પ્રણાલિકાને અનુસરી વિવેકપૂર્વક પહેરે-ઓઢે, ખાય–પીવે, રમે–રાચે, ઉઠે-બેસે, હરે-ફરે, બોલે–ચાલે, તેને તે કામની વિવશતા પજવતી નથી. જેઓ તે પ્રણાલિકાનું ઉલ્લંઘન કરે છે, તેઓને તે કામની વિવશતા પજવ્યા વિના રહેતી નથી અને તેઓનું અધઃપતન થાય છે.

સ્ત્રીજાતિમાં હૃદય–બળની ઉણપને કારણે શીલ વિના અન્ય કોઈ માર્ગે તેના આત્માનો વિકાસ એટલી ત્વરાથી પ્રાયઃ સુલભ નથી.

માટે જ, આર્યસંસ્કૃતિએ આર્ય મહિલાઓને પ્રાણને ભોગે પણ શિયળ સાચવવા ખાસ પ્રેરણા પાઈ છે.

સર્વશિરોમણિ તે શીલધર્મની ઉપાસના તે લજ્જાગુણના વિવેકયુક્ત સેવનથી અતિ સરલ બની જાય છે. અને તે શીલધર્મની સુંદર ઉપાસના વડે વ્યક્તિનો આત્મા ક્રમશઃ મૂળસ્વભાવમાં સ્થિર થાય છે. અને અંતે શાશ્વત શાંતિ પ્રાપ્ત કરે છે.

વિવેકયુક્ત બંધન–મર્યાદા વિના વ્યક્તિનો વિકાસ શક્ય જ નથી. વ્યક્તિના જાતીય સ્વભાવ મુજબ બંધન અવશ્ય હોવું જોઇએ. તે આર્ય સંસ્કૃતિએ વ્યક્તિના કલ્યાણાર્થે જાતીય સ્વભાવ મુજબ, જે મર્યાદાઓ રચી છે; તેને અનુસરવામાં જ વ્યક્તિ, સમાજ, રાષ્ટ્ર અને વિશ્વનું હિત છે.

પૂર્વે વિચાર્યું તેમ, સ્ત્રીજાતિના ચંચળ સ્વભાવને કારણે, તે અટપટાં વ્યવહારમાં કે રાજદ્વારી ક્ષેત્રે ટકી શકે તેમ નથી. વળી તે સ્ત્રીજાતિને તે ક્ષેત્રે ખડી કરવામાં રાષ્ટ્રને એકાંતે લાભ નથી. કારણ કે, તે ક્ષેત્રે ઉપસ્થિત થતાં ભયંકર ઘર્ષણોથી તે ક્ષેત્ર ખેડનાર હરકોઇનો સ્વભાવ વધુ ને વધુ કઠોર બની જાય છે.

સ્ત્રીજાતિ પણ તે ક્ષેત્રે ખડી રહે તો તેના હૈયામાં જે વાત્સલ્યભાવ છે, તે એ ભયંકર ઘર્ષણોથી ક્રમે ક્રમે હણાઇ જાય. અને તે સ્ત્રીજાતિ કઠોર બની જાય. પરિણામે તેની કૂખે રહી સંસ્કાર પામતો ગર્ભ કઠોર બને. ક્રમે ક્રમે તે માનવજાત રાક્ષસ બની જાય. પરિણામે સર્વત્ર અશાંતિ ફેલાય. માનવ જીવનની મઝા સમૂળગી ચાલી જાય.

સ્ત્રીજાતિ ઘર છોડી બહારનું ક્ષેત્ર વધુ ને વધુ ખેડશે, તો તેનું પરિણામ એ પણ આવશે, કે બાળઉછેરને ભારે હાનિ પહોંચશે. પરિણામે રાષ્ટ્રની ઉગતી પ્રજા બળ અને સંસ્કારહીણ બનશે. તો મોડું થાય તે પહેલાં આપણે, આપણી તે ભૂલો સુધારી લેવાની જરૂર છે.

એટલે કે જે જેને લાયક હોય, તે તેને પોતાનો અધિકાર સમજી કરવું જોઇએ. તેમાં સ્ત્રીપુરુષના સમાન અધિકારની ખોટી હુંસાતુંસી તો ઊલટું આપણું ઘોર પતન નોતરશે.

વ્યક્તિમાં જે જાતીય સ્વભાવ પડયો છે. તે જાતીય સ્વભાવ દુર્ગુણો ભણી ખેંચી ન જાય, તે વાસ્તે આપણે સર્વેએ ખાસ સાવધાન રહેવાનું છે. તે માટે આર્ય સંસ્કૃતિની પ્રણાલિકાને વિવેકયુક્ત રીતે અનુસરવું તે વધુ હિતાવહ છે.

# ❋ પ્રભુપૂજા પ્રશ્નોત્તરી ❋

પૂ. પંન્યાસજી ચરણવિજયજી ગણિવર

પ્ર૦ જિનમંદિરમાં અન્ય દર્શનવાળા દર્શન કરવા આવે તેથી લાભ ન થાય એ પણ બનવા યોગ્ય છે, પરંતુ ગમે તે મનુષ્યો જિનમંદિરમાં આવે તેથી નુકશાન શું થાય ?

ઉ૦ જૈનધર્મની શ્રધ્ધાવાળા ગમે ત્યારે ગમે તેટલા આવે તેઓ જરૂર ધર્મ પામી જાય છે, કદાચ પામે નહિ તો નુકશાન તો કરે જ નહિ. બાકીના બીજાઓ જૈનધર્મ પ્રત્યે મોટા ભાગે ઇર્ષ્યા અને સૂગવાળા હોય છે. જિનેશ્વર દેવો વીતરાગ હોવાથી તેમની મૂર્તિમુદ્રા પણ વીતરાગતાની સૂચક છે આવું પ્રાયઃ કોઇ જાણતા નથી. પરંતુ હજારો માણસો જૈનોના ભગવાન નાગા છે. આવું મશ્કરીમાં અનેકવાર બોલતા સંભળાય છે.

હવે જો આવા માણસોનો ચમત્કારાદિ પ્રસંગો પામીને વધારે પડતો અવર–જવર થાય તો જૈનધર્મના અજાણ માણસો પાસે અજૈન વિધિએ પૂજાઓ ભજન, કીર્તનો વગેરે ખુબ થવા લાગે એમ થવાથી કાળાન્તરે તે તે સ્થાનો આપણે છોડવાં પડે !

પ્ર૦ તો પૂજારીઓ પણ આપણા જિન-મંદિરોમાં નવાણુ ટકા જૈનો હોતા નથી તેનું કેમ ?

ઉ૦ કાર્યવાહકોની દેખરેખના અભાવે ચારૂપ (પાટણ પાસે) તીર્થનું કડવું પ્રકરણ અનુભવ્યું. કેસરીયાજીનું અને ચાલુ સાલમાં બનેલી રતલામની ઘટના આપણા ચિત્તને ખુબ દુઃખ ઉપજાવે તેવી છે. બેદરકારી કાર્ય-વાહીના કારણે આવા કડવા અનુભવો ભૂતકાળમાં પણ બન્યા છે. આ બધા સ્થાનોમાં આપણા તરફથી પૂજારીઓને વધુ પડતી મળેલી છુટનો દુરૂપયોગ છે.

પ્ર૦ તો પછી આપણાં તીર્થો કે મંદિરો કોઈને જોવા દેવાં વ્યાજબી નથી ?

ઉ૦ જોવા દેવાની મનાઇ હતી પણ નહી, છે પણ નહિ, હોવી પણ ન જોઈએ. પરંતુ ધર્મના જે સિધ્ધાન્તો–રીવાજો–કાયદાઓ બંધારણ–હોય તે અભરાઈએ ન મુકતાં સાચ-વવાં જોઇએ.

અને એ નિયમ મુજબ ભૂતકાળમાં કે વર્તમાનમાં શત્રુંજય અને આબૂ આદિ તીર્થોમાં જોવા આવનાર ઘણા આવે છે. અને જિના-લયના અનુભવી સાથે રહીને તેમને અનુભવ-પૂર્ણ સમજણ આપીને દેખાડે છે. અથવા વસ્તુઓ બતાવે છે.

પ્ર૦ આપણે જૈનોએ ભૂતકાળમાં આપણાં તીર્થો ખોયાં અથવા છોડી દીધાના દાખલા છે?

ઉ૦ હા જુઓ, બદરી–કેદાર નામનું હિંદુઓનું મોટું તીર્થ છે. તે મહારાજા રાવણની બદરી નામની દાસી અને કેદાર નામના તેના પુત્રે કરાવેલ પાર્શ્વનાથ સ્વામીની પ્રતિમાથી ભૂષિત છે. તે તીર્થ આજે હજારો વર્ષોથી જૈનેતરોના હાથમાં છે. અને અજૈનવિધિએ પૂજા અનુષ્ઠાન થાય છે તે બદરી–કેદાર પાર્શ્વ-નાથનું ચમત્કારી તીર્થ જાહેર થયું, લોકો ચમત્કારથી આકર્ષાણા; અને જૈનવિધિ માર્ગ

ભુંસાણો અને ગતાનુગતિકતા શરૂ થઈ.

તથા પ્રભાસપાટણ પાસે ગોરખમઢિમાં નેમનાથ પ્રભુનાં પ્રતિમાજી છે, શંખેશ્વર નજીક ભોરવાડામાં મોટા જૈન પ્રતિમાજી છે, આ દરેક જગ્યાએ અજૈનો અજૈન વિધિએ પૂજા–અર્ચા કરે છે.

આ સિવાય કેક જગ્યાએ પ્રતિમાજીને ઉઠાવી નાખી શીવાલયોની સ્થાપના થઇ છે તેવા પણ ઉજ્જૈનના મહાકાળ જિનમંદિર વગેરેના દાખલા ઇતિહાસપ્રસિદ્ધ છે. અને અત્યારની શોધખોળથી ઘણી જુની દટાએલી બાબતો જાણવા મળે છે. તેમજ ઘણા ગામોમાં મંદિરોને બારીકાઈથી જોવાય તો ભૂતકાળનું જૈનમંદિર હતુ એમ ચોખ્ખું જણાય છે, જે આજે શીવમંદિર તરીકે વપરાય છે. ઘણી ઘણી જગ્યાએ અંબાદેવીઓ કે અન્યદેવીઓ જૈન હતી તે આજે અજૈન વિધિએ પૂજાય છે અને બળીદાનો થાય છે.

પ્ર૦ ભગવાન શ્રી જિનેશ્વરદેવની મૂર્તિને પ્રક્ષાલન કરતી વખતે કેટલાકો વાળાકુંચી ઘસે છે તે બરાબર છે?

ઉ૦ બરાબર નથી પ્રભુપ્રતિમાને વાળાકુંચી ઘસવાથી લાંબા કાળે પ્રતિમાજીને મોટો ઘસારો પહોંચે છે. વળી વાળાકુંચી ઘસવી તે પ્રભુની આશાતનાનું કારણ છે. જેમ ગમે તેટલો મેલ હોય તો પણ આપણા શરીરે વાળાકુંચીનો ઘસારો આપણે સહન કરી શકતા નથી. ચામડીમાં ઉઝરડા થાય છે. ચામડી લાલચોળ થઇ જાય છે, તેમ પ્રભુજીની પ્રતિમા ઉપર વાળાકુંચી અડાડતાં પણ ભગવાનના શરીરને નુકશાન થશે એટલે આશાતના થશે એમ વિચાર કરવો જ જોઇએ.

પ્ર૦ તો પછી જિનાલયમાં વાળાકુંચી રાખવાનો હેતુ શો?

ઉ૦ શ્રી જિનેશ્વરદેવની પ્રતિમામાં કોઇ ઠેકાણે કેશર વિગેરે ભરાઇ જાય છે. તે અંગલુહણાંથી કે પાણીના છંટકાવથી પણ ન નીકળે તેવા સ્થળે જાળવીને વાળાકુંચીનો ઉપયોગ કરવાથી મેલ ન ભરાઇ રહે, અને સ્વચ્છતા સચવાય તે કારણે વાળાકુંચી રખાય છે.

પ્ર૦ તો પછી પ્રારંભમાં વાળાકુંચી વાપરવી નહિ તો પ્રક્ષાલન શી રીતે કરવું?

ઉ૦ શ્રી જિનેશ્વરદેવોની પ્રતિમાજી તમામને મોરપીંછી કર્યા પછી દુધથી કે દુધ તથા પાણી મિશ્ર કરી પ્રક્ષાલન કરવું જોઈએ. બધા પ્રતિમાજી ઉપર દુધ–પાણીનો પ્રક્ષાલ કર્યા પછી પ્રતિમાજી ઉપર ગઈ કાલે કરેલ પૂજાનું સુકાઈ ગયેલ કેસર પલળવાથી લીલું થઇ જાય છે.

પછી સુંવાળા અંગલુંહણા પ્રતિમાજી ઉપર ફેરવવાથી અને પાણીની ધારા ચાલુ રહેવાથી પ્રતિમાજી સ્વચ્છ થઈ જાય છે. તે દરમ્યાન પણ ધાતુના પ્રતિમાજીમાં કે નાની પાષાણ. પ્રતિમામાં કેશર ભરાઇ રહેલું જણાય તો ઉપયોગપૂર્વક વાળાકુંચીનો ઉપયોગ કરવાથી કેશર વગેરે કયાંઇ ભરાઈ રહેતું નથી. તથા પખાળ થઈ રહ્યા પછી પાટલુહણાંથી ભીંતો અને પબાસણ બહુ જોર આપીને લુહવાં પરંતુ પ્રક્ષાલ પૂજા કરનાર કે પૂજારી ભાઇએ પાટલુહણું ભગવાન (પ્રતિમાજી) ના શરીરે ન સ્પર્શી જાય તે માટે બરાબર ધ્યાન રાખવું જોઇએ.

પ્ર૦ પ્રતિમાજીને ચોટક કરતી વખતે

કાળજી રાખવાની હોય તે બતાવો.

ઉ૦ પ્રભુજીને ચોટક કરતી વખતે કેટલાક અણુશીખાઉ સલાટ-કડીઆઓ પ્રતિમાજીના નીચે કોતરેલા અક્ષરો દાટી નાખે છે. તથા લાંછન પણ દબાઇ જાય તેમ સીમેન્ટ ચોપડી દે છે. આ રીત બરાબર નથી, પરંતુ અક્ષરો અને લાંછન ખુલ્લાં રહે તે મુજબ પ્રભુજીને ચોટક કરાવવા જોઇએ.

તથા કેટલીક જગ્યાએ પ્રતિમાના બે હાથ વચ્ચેના ખાલી ભાગોમાં સીમેંટ કે ચુનો ભરાવી દેવાય છે. કેક જગ્યાએ પ્રતિમાજીનો પાછળનો ભાગ સીમેંટથી ચોડી લેવાય છે. આ બધું વ્યાજબી નથી. પ્રભુજીનો પદ્માસનની નીચેનો ભાગજ ચોટક કરાય છે. આ સિવાય તમામ બાજુ ખુલ્લી રખાય છે તે કાર્યવાહક મહાનુભાવોએ ધ્યાનમાં લેવા યોગ્ય છે.

પ્ર૦ અત્યારના કાળમાં જિનાલયોમાં ચાંદીની મૂર્તિઓ અને સિધ્ધચક્રો ઘણા જોવામાં આવે છે, પરંતુ તે ચાલુ દશવીશ-ચાલીશ વર્ષના જ દેખાય છે. તો શું આગળના વખતમાં લોકોને ચાંદીની મૂર્તિઓ કરાવવાનાં સાધનો નહિ મળ્યાં હોય ? પચીસ-પચ્ચાસ વર્ષ પેલાની ચાંદીની મૂર્તિ કે સિધ્ધચક્રજી ભગવાન કયાંય જણાતા નથી તેનું શું કારણ ?

ઉ૦ ભૂતકાળમાં ચાંદીની તો શું પરંતુ સોનાની અને રત્નની મૂર્તિઓ બનાવવાનાં સાધનો ઘણાં હતાં. લોકો ધનવાન પણ ખુબ હતા. શ્રદ્ધા પણ અત્યાર કરતાં ઘણી અજબ હતી, પરંતુ ચાંદીની કે સોનાની પ્રતિમાઓ ઘણું કરીને (અતિધનવાન કે શ્રદ્ધાવાનને છોડીને) ભરાવવાનો રીવાજ અતિ અલ્પ હતો. અને તેનું કારણ એ જ કે ચાંદીની કે સોનાની ધાતુ અતિપોચી-મોળી ધાતુ લેખાય છે. તેથી તે પ્રતિમાઓ જલદી ઘસાઇ જવાથી મુખ અને ચક્ષુ વિગેરે આકારો ઘસાઇ જાય છે.

પ્ર૦ આજકાલ છેલ્લાં કેટલાંક વર્ષોથી જિનાલયોમાં રંગરોગાન અને ચિત્રો કરાવવાના રિવાજો દેખાય છે તે બરાબર છે ?

ઉ૦ બરાબર નથી. ખરી વાત તો એ છે કે જિનાલયોમાં એકઠાં થએલ દ્રવ્ય વડે દેરાસરનો જીર્ણોદ્ધાર કરાવવો જોઇએ. વિશેષ સગવડ હોય તો ચારે બાજુ અંદર કે બહાર આરસ નખાવવો જોઇએ. પબાસણો વગેરે આરસનાં કરાવવાં જોઇએ, આ બધા સુધારા કરાવવામાં જુનું શિલ્પ નાશ ન થવા દેવાની કાળજી પણ રાખવી જોઇએ.

પ્ર૦ નવીન જિનાલય કરાવવામાં કે જીર્ણોદ્ધાર કરાવવામાં કેટલાંક ગામોમાં સલાટ લોકો તદ્દન ઓછો ખર્ચ બતાવે છે. અને પછીથી ત્રણ-ચાર ગણો ખર્ચો થવા છતાં કામ પૂર્ણ ન થવાથી લોકો કંટાળી જાય છે તેનું કેમ ?

ઉ૦ ઘણા ખરા કારીગરો પોતાનો પેટભરો ચલાવવા લોકોને ખરો માર્ગ સમજાવતા નથી. અને મોટા ખર્ચામાં ઉતારી મુકે છે. તેથી ખર્ચામાં ન પહોંચી વળે તેવાં કેટલાંએ ગામોમાં કામ અધુરાં રહેવાથી લોકોના ખર્ચાએલા પૈસા પણ નકામા જાય છે. માટે જે ગામના મહાનુભાવોએ જીર્ણોધ્ધારાદિ કરાવવાં હોય તેમણે કડીયા સલાટોની પણ પૂર્ણ પરીક્ષા કરીને કામ શરૂ કરવાં, નહિતર ઘણા ગામોનાં હજી અધુરાં, રખડતાં અને ખોરંભે પડેલાં કામો જોઇ દુ:ખ થાય છે.



# હારની જિત.

## પૂ. મુનિરાજ શ્રી ચન્દ્રપ્રભસાગરજી મહારાજ. ( ચિત્રભાનુ )

ચંડરુદ્ર એટલે ચંડરુદ્ર ! ક્રોધ એ તો એમનો જ. એ જમાનામાં એમના જેવા અજોડ તપસ્વી કોઇ નહિ તો એમના જેવા અજોડ ક્રોધી પણ કોઇ નહિ ! એમની આંખ ફરે અને શિષ્યો ફફડી ઉઠે, એમની હાક પડે ત્યાં શિષ્ય થંભી જાય.

ફુલ અને ફળથી લચી પડતી વેલડીઓવાળા અવન્તીના ઉપવનમાં આચાર્ય ચંડરુદ્ર વિહાર કરતા આવી ચઢ્યા. ઉપવનનું મનોહર શાન્ત વાતાવરણ જોઇ એમનું ચિત્ત ત્યાં ઠર્યું. માણસોની ધમાલ ભરેલી પ્રવૃત્તિથી ત્રાસેલા ચંડરુદ્રને કુદરતના વાતાવરણે ઠાર્યા. એમણે એક વિશાળ વડલા નીચે પોતાની બેઠક જમાવી. ઉપવનનો સુગન્ધમિશ્રિત શીતળ વાયુ એમના શરીર સાથે ગેલ કરવા લાગ્યો ત્યારે એમનો આત્મા વિચારોની દુનિયામાં વિહરવા ઉપડ્યો:—

આજે સંયમ લીધાને ચાળીસ વર્ષ થયાં. દેશદેશમાં વિહાર કર્યો, લાખ્ખોને ઉપદેશ દીધો, કાજળને પણ ધોઇને ધોળું કરે એવી ઉજ્જવળ કીર્તિ મેળવી, અનેક માણસોને શિષ્ય બનાવ્યા, શિષ્યો અને ભકતોનું એક મોટું મંડળ ઉભું કર્યું. આ બધી બાહ્ય પ્રવૃત્તિમાં આત્માને તો હું સાવ જ વિસરી ગયો. હાય રે ! મેં જગતને પ્રબોધ્યું પણ મારો આત્મા તો ક્રોધ અને કીર્તિના મોહમાં ડુબી ગયો !

આજે તો ગણ્યા ગણાય નહિ એટલા તો શિષ્યો છે. એમાંથી રોજ કો'કની ભૂલ તો થાય જ. એ ભૂલ હું જોઇ શકતો નથી. ટોકયા વિના રહી શકતો નથી. અને એકવાર કહ્યા છતાં પણ ન સુધરે એટલે હું ક્રોધ કર્યા વિના રહી શકતો નથી. આ સંયોગોમાં શિષ્યો તો સુધરે કે ન સુધરે પણ હું તો ક્રોધ કરી મારું આત્મ-ધન સ્પષ્ટ રીતે ખોઈ રહ્યો છું. એના કરતાં આ સાધુઓમાંના એક યોગ્ય સાધુને ગણનો નાયક બનાવી, એને જ આ સમુદાય સોંપી, હું આ પ્રકૃતિ-મૈયાના શાન્ત ખોળામાં ચિન્તનમય જીવન કાં ન વ્યતીત કરું ?

આ વિચાર એમણે રાત્રે પોતાના શિષ્યોને જણાવ્યો. શિષ્યો આ વાત સાંભળી અતિ પ્રસન્ન થયા. આ માર્ગ સૌને સુખદ લાગ્યો. યોગ્ય સમયે ગુરુની ભક્તિ પણ થાય અને વારેઘડીએ ગુરુના ક્રોધના ભોગ થતાં પણ બચી જવાય. સૂર્યની જેમ ગેરહાજરી સારી નથી, તેમ સૂર્યની ચોવીસ કલાકની હાજરી પણ સારી નથી. ગુરુની દેખરેખ વિનાનું જીવન ખરાબ છે, તો ગુરુની અતિ દેખરેખવાળું જીવન પણ એટલું જ ખરાબ છે ! અને તેથીજ સૌને આ મધ્યમ માર્ગ ગમી ગયો.

આ બનાવ પછી ત્યાગી જીવનના પ્રવાસીઓના દિવસો ખૂબ સુંદર રીતે અને શાન્ત રીતે પસાર થવા લાગ્યા. સૌ પોતાની આધ્યાત્મિક પ્રવૃત્તિમાં મસ્ત હતા. પણ એમાં એક દિવસ રંગ જામ્યો, રંગ એવો જામ્યો કે જીવનમાં કદી ન ભૂલાય તેવો !

વાત એમ બની કે અવન્તીના ધનાઢ્ય વેપારીના પુત્ર ધનપાલના એ દિવસોમાં લગ્ન થયાં. નવો પરણેલો ધનપાલ પોતાના મિત્રો સાથે ક્રીડા કરવા નીકળ્યો. કંકુ, મેંદી અને આભૂષણોથી શોભતો એ મુનિઓના સ્થાન પાસે આવી ચઢ્યો. તાજા જ કરેલા લોચથી તદ્દન ટાલ જેવા માથાવાળા મુનિઓને જોઈ એના મિત્રો ગમ્મતે ચઢ્યા, એની સાથે ધનપાલ પણ તોફાને ચઢ્યો. સમર્થ માણસો વાતાવરણને ઘડે છે, પણ અસમર્થ માણસોને તો વાતાવરણ ઘડે છે. લગ્નના ઉન્માદ ભરેલા વાતાવરણે ધનપાલને પણ તોફાની બનાવ્યો.

"ભગવાન ! સજ્જનોથી પૂજિત અને સુખને દેનાર ધર્મ અમને આપ ન સંભળાવો ?" મિત્ર સામે આંખનો ઇશારો કરતા રમણે કહ્યું. એક મુનિને

"મહારાજ! આ તાજો જ પરણેલો છે, પણ એનું મન સંસારથી વિરક્ત છે, આ પરણ્યો નથી પણ પરણવું પડયું છે, આને વિષયો વિષ જેવા કારમા લાગે છે, સંસારના આ ઉદ્દાસી આત્માને આપ દીક્ષા આપી આનો ઉદ્ધાર ન કરો ?' બીજાએ કટાક્ષ કરતાં કહ્યું.

આ યુવાનોના બોલવાના રંગ પરથી ચકોર સાધુઓ બરાબર સમજી ગયા. આ ધર્મ સાંભળવા નથી આવ્યા પણ માત્ર વિનોદ કરવા જ નીકળ્યા છે. પણ આ જીવનપંથ ભૂલેલાઓને ખબર નથી કે આ સ્થાન વિનોદનું નથી—પણ માર્ગભૂલેલાઓ પવિત્ર સ્થાનને પણ અપવિત્ર સ્થાન બનાવી મૂકે છે, ત્યાગના ધામને પણ ભોગનો અખાડો બનાવી મૂકે છે, વૈરાગ્યના સાધનોને પણ ઉપહાસ્યના સાધનો માની બેસે છે !

સાધુનું મૌન જોઈ, ઠાવકું મોં રાખી, પ્રમોદે બનાવટ આદરીઃ "પ્રભો ! આપ તો દયાસાગર ! આ કેદીને શું આ સંસારના કેદખાનામાંથી આપ બહાર નહિ કાઢો ?"

સાગરની ભરતીની જેમ ઉપહાસ્ય પણ સ્થાન અને કાળની મર્યાદા માંગે છે, સ્થાન અને કાળની મર્યાદા ભૂલાય તો માણસની એ જ સ્થિતિ થાય છે, જે પ્રલય વખતે પૃથ્વીની થાય છે.

"દીક્ષાની વાત અમારા હાથમાં નથી. પે...લા આશોપાલવના વૃક્ષ નીચે બેઠેલા અમારા ગુરૂશ્રી છે, એમની પાસે જાઓ. એ તમને જે જોઈએ તે આપશે" આચાર્ય ચંડરુદ્રને ચિંધતા એક મુનિએ યુવકોને કહ્યું.

ધાસ મળે તો અગ્નિ ભભૂકે પણ એને જો કાંઈ સાધન ન મળે તો અગ્નિને પોતાને જ બળીને અન્તે શાન્ત થવું પડે છે, તે જ રીતે મશ્કરી કરનારને પણ સામેથી ક્રોધથી ઉત્તર મળે તો એને ઉત્તેજન મળે પણ એનો ઉત્તર શાન્તિથી મળે તો મશ્કરી કરનારને નિરાશ થવું પડે છે.

આ મુનિમંડળ આગળ નિરાશ થયેલું યુવકવૃન્દ, પોતાની મસ્તીમાં મસ્ત બેઠેલા આચાર્ય ચંડરુદ્ર પાસે આવ્યું:–"સ્વામિન્ ! આ અમારો મિત્ર સંસારના દાવાનળમાં સળગી રહ્યો છે, અને એમાંથી બચવા માટે આપના ચરણકમળનું શરણ શોધતો આ આપની પાસે આવ્યો છે. આપ કૃપા કરી આને ઉગારો." ઉપહાસ્ય ભર્યું નમન કરતો હસમુખ ધનપાલનો હાથ પકડી ગુરૂચરણ પાસે લઈ ગયો, અને કહેવા લાગ્યોઃ 'આજે જ અત્યારે જ, આને દીક્ષા આપી આનું કલ્યાણ કરો.'



શાંત બેઠેલા ચંડરૂદ્રને આ મશ્કરી અતિ ક્રૂર અને અનુચિત લાગી. ઉપહાસ્ય કરતા, યુવકવૃન્દને જોઈ એ ધૂઆંપૂઆં થઇ ગયા. એમનો ક્રોધ સોળે કળાએ ખીલી ઉઠયોઃ "દીક્ષાની ભાવના હોય તો જાઓ થોડી રાખ લઈ આવો, જેથી લોચ–મુંડન કરૂં." તે ગર્જી ઉઠયા.

ગંભીર મૌન જેમ ઉપહાસ્યના અગ્નિને ઠારનાર પાણી છે, તેમ ક્રોધ એ ઉપહાસ્યના અગ્નિને વધારનાર બળતણ છે !

ઉપહાસ્યના હીંડોળે હીંચતા હસમુખે રાખ હાજર કરી, ક્રોધના આવેગમાં આવી, ચંડરૂદ્ર બંને હાથથી, બને એટલા જોરથી પકડી, લોચ કરવા મંડી પડયા. પેલો ચીસો નાખવા લાગ્યોઃ "અરે, બાપ મરી ગયો. હવે તમારી કદી મશ્કરી નહી કરું, આ તો હસવામાંથી ખસવું થાય છે, મને માફ કરો..." પણ ચંડરુદ્ર શેના સાંભળે, એની ચીસો સાભળે તો પછી એ ચંડરુદ્ર શેના ? એમણે તો જોત–જોતામાં વાળ ખેંચી કાઢયા, માથું મુંડી કાઢયું. વરરાજાનું મુંડાયેલું માથું જોઇ સૌ ખિન્ન થયા; પણ આ ધમાલમાં ધનપાલનો આત્મા જાગી ઉઠયો;–

"મેં આ શું કર્યું ? એક ત્યાગીનું ઉપહાસ્ય ! જે શાન્ત બેઠેલા તપસ્વીઓને, કસોટી કરવાના બહાને, ચીડવવા જાય તેને યુવાન કેમ કહેવાય ? યુવાન તો તે કે જે વૃદ્ધ, સ્ત્રી અને સંયમીઓનું રક્ષણ કરે; પણ એ રક્ષક યુવાન જ પોતાની મર્યાદા મૂકે તો પછી જગતને આધાર કોણ ? શું એ રક્ષક જ ભક્ષક બનશે ! પણ હજુ કંઈ બગડયું નથી. સારું જ થયું છે ! જેમ શાન્તિની પહેલાં અને પછી તોફાન અનિવાર્ય હોય છે, તેમ સંયમની પણ પહેલાં આવા બનાવો અનિવાર્ય

બની જાય છે. હવે તો સ્વીકારેલો પંથ સફળ જ બનાવું" આમ વિચારી એણે પોતાના મિત્રોને કહ્યું. " મિત્રો ! શાન્ત થાઓ, અશાન્તિ ન કરો, ધમાલ કરવી વ્યર્થ છે. જે બનવાનું હતું તે બની ગયું. હવે ભવિષ્ય માટે વિચાર કરવો રહ્યો. આ મશ્કરી પણ મારા માટે તો કલ્યાણકર જ નીવડી છે. મરવા માટે ખાધેલ પદાર્થ અમૃતનો ઘુંટડો નીવડયો, આ પણ પુણ્યનો પ્રભાવ છે ને ! જગતના પદાર્થોમાં આનંદ પછી શોક હોય જ. લગ્નનો આનંદ પણ એક દિવસ તો વિયોગના શોકમાં સર્જાવા માટે જ જન્મ્યો છે ને ! તો પછી જે મોડો થવાવાળો વિયોગ વહેલો થાય તો અતિ શોક શામાટે કરવો ? વળી આપણે કહ્યું અને આચાર્યશ્રીએ લોચ કર્યો, એમાં એમનો શો દોષ ? અને કહેલું વચન પાળવું એ સજ્જનનું કર્તવ્ય છે. વચનભંગ કરનાર માનવ એ માનવ નહિ, પણ માનવના વેશમાં દાનવ છે. માટે હું તો સ્વીકારેલા આ પંથનો પ્રાણાન્તે પણ ત્યાગ કરીશ નહિ. તમે સૌ શાન્તિપૂર્વક ઘેર જઇ શકો છો. જે વસ્તુ વમી નાખી–ઓકી નાખી–તે વસ્તુની ફરી ઇચ્છા કરવી એ તો શ્વાનનું કામ, માણસનું નહિ !

ધનપાલનું આવું શ્રદ્ધાપૂર્ણ વકતવ્ય સાંભળી સૌ વિસ્મિતમને વિદાય થયા, યુવકોનાં મંથન અને આશ્ચર્યનો પાર ન રહ્યો.

સૂર્યનારાયણ પશ્ચિમનાં દ્વાર ઉઘાડી ઘરમાં પ્રવેશ કરી રહ્યો હતો. સંધ્યા એની પાછળ પાછળ ચાલી આવી રહી હતી. નારંગીના રંગની સાડી ઓઢીને ઘરમાં પ્રવેશ કરતી સંધ્યાને જોઈ, પંખીઓ પણ પોતાના માળામાં પ્રવેશ કરી રહ્યાં હતાં. શરમાળ સન્ધ્યા અંધકારનો સાળુ ઓઢી અંધારામાં અદૃશ્ય થઇ. ત્યારે મુનિ ધનપાલે આચાર્ય ચંડરુદ્રને કહ્યું.

" ગુરૂદેવ ! મારે આપની પાસે એક નમ્ર અરજ કરવી છે. મને મારા કોઇ મહાભાગ્યના ઉદયથી આ પવિત્ર સંયમ મળ્યો છે. પણ મને મારા કુટુંબનો મોટો ભય છે. હું મારા પિતાનો એકનો એક જ પુત્ર છું, અને તાજો જ પરણેલો, એટલે આ સંયમના સમાચાર એમને મળતાં જ, એ મને લઈ જવા હમણાં જ આવશે. મોહમગ્ન માણસો મને ધ્યેયથી ચલિત કરવા અનેક ઉપદ્રવો કરશે, માટે આ સ્થાન છોડી દેવું મને યોગ્ય લાગે છે, પછી જેવી આપની ઇચ્છા. "

" ભાઇ ! સમુદાય મોટો છે, બાળ અને વૃદ્ધ સાધુઓ મારી સાથે ઘણા છે; એ બધા અત્યારે એકદમ વિહાર કેમ કરી શકે ? " મૂંઝવણથી હાથ પર મોં ટેકવી આચાર્યે કહ્યું.

" તો આપણે બે જણ અહિંથી વિહાર કરીએ તો ? સાધુ સમુદાયને એક મહામુનિને ભળાવી આપશ્રી મને સાથે લઈ વિહાર કરવા કૃપા ન કરો ? જો કે આથી આપને જરા કષ્ટ સહન કરવું પડશે, પણ આપણે ધમાલમાંથી ઉગરી જઈશું. " નવો ઉકેલ કાઢતા ધનપાલે કહ્યું.

"આ માર્ગ ઠીક છે..." પ્રસન્ન થયેલ આચાર્યે કહ્યું. રજની ધીમે ધીમે જામતી જતી હતી. જગત અન્ધકારમાં લપેટાતું જતું હતું. મુનિ ધનપાલ ચાલ્યો જતો હતો અને એની પાછળ લાકડીને ટેકે ટેકે વૃદ્ધ આચાર્ય ચંડરુદ્ર ચાલ્યા જતા હતા. એ કાજળ ઘોળ્યા અન્ધારામાં એક ખાડો આવ્યો, એમાં ઓચિંતા આચાર્ય ચંડરુદ્ર ગબડી પડયા. શિષ્યે એમને ધીમેથી ઉઠાડયા, ધૂળ ખંખેરી, ધીમેધીમે ફરી ચાલવા લાગ્યા થોડે દૂર ગયા ત્યાં ઝાડના એક ઠૂંઠા સાથે જોરથી આચાર્ય અથડાઇ પડયા. અને એવી ઠોકર વાગી કે પગની આંગળીમાંથી લોહીની ધારા વહેવા લાગી. અને આ વેદનાથી વિહ્વલ બનેલા ચંડરુદ્રનો દબાયેલો ક્રોધ, કરંડિયામાંથી સાપ ઉછળી પડે તેમ ઉછળી પડયો.

"ઓ દુષ્ટ ! આ તેં શું કર્યું ! મેં તને નહોતું કહ્યું કે પહેલા જઇને રસ્તો જોઈ આવ ? આ ખાડા-ટેકરાવાળા ઉન્માર્ગે મને શું કામ લઇ આવ્યો ? હું શાન્તિથી અવન્તીમાં બેઠો હતો, પણ તારી દીક્ષાના કારણે મારે આ અંધારી રાત્રે આમ ભાગવું પડયું. અને આ વૃદ્ધાવસ્થામાં તારા માટે હેરાન થવું પડયું; પણ દુષ્ટ, તું માર્ગ જોઇ ન આવ્યો." આમ કહી ક્રોધથી ધમધમતા ચંડરુદ્રે ડંડાથી એના માથા પર પ્રહાર કર્યો. જાત પરનો કાબૂ ખોવો એનું નામ ક્રોધ ! ક્રોધ આવે ત્યારે જ્ઞાની અને અજ્ઞાનીનું અન્તર મટી

જાય છે–બન્ને એકજ કોટિના ! તાજો જ લોચ કરેલો હતો, માથું આળું હતું, દંડાનો જરાક પ્રહાર થતાં જ એકદમ માથામાંથી લોહી ધસી આવ્યું. કોણ જાણે લોહી જ એના જીવનની દશા પલટાવવા નહિ પ્રગટયું હોય !

આવો ઘા વાગવા છતાં ધનપાલ શાન્ત જ રહ્યો. એ વિચારવા લાગ્યો: હાય રે ! હું કેવો ઉપદ્રવી ! આ મહાભાગ્યશાળી આચાર્ય સાધુસમુદાયમાં શાન્તિથી સંયમજીવનમાં વિહરી રહ્યા હતા. મેં આવી આમને અન્ધારી રાતે ઉપાડયા. અને મુશીબતની ઊંડી ખાડીમાં ઉતાર્યા. આ પાતકમાંથી હું મુક્ત કઈ રીતે થઇશ ? કયાં એ ભક્તિભર્યા હૈયે આજન્મ સેવા કરનારા પવિત્ર શિષ્યો અને કયાં હું પ્રથમ દિવસથી જ પીડા આપનાર અધમ શિષ્ય ? હવે હું ખૂબ સંભાળી ગુરૂશ્રીને દોરુ કે જેથી આમને જરા પણ વ્યથા ન થાય !'' આમ ગુરૂશ્રીનું ભલું ઇચ્છતો અને આત્માને ધિક્કારતો એ ખૂબ સંભાળપૂર્વક ચાલવા લાગ્યો. એનું મન પવિત્ર ઉર્મિઓમાં વારંવાર ડૂબકી મારવા લાગ્યું. પશ્ચાત્તાપના પવિત્ર ઝરણામાં એ ફરી ફરી સ્નાન કરવા લાગ્યો. કર્મનો મેલ એના આત્મા પરથી નીકળી ગયો. જીવનમાં અન્તરાય કરતું અંધારૂં દૂર થયું. પ્રકાશ ઝળહળી ઉઠયો ! અનન્ત જ્યોતથી પ્રકાશતો કેવળજ્ઞાનનો દીપક એના હૈયામાં પ્રકાશી ઉઠયો !

પૂર્વના દરબારના દરવાજા ઉષા ખોલી રહી હતી. સૂર્યના આગમનની તૈયારીઓ થઈ રહી હતી. લંગડો અરૂણ ચારે બાજુ કુમકુમ વેરી રહ્યો હતો. પંખીઓ સ્વાગતનાં ગીત લલકારી રહ્યા હતા, એવામાં સૂર્યનો રથ-સૂર્યનારાયણના ઘોડાની ખરીથી ઉડેલી પ્રકાશની ધૂળના ગોટે ગોટા ઉડાડતો દેખાણો. એ પ્રકાશના ગોટા મુનિ ધનપાલના માથામાંથી નીકળતા લોહીના રંગ સાથે હરીફાઇ કરી રહ્યા હતા. તે જ વખતે આચાર્ય ચંડરુદ્રની નજર એ લોહી ખરડાયલા શિષ્યના માથા પર પડી, એ દૃશ્ય જોતાં જ આચાર્ય ધ્રુજી ઉઠયા. એનો આત્મા પોકારી ઉઠયો: ''હાય રે ! આ શું ! પ્રભો ! પ્રભો મને સદ્‌બુદ્ધિ આપ. મારું જીવન વિવેકશૂન્ય બની રહ્યું છે. ક્રોધ અને અભિમાનની અસર મારા પર સામ્રાજ્ય જમાવી રહ્યું છે. જીવનના વાસ્તવિક માર્ગને ભૂલી મન આજે વિવેકભ્રષ્ટ બનતું જાય છે. હું નીકળ્યો હતો જીવનની સાધના કરવા, જીવનને ઉચ્ચ બનાવવા, જીવનના મર્મને પામવા, ક્રોધનો વિજય કરવા; પણ આજે તો હું અવનતિની ગર્તામાં ગબડી રહ્યો છું. સમજ પડતી નથી કે આ વિપરીત ગતિ કેમ ? એક ધ્યેય–નિષ્ટ જીવનને આ દ્વિધા ! જ્ઞાની અને ક્રોધી ! ગઇકાલનો સંયમી આવી ક્ષમા રાખે અને વર્ષોનો સંયમી સળગતો લોખંડનો ગોળો બને ! ધિક્કાર છે મને ! વર્ષો સુધી તપ કરું તેમાં શું વળે ? ક્રોધ આગળ પામર ને પરવશ બની જનાર આચાર્ય કરતાં આ નૂતન સાધક કેટલો શ્રેષ્ઠ છે ! જીવનની મહત્તા માળા, જપ, દીક્ષાના વર્ષો કે તપ ઉપર નથી પણ એની માનસિક સાધના પર છે ! માનસિક સાધના વિહોણું સાધક માટે આ બધું કષ્ટ રૂપ જ ગણાય ''. આત્મ–નિન્દા કરતા આચાર્ય, શિષ્ય પાસે ક્ષમા–માફી માગવા લાગ્યા. 'ભાઈ ! મારા અપરાધની ક્ષમા આપ. પશ્ચત્તાપનાં આંસુ પડતા આચાર્યશ્રીના જીવનમાં કૈવલ્ય જ્યોત પ્રગટી ગઇ.

[ સિદ્ધચક્રમાંથી ]

卐


## ચાલુ વર્ષના અંકો મોકલો.

ચાલુ વર્ષના અંક ૧–૨–૩ અને ૪ થો પાંચમો શ્રી વર્ધમાનતપ માહાત્મ્ય વિશેષાંકની આપને જરૂર ન હોય તો અમને મોકલી આપશો, એક અંકની કિંમત ચાર આના અને વિશેષાંકની કિંમત બાર આના વળતર તરીકે આપવામાં આવશે. તે કિંમતનાં આપ લખશો તે પુસ્તકો મોકલી આપીશું.

**સોમચંદ ડી. શાહ — પાલીતાણા ( સૌરાષ્ટ્ર)**

# અમીઝરણાં

પૂ. આચાર્યદેવ શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ

**અર્થ**કામને કહેનારા મીઠા લાગશે પણ એમાં લપટાએલાનું ભવિષ્ય એકાન્ત દુઃખમય છે.

**પથ્ય** પાળવાનું કહેનાર વૈદ્ય ગુન્હેગાર ન નથી જ.

**સાધર્મી** દયાપાત્ર નથી, પણ પૂજ્ય છે, એને ગરીબડો ન માનો, એનું અપમાન ન કરો, એને હાથ જોડો, ચરણો ધોઇ પાણી પીઓ.

**સાધર્મિની** ઉપેક્ષા એ ભગવાન શ્રી મહાવીર દેવની ઉપેક્ષા છે, સાધર્મિનો તિરસ્કાર એ એક રીતે ભગવાનશ્રી મહાવીરદેવની સેવાનો ત્યાગ છે.

સાતે ક્ષેત્ર તારક છે. ૧ જિનમૂર્તિ, ૨ જિનમંદિર, ૩ જિનાગમ આ ત્રણુને માને, સેવે, પૂજે. આરાધે તે ૪ સાધુ, ૫ સાધ્વી, ૬ શ્રાવક, ૭ શ્રાવિકા, પ્રથમના ત્રણુને ન માને, ન સેવે, ન પૂજે, ન આરાધે તે ન સાધુ, ન સાધ્વી, ન શ્રાવક, ન શ્રાવિકા.

**ત**મારો કોઇ સાચો સાથી, સાચો મિત્ર અગર સાચો સ્નેહિ હોય તો તે સાધર્મી છે.

**પચીશ** માણુસના ઘરમાં એક ધર્મી હોય તો બધાને ઠેકાણે લાવી શકે.

**અધર્મીના** ઘોંઘાટથી ધર્મિએ કદિ પણુ ગભરાવું નહિ.

**અધર્મીની** સામે મજબુત બનો, વિરોધી સામે સ્થિર બનો તો જરૂર તમે શોભશો

**પત્થરોના** ઢગલામાં એક જ હીરો ઝળકે છે, શ્રીમંતની તથા કંગાલની તમામની આંખો ત્યાં ખેંચાય છે, જેમ પત્થરોમાં રહેલો પણુ હીરો પોતાની જાતને પ્રકાશિત રાખી શકે છે તેમ અધર્મીની સાથે રહેવાનો પ્રસંગ આવે અને પોતાની જાતને જેવી ને તેવી રાખી શકે તે જૈન.

**મનુષ્યજીવન** પામ્યા વિના હજી સુધી કોઈ પણુ આત્મા અનંત સુખનો ભાગીદાર થયો નથી, થતો નથી, ને થવાનો પણુ નથી.

**ધર્મ** અને દુનીયા, એ બે પ્રતિપક્ષી વસ્તુઓ છે, એ બેનો મેળ નથી, કારણુ કે એક આત્માને લાભદાયી છે, અને બીજી તેવી નથી.

**સાચો** ચિકિત્સક કેવળ બહારના વ્યાધિ ઉપર ધ્યાન નહિ આપતાં નિદાન ઉપર ધ્યાન આપશે.

**જ્ઞાનીઓએ** નિદાન તપાસીને જે માર્ગ બતાવ્યો તે દુનીયા અંગીકાર કરે તો મશીનગનોની, જેલનાં પાંજરાઓની, પકડનારની અને રક્ષણુ કરનારની જરૂર કદી નહિ પડે. મનુષ્યો જો મનુષ્ય બની જાય, મનુષ્યપણાને ભૂલી ન જાય, શું કરવું યોગ્ય છે તેનો નિર્ણય કરી વર્તવા માંડે તો બધી વસ્તુ નાબુદ બની જાય.

**સામાની** પાસે જો તમારે ગુણુ જોઇતો હોય તો પ્રથમ તમે ગુણવાન બનો.

**બાળકમાં** પોતાનું હિતાહિત જોવાની તાકાત નથી માટે હિતાહિત જોવાની તાકાત વાળા

વડીલની આજ્ઞા માનવી જોઇએ.

માબાપ તેજ કે જે દિકરાને ખોટી આજ્ઞા કરે જ નહિ.

દુનિયાના પદાર્થોની આસક્તિ રૂપી અગ્નિ સળગી રહેલ છે તેને વૈરાગ્યરૂપી જળથી શાંત કરો.

વૈરાગ્યભાવવાળા આત્માનો સંસાર પણ દુઃખરૂપ નિવડતો નથી.

જગતમાં મશીનગનોને જીવતા રાખનારા સંસારરસિકો જ છે.

કાળા આદમી ધોળામાં ખપવાનો દંભ કરે ત્યાં ન જોઇતી ઉપાધિઓ ઉભી થાય.

શ્રી મહાવીરદેવના—શ્રી જિનેશ્વરદેવના શાસનમાં કોઈનો પક્ષપાત નથી.

કર્મસત્તા આગળ કોઇનું ચાલ્યું નથી, ચાલતું નથી, અને ચાલવાનું નથી.

અશુભ કર્મબંધ અશુભ સંયોગો ઉભા કરે, શુભ કર્મબંધ શુભ સંયોગો ઉભા કરે, એ બેઉને આપણે આધીન ન થઇએ, તોજ ધર્મ થઇ શકે.

સાચાને સાચું સ્વીકારતાં શીખો. એ સ્વીકાર્યા વિના શ્રેય નથી.

જે શુભાશુભના ઉદયને આધીન ન બને તેજ ધર્મ આરાધી શકે.

શ્રી જિનેશ્વરદેવના શાસનમાં શ્રાવક અને શ્રાવિકા એ છઠું ને સાતમું પુણ્ય ક્ષેત્ર છે.

શ્રી જિનેશ્વરદેવની આજ્ઞામાં રહેલ એક સાધુ, એક સાધ્વી, એક શ્રાવક અને એક શ્રાવિકા એ સંઘ છે.

જ્ઞાની માને છે કે—સમ્યગ્દૃષ્ટિ આત્મા સંસારના સ્વરૂપને સમજનાર છે.

ધર્મમા અંતરાય કરનારી માતા તે સાચી માતા નથી. તેવા પિતા તે સાચા પિતા નથી. અને તેવા સ્નેહી તે સાચા સ્નેહી નથી.

પિતાની એટલે કે વડીલની આજ્ઞા માનવી એ શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા છે, પણ જે હિતકારિણી હોય તેજ.

શાસનનો રાગી તે છે કે—જે સાચી સાધુતાનો પૂજારી હોય.

દુનિયા એટલે આધિ, વ્યાધિ, અને ઉપાધિ, જ્યાં એ ત્રણ નહિ ત્યાં શાંતિ. આધિ એટલે મનની પીડા, વ્યાધિ એટલે શરીરની પીડા, એ બનેની માતા ઉપાધિ.

સત્યના કહેનારે કંઇ અસત્યોનું ઉન્મૂલન કરવું પડશે. અસત્યને અસત્ય તરીકે ઓળખાવવું એ કંઈ નિંદા નથી.

ત્રણ પૈસાનો આદમી પણ હજારોનું નિકંદન વાળવામાં નબળો નથી. હિંસા—જૂઠ—અનાચાર આ બધામાં કોઈ નબળો નથી. એમાં તો નબળા તે હોય કે જે આત્મકલ્યાણના અર્થી હોય.

જેટલી જેટલી આત્મામાં યોગ્યતા તેટલી તેટલી પ્રાપ્તિ.

દુનિયાની સારામાં સારી વ્યક્તિમાં પણ દુર્જન ચાંદા પાડ્યા વિના રહે એ બને જ નહિ.

ખરાબવાસના અને ખરાબ વાતાવરણે સારૂં એટલું પણ ઉંધું દેખાય.

રૂપૈયા પ્રત્યે પ્રેમ હોય તો જ પાઇ પ્રત્યે પ્રેમ થાય અને સોનૈયા પ્રત્યે પ્રેમ હોય તો જ રૂપૈયા પ્રત્યે પ્રેમ થાય.

જો મૂળ વસ્તુની કિંમત ન હોય તો આજુબાજુની વસ્તુ પર પ્રેમ થવાનો નથી.

સૌથી પહેલો ગુણ તે છે કે ધર્મને જાણવાની ઇચ્છા થાય.

જ્યાં સુધી સંસારના સઘળા સંયોગો મારે માટે હિતકર છે એવો ઝાંખો ઝાંખો પણ ખ્યાલ હોય ત્યાં સુધી ધર્મની સાચી જીજ્ઞાસા થતી નથી.

# આત્માને શિખામણ:-

પૂ૦ મુનિરાજ શ્રી માનતુંગવિજયજી મહારાજ-રાજગૃહી

રે ચેતન! વિભુ વીરના જગતશ્રેષ્ઠ-શાસનને આશરે આવ્યો છે, આત્માની અનંતી સંપત્તિને પ્રગટ કરીને, સાચો આનંદ અખંડ પણે મેળવી લેવાય એવો ઉદ્યમ કરવાની ઉત્તમ તક હાથમાં આવી છે, છતાં તારી પુદ્ગલ-પરાધીનતા અંશે પણ ઓછી થતી નથી, પણ દિવસે દિવસે વધતી જાય છે, એમ તને લાગે છે? અનંતાં શરીર મુકયાં. તેમ આ શરીરે મુકવાનું છે, એમાં શંકા જેવું નથી, વળી આ શરીર રોગોનું ઘર છે. પાંચ કરોડ અને ઓગણોતેર લાખથી અધિક એટલા રોગો માનવદેહમાં સત્તારૂપે કાયમ રહે છે, એમાંથી કોઇ પ્રગટપણે દેખાવ દે, ત્યારે પીડા જણાય છે. અને અવસરે જીવને મૃત્યુનો ભય ઉભો કરી દે છે, આત્મા વ્યાકુળ થાય છે, ધર્મને પહેલો જ ભૂલે છે, આત્મદશા સાંભરતી નથી, દેહને સાચવવાના સાધનોની ધમાલમાં એવો પડી જાય છે કે, જાણે આત્માને તદ્દન જ ભૂલી ગયો હોય, શું આ દશા મટાડવા જેવી નથી? શું આ દશા આવે ત્યારે વિશેષ જાગતા રહેવા જેવું નથી?

શું જીવનના અંત સુધી કોઇ પણ શારીરિક કે માનસિક આપત્તિ સર્વથા ન આવે, એવું પુન્ય લઇને આ ભવમાં આવ્યા છીએ.? શું આ દેહ આપણો રાખ્યો રહેવાનો છે? આપણે ધારીએ તે પ્રમાણે જ આ નશ્વર દેહ પાસેથી કામ લઈ શકીએ તેમ છીએ? શરીર ઉપર આવેલી આફત જીવને વૈરાગ્ય અને મમત્વત્યાગ લાવવાના બદલે, વિહ્વળતા અને મોહવૃદ્ધિ કેમ લાવે છે? આમાં ભૂલ કયાં અને કોની થાય છે, એટલી તપાસ હે જીવ! તું કરજે.

'તું બહુ ધર્માત્મા છે, ધર્મનો થાંભલો છે, ઘણાનો ઉધ્ધાર કરનારો છે, ઘણી ઉચ્ચ ઉદારતાવાળો છે, અને સાચો શાસનસેવક છે, એવું કહેનારાનાં વચનો તને સાંભળવા ગમે છે કે, તારી આ ભૂલ થાય છે. દેહાધ્યાસ અને ધનમમત્વ તારામાં ઉમર વધતી જાય, તેમ વિશેષપણે પ્રવેશ કરતા જણાય છે? ઉંડી સમજણથી વિચારજે. પરપરિણતિના રંગથી આત્માને બચાવવા માટે, ઘણા ઘણા ઉચ્ચ વિચારો, હૃદયની સાથે એકમેક કરવા લાયક છે. જીવનભર સુધી કરેલી ધર્મ ક્રિયાઓ, વ્રત, નિયમો, દાનાદિ પ્રવૃત્તિનું આખરનું ફળ મુક્તિ છે, પણ તાત્કાલિક ફળ, પોતાની મનોવૃત્તિ અને જીવનવ્યવહારની ઉજ્વળતા એજ છે.

હૈયાના તારને ઝણઝણાવવા, આત્માને ઓળખવા અહોનિશ ચિંતન કરવું. પરમાત્માના અને આપણા આત્મા વચ્ચે શો ફરક છે, અને એ નીકળી શકે એમ છે કે નહિ? એનું ખૂબ મંથન કરવું. આ બધી વાતો તને વિચારવા જેવી લાગે છે કે નહિ? બાહ્ય છાયાથી, ઓઘદ્રષ્ટિએ, લોકને નજર સામે રાખીને, કરેલી ધર્મપ્રવૃત્તિ આત્માના અંતર મલને કાપવા કેટલા પ્રમાણમાં સમર્થ થઇ શકી છે, એનો મેળ મેળવવાની પુરસદ લેવી છે કે કેમ?

હે ચેતન! ખૂબ ખૂબ તૈયારી કેળવજે. અનંત કાળની વિટંબણા ટાળીને, શાશ્વત સુખની સીધી સડક હાથમાં લેવાનો આ મોકો વારંવાર મળવાનો નથી. ભગવાનના સેવક કહેવાઇએ, પણ આરંભ, પરિગ્રહ અને વિષયવાસનાને પરાધીન થતી વેળાએ, ભગવાનનો સેવક છું એ વાત જરાય યાદ આવે નહિ, એવા સેવકને ભગવાન કેમ બચાવે? બાકી સાચા સેવકને, પરમાત્મા હંમેશાં બચાવતા આવ્યા છે, અને બચાવશે જ, જો કે આ ઉપચાર વચન છે.

વીતરાગને સેવક અસેવક બંને સરખા છે, પણ સેવક પોતાના વીર્યોલ્લાસ વડે, પરમાત્માની આજ્ઞાના અધિક પાલનથી બળવાન બનીને, કારમા શત્રુઓને હઠાવે છે, એ સેવકને પરમાત્માએ જ બચાવ્યો છે એમ કહેવાય છે. આત્મા! તું ક્ષણે ક્ષણે તારા પોતાના જીવન તરફ નજર નાખતો રહેજે, અને દોષો ટાળવા, ગુણો પામવા પ્રબળ પુરૂષાર્થ કરતો રહેજે. કર્મશત્રુ સામેના આ વિગ્રહમાં, સીધો ચાલીશ તો વિજય તારો જ છે.

❀

# इसका नाम सहनशीलता

एक बारका प्रसंग है कि चीन के बादशाह का मुख्य मंत्री शाहचांग काम करते करते इतना थक गया था कि समय पर रिपोर्ट भी तैयार न कर सका..अचानक बादशाह का आमंत्रण मिल गया कि रीपोर्ट हाजर करो.

मंत्रीने अपने अनुचर को कहा. चलो अपने बैठ रिपोर्ट तैयार कर लेवें. उसी समय दोनों लिखने के लिये बैठ गये. लिखते हुअे मध्यरात्री भी निकल गई आखिर रिपोर्ट तैयार कर दोनो अपने अपने शयनघर की तरफ लौटने के लिये खडे हुअे... असावधानी के कारण अनुचर के द्वारा लेम्प को धक्का लग गया. वह सीधी रिपोर्ट पर जा पडा. तैल ढल गया और आग भभक उठी. रिपोर्ट के कागज भस्मीभूत हो गये. सारी रात की महेनत पर क्षणभर मे पानी फिर गया।

यह देख अनुचर भय के मारा काम्पने लगा, धरती चक्र काटने लगी. अनुचरको काटो तो लेहीका एक टीपा भी न निकले, अैसी हालत में चूप चाप खडे खडे देखने लगा. और सोचने लगा कि अब इसका क्या किया जाय।

मंत्री भी पुनः लौटा. अेार मीठे मीठे शब्दों में धीरे से कहा. गभराओ नही; यह भी अेक संयोग की बात है कि इतनी महेनत करने पर भी काम सफल नहीं हुआ. खेर. चलो, वापस बैठे. आज सोने की आवश्यकता नहीं है, दोनो रातभर बैठ रिपोर्ट तैयार कर उठ गये. मगर अनुचर के उपर मंत्री ने गुस्सा नहीं किया. इसका नाम है सहनशीलता !!!

बन्धुओ! सहनशीलता को धारण कर पर्युषण पर्व की आराधना करे. इसीमें आत्म-कल्याण निहित है। जय वीर !!!

मुनिराज श्री भव्यानंदविजयजी महाराज वढवाण सिटी

ભલે પધાર્યા પર્વાધિરાજ પર્યુષણા મહાપર્વ


**પ. પૂ૦ પંન્યાસજી શ્રીમત્ કનકવિજયજી ગણિવરના શિષ્યરત્ન મુનિરાજ શ્રી ચંદ્રપ્રભવિજયજી મહારાજ**

**આ** અનાદિ અનંત સંસારમાં માનવજન્મ, આર્યદેશ, ઉત્તમકુલ., પંચેન્દ્રિયની પટુતા આદિ સુંદર સામગ્રી મહાપુણ્યયોગે પ્રાપ્ત થાય છે, આ જીવ ઠેઠ નીગોદમાંથી જ્યાં ત્યાં રખડતો, રીબાતો, અથડાતો, કીલામણા અનુભવતો, તિર્યંચપણામાં પણ જલ, અગ્નિ, શસ્ત્રાદિથી ચારે બાજુ ડગલે ને પગલે ભય પામતો ત્યાંથી મનુષ્યપણે પણ દુઃખ દારિદ્ર દૌર્ભાગ્યથી દગ્ધ અનેક રીતે દુઃખને ભોગવી રહ્યો છે.

આમાં ભાગ્યબલે ચિંતામણી રત્ન સમાન, સર્વજ્ઞ ભાષિતધર્મ, વીતરાગ દેવ, નિર્ગ્રંથ સાધુ મહાત્માના પરિચયના પ્રભાવે ધર્મનું શરણુ મેલવી દેવદુર્લભ માનવજન્મની સાર્થકતા ભાગ્યશાલી આત્માઓ જ કરી શકે છે. આત્મા આલંબનજીવી છે, કહેવત છે કે, 'સોબત તેવી અસર' માટે સોબત સારી રાખવી જોઇએ, જ્ઞાની મહાપુરુષોએ સંસારના તાપથી તપેલા આત્માઓની શાન્તિ માટે અનેક પર્વો પૈકી બે શાશ્વતી, અને ચાર અશાશ્વતી એમ છ અઠ્ઠાઇ આદિ પર્વોની આરાધના કરવા ખાસ ભારપૂર્વક ફરમાવ્યું છે.

તે સર્વ પર્વોમાં દીપક સમા, પર્યુષણા મહાપર્વ છે, તેમાં મુખ્યત્વે ૫ કર્તવ્ય–૧ અમારી ઘોષણા, ૨ સાધર્મિક વાત્સલ્ય, ૩ ક્ષમાપના ૪ અટ્ઠમતપ, ૫ ચૈત્યપરિપાટી આ કર્તવ્ય ખાસ કરવાના હોય છે. આ પર્વમાં બીજા પર્વોથી પણ વિશેષ રીતે આરાધનાને અંગે સુંદરતમ વાતાવરણ હોય છે. આ દિવસોમાં ભાગ્યશાલી આત્માઓએ વિશેષ રીતે તપ, જપ, યમનિયમ, સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ, પૂજા મહોત્સવાદિ ધર્મકાર્યો ઉત્સાહપૂર્વક કરી જૈનશાસનની પ્રભાવના કરીને આ શ્રેષ્ઠતમ પર્વને ઉજવવું જોઇએ.

જેમ વ્યાપારી વર્ગ પુરજોસ મોસમમાં તડકો, ભૂખ, તરસ ભૂલી જઇ વ્યાપારમાં લાગી જાય છે, તેમ આ મહાપર્વના પ્રથમના ૭ દિવસોમાં ક્ષમાપના, તપ–જપાદિ શસ્ત્રો દ્વારા કર્મની સામે યુદ્ધ કરી આઠમા સાંવત્સરિક પર્વના મહાન દિવસે કર્મોના ભારથી આત્માને હળવો બનાવવો જોઇએ, પર્વમાં થોડી આરાધના પણ મહાફલવતી હોય છે, વળી આ સંસારમાં જન્મ, જરા, મૃત્યુ, આધિ, વ્યાધિ, તથા ઉપાધિથી અનેક રીતે પીડાતા આત્માઓને માટે જ્ઞાની ભગવંતોએ ફરમાવેલા આવા પર્વદિવસોમાં આરાધનારૂપી સંજીવની ઔષધિનું સુંદરતમ સેવન કરી ક્રમશઃ અખંડ અવ્યાબાધ સુખના ભોક્તા સર્વ જીવો બને, એ જ શુભેચ્છા.



# ક્ષમાની ઉપાસના

**પૂ. મુનિરાજ શ્રી મહાપ્રભવિજયજી મહારાજ – ઘાટકોપર.**

પાપના પશ્ચાત્તાપ અને સદાચારની નિર્ઝર આત્મ-નિર્મળતાના પ્રતાપે 'પર્યુષણાપર્વ' સર્વ પર્વમાં શિરોમણિ ભાવપામે છે. પુણ્યોદયના પ્રતાપે પ્રાણિઓ ધર્મની આરાધના અને સદાચારમાં મસ્ત બને છે, જ્યારે પાપોદયે ધર્મની વિરાધના, નિંદા અને દુષ્કૃત્યાદિમાં પાવરધા બને છે. અપકારી આત્માઓ ઉપકારી કે દયાપાત્ર હોવાથી તેમના દોષો તરફ નજર ન કરતાં, શુભ નિમિત્તોના શરણે પ્રસ્થાન કરી કર્મસત્તાને પરાજય સમર્પી ધર્મરાજાની વિજયપતાકા ફરકાવવા સતત ઉદ્યમશીલ બનવામાંજ સ્વાત્મકલ્યાણ છે.

સંસ્કૃત મન કલ્યાણમય પ્રવૃત્તિમાં નિરંતર પ્રેરક બને છે, જ્યારે તે વિકૃત થતાં અમંગલ-મય પ્રવૃત્તિઓનું પુરસ્કર્તા બને છે. આવું વિલક્ષણ મન પોતાના માલિક આત્મા પાસે ભલી-ભૂંડી પ્રવૃત્તિઓ કરાવીને સારા-નરસા ફલોના ભોકતા બનાવે છે. કલ્યાણના અર્થી આત્માએ મર્કટ જેવા ચપલ મનને નાથવાની આવશ્યકતા છે. માનવીનું મન જ (સકષાયી-નિષ્કષાયી) બંધ-મોક્ષનું કારણ બને છે. તેથી ખરેખર કષાયો સંસારરૂપ વૃક્ષનું બીજ છે. કલુષિત અંતઃકરણમાં ધર્મનો વાસ અશકય બને છે. કષાયયુકત જીવ તપથી પણ શુદ્ધ થઈ શકતો નથી.

મનને મલિન કરનાર ક્રોધ-માન-માયા અને લોભ નામના ચાર ભયંકર કષાયો છે. ક્રોધ પ્રીતિનો નાશ કરે છે, માન વિનયનો, માયા સરળતાનો, અને લોભ સર્વનો નાશ કરે છે. ક્રોધથી પરવશ બનેલા પુરૂષમાં વિવેક રહેતો નથી. પરમોપકારી દેવ-ગુરૂ-માતાપિતાદિને પણ મારવા પ્રયત્ન કરે છે, અને મારે છે પણ ખરો. કોઈ વાર પોતાના આત્માને ક્રોધાવેશમાં મરણને શરણે પહોંચાડે છે, તેવા માણસો પણ ક્રોધ દૂર થતાં પશ્ચાત્તાપ કરે છે કે– આ અકાર્ય ન કર્યું હોત તો સારૂં, અકાર્યને આમંત્રણ કરનાર ક્રોધચંડાળનો સ્પર્શ ત્યજવા અવશ્ય સદા પ્રયત્નશીલ થવું ઉચિત છે, આ પ્રમાણે આ ચાર કષાયને અનર્થરૂપ વિચારી તેનો ત્યાગ કરી અંતઃકરણને શુદ્ધ બનાવવા મથવું જોઇએ.

કલેશરહિત ચિત્તરત્ન (મન) એ માણસનું અંતર્ધન છે. જેનું આ ધન ક્રોધાદિ દોષોથી ચોરાઇ ગયેલું છે, તેને સર્વ વિપત્તિઓ ઉપસ્થિત થાય છે.

આત્માએ સેવેલા દોષોનું પ્રક્ષાલન મિચ્છા મિ દુક્કડમ્ ના ઉચ્ચારણ માત્રથી થઇ શકતું નથી. પગમાં પેઠેલ કંટક કે ચક્ષુમાં પડેલ કણ પણ આત્માને એકદમ બેચેન બનાવી દે છે. તે નીકળી ગયા પછી જ શાંતિ પામે છે, તેમ અન્ય પ્રત્યે સેવેલા દોષો હૃદયમાં ખટકે અને તે ખટક કાઢવા માટે પશ્ચાત્તાપપૂર્વક હૃદયના ઊંડાણથી ક્ષમાપના કરાય તો જ દોષોનું પ્રક્ષાલન થઈ શકે. પશ્ચાત્તાપ વિનાનું કારણિક શુદ્ધ અનુષ્ઠાન પણ અશુદ્ધ બને છે, તેથી તે શુદ્ધાશુદ્ધ કહેવાય છે, તેથી અપ્રાયશ્ચિત્તી

પણ પ્રાયશ્ચિતનો ભાગી બને છે. જ્યારે નિરર્થક અશુધ્ધ અનુષ્ઠાન પશ્ચાત્તાપના કારણે શુધ્ધ બને છે, તેથી તે અશુધ્ધ શુધ્ધ કહેવાય છે. માટે પશ્ચાત્તાપ આત્મશુધ્ધિમાં અમૂલ્ય વસ્તુ છે.

ક્ષમા એ કાયરતાનું લક્ષણ નથી, પણ તે વીરનું ભૂષણ હોઇ શ્રેષ્ઠ ગુણ છે. તે માનવને ઉન્નત બનાવી દેવ બનાવે છે. ક્ષમા વિનાનો માનવ પશુ કે દાનવ છે, ક્ષમા વિનાના અનેક ગુણાદિ નિષ્ફળ બને છે. ક્ષમાશીલ આત્મા જ સંત છે. ગમે તેવા વૈરીને પણ મિત્ર બનાવી શકે છે.

hatred ceases by love and not by hatred.

દ્વેષથી દ્વેષ નાશ પામતો નથી, પણ પ્રેમથી.

the evil passions rising within the mind hard to be overcome, should manfully be fought. he who conquers them, is the conqueror of the world.

મનની અંદર ઉત્પન્ન થતા દુર્જય દુષ્ટ મનોવિકારની સામે બહાદુરીથી લડવું જોઈએ, જે તેમના ઉપર જય મેળવે છે તે ત્રણ ભુવનનો વિજેતા છે.

પર્યુષણપર્વ એટલે ક્ષમાની ઉપાસનાનું પર્વ. ક્ષમાયાચનાની આપલે થાય છે. પણ કોની સાથે? મેળ હોય તેની સાથે કે કમેળ હોય તેની સાથે? જોઈએ કયાં? જયાં મેળ ન હોય ત્યાં. વૈમનસ્યના વિસર્જન માટે જ આ પર્વ આવી પહોંચે છે. નિંદા, આક્ષેપો કે હુંસાતુંસીથી શું આપણે આત્માને ઉજ્જવલ બનાવી શકીશું? मिच्छा मि दुक्कडम् દેવા માટે મન—વચન અને કાયાને નમ્ર બનાવવાના છે. એ ભાવ તેના અક્ષરોમાંથી નીકળે છે. 'મિ' વર્ણનો મૃદુ અને માર્દવ અર્થ થાય છે, મૃદુપણું એટલે કાયનમ્રતા અને માર્દવપણું એટલે ભાવનમ્રતા (માનસિક નમ્રતા) 'ચ્છા' વર્ણ અસંયમયોગને અટકાવવાના અર્થમાં છે, 'મિ' વર્ણ ચારિત્ર રૂપ મર્યાદામાં હું રહેલો છું એ જણાવવાના અર્થમાં છે, 'દુ' પાપકર્મ કરનારના આત્માને નિંદવાના અર્થમાં છે, 'ક' કરેલા પાપના સ્વીકારના અર્થમાં છે, 'ડ' ઉલ્લંઘન કરવાના અર્થમાં છે. मिच्छा मि दुक्कडं નું ઉચ્ચારણ સ્વતઃ વાચિક નમ્રતાનું દ્યોતક છે, માટે મન–વચન–કાયાને નમ્ર બનાવી જડચેતનના સંગ્રામ સમા આ સંસારમાં મન–વચન અને કાયાથી કરણ–કારણ અને અનુમોદન દ્વારા દુર્ધ્યાન–દુર્ભાષિત–દુષ્કૃત્યાદિ જેના પ્રત્યે થયા હોય જે બદલ પશ્ચાત્તાપ ધારણ કરી ક્ષમા માંગી ફરી તેવું ન કરવાની પ્રતિજ્ઞા લેવાય તો આ પર્યુષણપર્વ પાવનકારી બને. વૈર–વિરોધને તિલાંજલિ આપી સર્વ પ્રાણી પ્રત્યે સમભાવ અને ભ્રાતૃભાવ ( equality and fraternity પ્રકટાવી આ પર્વની આરાધના કરવાની છે. એ પર્વની સાચી આરાધનાના અભાવે ભવભ્રમણ ચાલુ છે. દુઃખ ટળતું નથી અને સાચું સુખ પ્રાપ્ત થતું નથી.

ક્ષમા માગનાર જ આરાધક બને છે. ક્ષમાની યાચનાથી પોતાને એકાંતે લાભ જ થાય છે, અને કદાચ સામી વ્યક્તિ પણ ક્ષમાનો પાઠ શીખી શાંત થાય. પશ્ચાત્તાપ–પ્રાયશ્ચિત કે ક્ષમાપના તપ છે અને ધર્મ પણ છે. સુખ ધર્મથી જ મળે છે, પણ અન્યથા નહિ. દેહ, સ્ત્રી, પુત્ર, સ્વજન ધન સુખદાયક છે એમ મૂઢ માને છે, ત્રિલોકનાથ શ્રી જિનેશ્વર દેવોએ જ્ઞાનથી પોતાની મુક્તિ નિશ્ચિત થવાની જાણવા છતાં સ્વયં તપશ્ચર્યા આચરી છે અને જગતને ઉપદેશેલી છે. તેનાથી વિઘ્નો નાશ પામે છે, દેવો સેવક બને છે. કામવિકાર શાંત થાય છે.

ઇન્દ્રિયોનું દમન થાય છે. અને પરંપરાએ મોક્ષની સંપદા પણ વરે છે, તો એ તપ શું પ્રશંસનીય નથી ?

નંદિષેણમુનિ, મેઘકુમારમુનિ, પ્રસન્નચંદ્રરાજર્ષિ વગેરે પતન પામ્યા. આત્મધર્મ ચૂકી ગયા, પણ મનમર્કટને વશ કરી અસલ સ્થિતિમાં આવી ગયા. આત્મધર્મ ચૂકી જવા માટે પશ્ચાત્તાપના નિર્મળ જળમાં સ્નાન કરી પાછા પવિત્ર બની આત્મકલ્યાણ સાધી ગયા. મૃગાવતી સાધ્વી અને ચંદનબાલા પ્રવર્તિની ક્ષમાપના દ્વારા કેવલજ્ઞાન પામી ગયા. રાજર્ષિસમરાદિત્ય પોતાને અગ્નિ લગાડનાર ગિરિસેન ચંડાળ ઉપર રોષ ન કરતાં ક્ષમાભાવ ધારણ કરી તેની દયા ચિંતવતા અને નાગકેતુ સર્પડંશના પ્રસંગે ક્ષમા ધારણ કરી પરમપદ પામી ગયા.

"ખમવું અને ખમાવવું" એ જૈનશાસનનો સાર છે. વૈરશમનનો અમોઘ ઉપાય ક્ષમાની યાચના અને પાલના હોઇ ક્ષમા આપીને અને ક્ષમા માગીને આત્મશુધ્ધિ પ્રકટાવવા માટે કટીબધ્ધ થઈ પૂર્વ તૈયારી કરી સૌ કોઇ સમીપમાં ઉપસ્થિત થતા પર્યુષણાપર્વની આરાધના કરી માનવજીવનની સફળતા કરે એજ એક મંગળ કામના.

❀

# ઈનામી નિબંધ:

જે કથા સારામાં સારી લખાઈને આવી હશે તેઓને નીચેના નિયમો મુજબ ઈનામ અપાશે.

૧ મહાપુરૂષોની કે નીતિ, ન્યય અને પ્રમાણિકતા આદિ ગુણોને ખીલવતી કથા હોવી જોઇએ.
૨ પુલ્સકેપ ચાર પાનાથી વધુ ન હોવી જોઈએ.
૩ તા. ૧૫–૯–૫૬ સુધી મોકલી શકાશે.
૪ પરીક્ષક સમિતિ જે કથાઓ સર્વશ્રેષ્ઠ તરીકે પસંદ કરશે તેમાંથી પ્રથમ નંબરને રૂા. ૨૫, બીજા નંબરને રૂા. ૧૫, અને ત્રીજા નંબરને રૂા. દસ અપાશે.
૫ ઇનામ શેઠશ્રી દેવચંદભાઇ જેસંગ હા. શેઠશ્રી વૃજલાલ સુંદરજી મુંબઇ તરફથી અપાશે.
૬ ઇનામમાં ફેરફાર કરવાની સત્તા સમિતિની રહેશે.
૭ ઈનામપાત્ર કથાઓ સિવાય બાકીની કથાઓ ઉત્તેજનપાત્ર હશે તેઓને માટે વિચાર થશે.
૮ ઇનામી નિબંધનું પરિણામ તા. ૧૫–૧૦–૫૬ના અંકમાં પ્રગટ થશે.
૯ નિબંધ પરનો સર્વહક્ક 'કલ્યાણ' માસિકનો રહેશે.

નિબંધ મોકલવાનું સીરનામું
**કલ્યાણ પ્રકાશન મંદિર –પાલીતાણા ( સૌરાષ્ટ્ર )**

## —: સુધારો :—

શ્રી વર્ધમાનતપના વિશેષાંકમાં પાના ૩૨૬ ઉપર મોમ્બાસાવાળા શ્રી ખીમજી દેવા છપાયું તેના બદલે શ્રી ખીમજી દેવજીભાઇ ખીરસરાવાળા સમજવું.

# કુલવધૂ

વૈદ્યરાજ મોહનલાલ ચુ. ધામી

'કલ્યાણ'માં લગભગ છેલ્લા સવા વર્ષથી પ્રસિદ્ધ થતી અને પ્રત્યેક વાચકના માનસ પટપર અનોખું આકર્ષણ કરી ચૂકેલી વાર્તા આ અંકે પૂર્ણ થાય છે. વાર્તા લેખક સુપ્રસિદ્ધ સાહિત્યકાર ચિંતક ભાઇ શ્રી ધામીની શૈલી માટે કશું કહેવાનું રહેતું નથી. તેઓ લબ્ધપ્રતિષ્ઠ વાર્તાકાર છે. તેઓની ભાષા મધુર, ધીર તથા સંસ્કાર સભર છે. વર્ષોથી તેઓએ સાહિત્યકાર તરીકે સાહિત્યના પ્રત્યેક પ્રદેશો ખેડયા છે. ૬૦ ઉપરાંત પુસ્તકો તેમણે લખ્યા છે. વૈદક વિષેનું તેઓનું જ્ઞાન સચોટ તથા ઉંડું છે. છેલ્લા કેટલાએ વર્ષોથી તેઓએ નવલકથાની શૈલીમાં ભ. શ્રી મહાવીરદેવના સમય પછીના ૧૦૦ વર્ષમાં થઇ ગએલા ઐતિહાસિક પાત્રોને પોતાની તેજસ્વી કલમે ઓજસ્વી શૈલીમાં નિષ્ઠાપૂર્વક આલેખવા પ્રયત્ન કર્યો છે. જેનાં પરિણામે મગધેશ્વરી–ભા–૧–૨–૩ તથા રૂપકોશા ભા–૧–૨ એ પાંચ મહત્ત્વના ગ્રંથો નવયુગ પુસ્તક ભંડાર–રાજકોટ તરફથી પ્રસિદ્ધ થયા છે.

ભગવાનશ્રી મહાવીરદેવના સમયના ઐતિહાસિક પાત્રોને સાંકળતા તેઓના સર્વાંગ-સુંદર કથાગ્રંથો બંધન તૂટયા–ભા–૧,–૨,–૪, લગભગ ૧૦૦૦ પાના ઉપરનાં પુસ્તકો તાજેતરમાં પ્રસિદ્ધ થનાર છે. અને ભ. શ્રી પાર્શ્વનાથ સ્વામીના સમયના પાત્રો, કાલ તથા વાતાવરણને જીવંત કરનારા તેમના કથાગ્રંથો 'સિદ્ધ વૈતાલ' પણ ત્રણ ભાગોમાં પ્રસિદ્ધ થનાર છે. તેઓ શબ્દશિલ્પી, અને વાર્તાકલાના અદ્ભુત કલાકાર છે.

'કલ્યાણ' પ્રત્યેની મમતાથી પ્રેરાઇને તેમણે રસપ્રદશૈલિયે જે વાર્તા અહિં આપી, તે માટે અમે તેમના દરેક રીતે ઋણી છીએ! 'કલ્યાણ' માટે તેઓ નવી ઐતિહાસિક વાર્તા તાજેતરમાં શરૂ કરનાર છે, એમ કહેતાં અમે આનંદ અનુભવીએ છીએ!

તેઓ પોતાની લેખિનીદ્વારા જગતના આસુરી તત્ત્વોની સામે દૈવીતત્ત્વોનો દિવ્યસંદેશ આપતા રહો! એ જ કામના!

વહી ગયેલી વાર્તા: પોતનપુરના પ્રિયંગુ શેઠનો પુત્ર દેવદિન્ન, પાઠશાળામાં સાથે ભણતી સરસ્વતીના બોલાયેલા બોલને ગાંઠરૂપે બાંધી, તેની સાથે અવસરે પાણિગ્રહણ કરી, પરણ્યાની પહેલી રાત્રે તેને ત્યજી દે છે. પોતાના ગૌરવને સ્હેજ પણ આંચ લાવ્યા વિના સ્વમાન-પૂર્વક પિતાને ત્યાં રહેતી સરસ્વતી, પતિના પરદેશપ્રયાણ બાદ શ્વશુરના વાત્સલ્યથી પ્રેરાઈને પતિના ઘેર આવે છે. પરદેશ ગયેલ દેવદિન્ન અંધેર નગરીમા કુટ્ટપ્રભાની માયાજાળમાં ફસાઈ પડે છે. પ્રિયંગુશેઠને આ સમાચાર પ્રાપ્ત થતાં તેઓ દુઃખિત બને છે. સરસ્વતી શ્વશુરની આજ્ઞા મેળવીને 'સોમદત્ત' નામ ધારણ કરી, વ્યાપારીના વેષે અનેક માણસોના કાફલા સાથે ત્યાં આવે છે. કુટ્ટપ્રભાને તેની માયાજાળ ભેદી ગુલામ બનાવે છે. ત્યાંના રાજાના આગ્રહથી તેને ત્યાં છોડી, અન્ય સર્વ કુટ્ટપ્રભાએ ફસાવેલાઓને પોત–પોતાના દેશ તરફ જવા દેવાની સગવડ કરી આપી, પોતે દેવદિન્નને લઇને સમુદ્રમાર્ગે વધે છે. મધ્ય દરિયે દેવદિન્નને પોતાનો ભૂતકાલ સ્મૃતિમાં આવતા આઘાત લાગે છે, તે દરિયામાં પડતું મૂકે છે. સરસ્વતીના–સોમદત્તના સેવકો તેને બહાર કાઢી બચાવે છે, સરસ્વતી તેના પરિચર્યામાં રહે છે. મૂર્છિતસ્વામીને ભાનમાં લાવ્યા બાદ સરસ્વતી સ્વામીને મળવા ઉત્સુક બને છે. પોતાનું પ્રછન્ન રૂપ ત્યજી, પ્રગટરૂપે દેવદિન્નની ધર્મ-પત્ની તરીકે પ્રગટ થાય છે. દેવદિન્ન શરમાઇ જાય છે. તેજસ્વી નારી સરસ્વતી પોતાની મર્યાદા, નારીનું ગૌરવ તથા પવિત્રતા જાળવીને પોતે જે કાર્ય કર્યું છે, તે પોતાનું વૃત્તાંત કહી દેવદિન્નને ભૂતકાલ ભૂલી જવા કહે છે.

(હવે વાંચો આગળ—)

## સંસાર જીવન

સાગરના તરંગો પર બીજા આઠ દિવસ ચાલ્યા ગયા.

આ આઠ દિવસમાં દેવદિન્ન સમજી શકયો કે પોતે માત્ર ઉત્તમ નારી પામ્યો છે એમ નથી પરંતુ એક અણમોલ રત્ન પામ્યો છે. એવું રત્ન પામ્યો છે કે પૂર્વભવનાં ઉત્તમ પુણ્ય વગર આવું નારી રત્ન કોઈને મળી શકે નહિં.

દેવદિન્નને એ પણ સમજાયું કે, સરસ્વતીએ જે શબ્દો પાઠશાળામાં કહ્યા હતા તે સાચા હતા. પોતેજ પુરુષ તરીકેના ગર્વમાં અંધ બની ગયો હતો.

પરંતુ આ ગર્વનો અંધાપો જ જાણે આશીર્વાદ રૂપ બન્યો હોય તેમ તેને પત્નીને જોઈને લાગ્યા કરતું હતું.

રાત્રિનો સમય હતો. દેવદિન્ન અને સરસ્વતી વહાણના ખુલ્લા ભાગમાં ગોઠવેલી બેઠક પર બેઠાં હતાં. સંસારમાં નરનારીની વાતોનો કદી અંત આવ્યો નથી, આવતો પણ નથી.

આઠ-આઠ દિવસથી દંપતિ વચ્ચે અનેક વાતો થતી હતી છતાં કશી વાતો થઈ નથી તે રીતે જ તેઓ વાતો કરતાં હતાં.

વાતવાતમાં દેવદિન્ને કહ્યું, 'પ્રિયે, આવતી કાલે પ્રાતઃકાલે આપણે આપણા નગરના બંદરે પહોંચી જઈશું.'

'હા સ્વામી...' મારૂં કાર્ય પણ આવતીકાલે જ પૂર્ણું થશે.'

'પૂર્ણું થશે? ના...આવતી કાલથી તારૂંને મારૂં નવજીવન શરૂ થશે.' દેવદિન્ને હસીને કહ્યું,

સરસ્વતીએ સ્વામી સામે સૌમ્ય દૃષ્ટિ કરીને કહ્યું: 'સ્વામી, એક નિશ્ચય મેં કર્યો હતો.'

'કયારે?' દેવદિન્નને સરસ્વતીના શબ્દોમાં વધુ પડતી ગંભીરતા દેખાણી.

'આપણા લગ્ન થયા પછી આપ જ્યારે મને મારા પિતાને ઘેર મૂકી ગયા હતા ત્યારે...' સરસ્વતીએ એવા જ ગંભીર ભાવે કહ્યું.

'તેં કયો નિશ્ચય કર્યો હતો?' દેવદિન્નના મનમાં ન સમજાય એવું કંઇક લાગવા માંડયું.

'મેં નિશ્ચય કર્યો હતો દીક્ષા લેવાનો.'

'સરૂ...'

'હું સત્ય કહું છું સ્વામી, સંસાર કેટલો ભયંકર અને વિચિત્ર છે તે મને તે દિવસે જ સમજાયું હતું અને આપ જ્યારે વિદેશ ગયા ત્યારે મેં મારૂં ચિત્ત અભ્યાસમાં જ પરોવી દીધું હતું' સરસ્વતીએ કહ્યું.

'સરસ્વતી...' કહીને દેવદિન્ને પત્નીના બંને હાથ પકડી લીધા અને અતિ કરુણ ગંભીર સ્વરે કહ્યું: 'તો પછી તેં મને કુંદપ્રભાના પંજામાંથી શા માટે છોડાવ્યો?'

'જ્યાં સુધી સંસારનો ત્યાગ કર્યો નહોતો, ત્યાં સુધી એક પત્ની તરીકેના કર્તવ્યથી વિમુખ કેમ થઈ શકાય?'

'ઓહ્!' કહીને દેવદિન્ને નાના બાળક માફક સરસ્વતીના બંને હાથ પોતાના માથા પર મૂકયા.

ઘડીભર નીરવતા છવાઇ. એ નીરવતાનો ભંગ કરતાં દેવદિન્ન બોલ્યો: 'સરસ્વતી, શું તેં મારો અપરાધ મનમાંથી દૂર નથી કર્યો?'

'મારા મનમાં આપના અપરાધ અંગે કશું નથી.'

'તો પછી મારા હૈયાને ભાંગી નાખે એવો વિચાર શા માટે કરે છે?'

સરસ્વતી આ સાંભળીને મૃદુભાવે હસી, ત્યારપછી બોલી: 'સ્વામી, જીવનમાં લીધેલી પ્રતિજ્ઞાનું જો કશું મૂલ્ય આંકવામાં ન આવે તો જીવનની શી કિંમત છે!'

દેવદિન્ને કહ્યું: 'પ્રિયે, દીક્ષા માટે તો હજુ દીર્ઘ જીવન પડયું છે...છતાં...'

'શું!'

'મારા પ્રત્યે તારા હૃદયમાં રોષની રેખા રહી ગઇ હોય તો...'

વચ્ચે જ સરસ્વતી બોલી: 'મારા અંતરમાં

રોષની રેખા યે નથી અને કશું યે નથી. પરંતુ સંસારના સ્વરૂપનું સાચું ભાન આવાજ પ્રસંગોએ થાય છે.'

'છતાં તારૂં કર્તવ્ય પુરૂં નથી થયું.'

સરસ્વતી પ્રશ્નભરી નજરે સ્વામી સામે જોઈ રહી.

દેવદિન્ને કહ્યું : 'જો તું ઘેર ગયા પછી દીક્ષા લઇ લઇશ તો મારી દશા પાંખ વગરના પંખી જેવી બની જશે. તેં મને કુદપ્રભાના સાણસામાંથી બચાવ્યો, સાગરના અગાધ જળમાંથી પણ બચાવ્યો...હવે તારા વગર હું એક પળ પણ નહિં જીવી શકું...તારે દીક્ષા લેવી હોય તો એક શરતે લઇ શકે છે.'

સરસ્વતી એની એ નજરે સ્વામી સામે જોઈ રહી.

દેવદિન્ને કહ્યું; 'આપણી નગરીના બંદરે પહોંચવાને હવે માત્ર અઢી-ત્રણ પ્રહર જ બાકી રહ્યા છે. એ પહેલાં મને સાગરમાં સમાધિ લેવા દે...પછી તું...' દેવદિન્ન વધુ બોલી શકયો નહિં. તેની આંખોમાં આંસુ ઉભરાવા માંડયાં.

સરસ્વતીએ સ્વામીનો હાથ પકડીને કહ્યું : 'સ્વામી, આવું ન બોલો...આપના પ્રત્યે મારા દિલમાં અણગમો છે એમ સ્વપ્ને પણ ધારશો નહિં.'

'તો પછી...'

'આપણે બંને સંસારના બંધનોથી છૂટા થઈને દીક્ષા ગ્રહણ કરીએ.' સરસ્વતીએ કહ્યું,

દેવદિન્ન વિચારમાં પડી ગયો.

થોડી પળો પછી તે બોલ્યો : 'પ્રિયે, એક ઉત્તરદાયિત્વ પૂર્ણ કરૂં ત્યાં સુધી શું આપણે સંસાર જીવન ન વિતાવી શકીએ ?'

'કયું ઉત્તરદાયિત્વ ?'

'માતાપિતાની સેવા. તું તો જાણે છે કે, મારા માતાપિતાનો હું એકનો એક પુત્ર છું. જો હું પણ તારી પાછળ સંસારત્યાગ કરીશ તો તેઓ ઝૂરી ઝૂરીને મરશે.'

સરસ્વતી વિચારમાં પડી ગઇ.

દેવદિન્ને કહ્યું : 'માત્ર એ જ માર્ગ છે. માતાપિતાની હૈયાતી સુધી આપણે સંસાર જીવન ભોગવવું અથવા મને વિદાય આપ એટલે હું આ પળે જ સાગરની ગોદમાં સમાઈ જઉં.'

'એવું ન બોલો...હું ધૈર્ય રાખીશ; પણ એક વાત ભૂલશો નહિં.'

'કઈ ?'

'સંસારનાં સુખ એટલાં મધુર હોય છે કે, એના પરિણામે મહાન દુઃખ આપનારાં હોવા છતાં મૂકી શકાતાં નથી. સંસારજીવનમાં પડયા પછી ડૂબી ન જવાય એટલી જો કાળજી...'

વચ્ચે જ દેવદિન્ને પત્નીનો કોમળ હાથ પકડીને કહ્યું : 'તારી માફક હું પ્રતિજ્ઞા કરું છું કે સંસારજીવનનું કર્તવ્ય પૂર્ણ થતાં જ હું દીક્ષા લઈશ.'

'સારૂં...' સરસ્વતીએ સ્થિર સ્વરે કહ્યું.

'હવે તારૂં કર્તવ્ય પુરૂં નથી થયું ને !' હસીને દેવદિન્ને કહ્યું.

સરસ્વતીએ એવા ને એવા ગંભીર સ્વરે કહ્યું: 'સંસાર કદી પુરો થતો નથી. કર્તવ્ય લંબાયું... એક જવાબદારી વધી પડી.'

'કઇ ?' દેવદિન્ન કશું સમજ્યો નહિં.

'તમારો સાથ લેવાની.' કહીને સરસ્વતી હસી.

ચંદ્ર મધ્યાકાશમાં આવ્યો હતો.

બંને નવજવાન હૃદય ચાંદનીના પ્રકાશ વચ્ચે એક બીજાને સમજવા મથી રહ્યાં હતાં.

થોડીવારના મૌન પછી સરસ્વતીએ કહ્યું : ઓહ

અર્ધરાત્રિ વીતી ગઇ...હવે આપ સૂઇ જાઓ. આજે ઘણી વાતો થઇ ગઇ.'

'તારૂં મન પણ હળવું બની ગયું.' કહી દેવદિન્ન ઉભો થયો.

'મારૂં મન તો હળવું જ હતું. આજે એના પર એક બોજ...'

'પ્રિયે, શું હજૂ પણ હું તને બોજ લાગુ છું ?'

'ના...તમે નહિ !'

'ત્યારે ?'

'સંસાર જીવનની જવાબદારી.' કહી સરસ્વતી આગળ થઇ.

બંને પોતપોતાના શયન કક્ષમાં ગયાં.

અને પ્રાતઃકાળે જ વહાણ પોતનપુર નગરીના બંદરે લંગર નાખીને ઉભું રહ્યું.

વહાણમાંથી મુનિમ પહેલો નીચે ઉતર્યો અને નગરીમાં સંદેશો આપવા રવાના થયો.

અને દિવસનો પ્રથમ પ્રહર પૂર્ણ થતાં જ સરસ્વતી પોતાના સ્વામી સાથે બંદર કાંઠે ઉતરી.

બંદરકાંઠે દેવદિન્નના અને સરસ્વતીના માતાપિતા આવ્યાં હતાં. બીજા પણ અનેક સગાવહાલાંઓ આવ્યાં હતાં.

વરસો પછી દેવદિન્ન સહુને ભેટી પડયો.

દેવદિન્નની માતા તે સરસ્વતીને હૈયા સરસી લેતાં જ બોલી: 'દીકરી......તારા જેવી કુળવધૂ જેના કુળમાં હોય તેનું કુળ કદી પણ કરમાય નહિં.'

બંનેની માતાઓએ બંનેને વધાવ્યા.

અને જ્યારે પ્રિયંગુ શેઠે જોયું કે, વહાણમાં અઢળક લક્ષ્મી ભરી પડી છે. ત્યારે તે આશ્ચર્યથી વિમૂઢ બની ગયો. તેણે સરસ્વતીને કહ્યું: 'વહુ... બેટા, મારા કુળનો દીપક દેવદિન્ન નથી પણ તું છે... મેં જીંદગીમાં એક પણ પૈસો સુકાર્યમાં વાપર્યો નથી. હવે તારી ઈચ્છામાં આવે તે રીતે વાપરજે.'

સરસ્વતીએ સાસુસસરાના અને માતાના ચરણમાં મસ્તક નમાવ્યું.

ત્યારપછી બંનેને વાજતે ગાજતે નગરીમાં લઇ જવામાં આવ્યા.

અને આખી નગરી બુદ્ધિના ભંડાર સમી કુળવધૂને જોવા માટે જાણે ઉતરી પડી.

ચોરે ને ચૌટે સરસ્વતીના ગુણની અને બુદ્ધિની વાતો થવા માંડી.

ભવનમાં પહોંચ્યા પછી સરસ્વતી અને દેવદિન્ન શ્રી જિનેશ્વર ભગવંતના દર્શનાર્થે મંદિરમાં ગયા.

અને સરસ્વતીની ઇચ્છા મુજબ પ્રિયંગુ શેઠે એક લાખ સુવર્ણમુદ્રાઓ ગરીબોને છૂટે હાથે દાન રૂપે દીધી.

અને બંનેનું સંસારજીવન શરૂ થયું. સંસારમાં સુખ પણ છે અને દુઃખ પણ છે. પરંતુ જે દુઃખ છે તે જીવનને જાગૃત કરવાનું ઔષધ હોય છે...અને જે સુખ છે તે જીવનને મોહનિદ્રામાં પોઢાડનારૂં એક વિષ હોય છે.

સરસ્વતી આ સત્ય સમજતી હતી અને પળેપળ પોતાને જાગૃત રાખી રહી હતી.

## : ઉપસંહાર :

દિવસો જવા માંડયા ..વરસો જવા માંડયા ... કાળને કોણ રોકી શકયું છે! ગઇ કાલે નાના બાળકો હતાં તે આજ નવજુવાન બને છે અને આજના નવજુવાનો આવતીકાલે વૃદ્ધ પણ બને છે.

માનવી થંભી જાય છે, માનવીના કાર્યો થંભી જાય છે પણ કાળ કદી થંભતો નથી. કાળ તો ચાલ્યો જ જાય છે. એની ગતિને રોકનારી કોઈ શક્તિ સરજાણી નથી. સરજાશે પણ નહિ.

દેવદિન્નના માતાપિતા મૃત્યુ પામ્યાં. પુત્રને અને પુત્રવધૂને સંપૂર્ણ સુખમાં મૂકીને મૃત્યુ પામ્યાં.

સંતાનોના મસ્તક પર જો દર્દ કે વેદના ઉભરાતાં હોય છે, તો મોહમાં ડૂબેલાં માબાપો પોતાના મૃત્યુને પણ સુધારી શકતાં નથી.

સરસ્વતીના માતાપિતા પણ વિલય પામ્યાં.

સરસ્વતી ચાર બાળકની માતા થઇ.

ચોથું બાળક ત્રણ વર્ષનું થયું ત્યારે તેણે સ્વામીને કહ્યું: સ્વામી, સંસારનો કદી અંત નહિં આવે ..હવે આપણી પ્રતિજ્ઞા સંભારીએ...કદાચ ..'

'શું?'

'આમને આમ આપણે રહી જઈશું તો આપણા આત્માને કદી સુખ નહિં સાંપડે!'

'સરૂ. હું પ્રતિજ્ઞા ભૂલ્યો નથી. પરંતુ આપણા બાળકો નાનાં છે...અને.'

'એનો પણ એક રસ્તો છે.'

'કહે'

'આપણે ચોથા વ્રતની પ્રતિજ્ઞા લઇ લઇએ.'

દેવદ્દિન્ન વિચારમાં પડી ગયો.

સરસ્વતીએ કહ્યું: 'સંસારીઓ જેને સુખ માને છે તે શું આપણે ઓછું ભોગવ્યું છે?'

'ના...'

'તો...'

'હું તૈયાર છું...' દેવદ્દિન્ને કહ્યું.

સ્વામીનો આ ઉત્તર સાંભળીને સરસ્વતી તરત સ્વામીના ચરણમાં નમી પડી અને વળતે જ દિવસે બંને ત્યાં પધારેલા એક જૈનમુનિ સમક્ષ જઇને ચતુર્થવ્રતની પ્રતિજ્ઞા લીધી.

આ પ્રતિજ્ઞાનું બહુમાન જાળવવા અર્થે દેવદ્દિન્ને સમગ્ર નગરીને ત્રણ દિવસ સુધી જમાડી.

અને બાળકો કંઇક મોટાં થયાં, સમજણાં થયાં એટલે દેવદ્દિન્ન અને સરસ્વતી સંસારત્યાગ માટે તૈયારી કરવા માંડયાં.

પુણ્યવંતોને યોગ પણ મળી આવે છે.

એક દિવસે નગરીના ઉદ્યાનમાં મહાત્મા યુગંધરાચાર્યમુનિ પધાર્યાં. નગરીના શ્રાવકકુળો તેમને વાંદવા ગયા. દેવદ્દિન્ન અને સરસ્વતી પણ પોતાના ચારેય બાળકો સાથે ગયાં.

દેવદ્દિન્નનો મોટો પુત્ર વીસ વર્ષનો થયો હતો અને તેને એક વર્ષ પહેલાં જ પરણાવ્યો હતો.

શ્રી યુગંધરાચાર્ય મુનિવરે સર્વને સંસારના અસારપણાનો ઉપદેશ આપ્યો.

અને વ્યાખ્યાન પૂર્ણ થયા પછી દેવદ્દિન્ન તથા સરસ્વતીએ મુનિરાજને પ્રાર્થના કરતાં કહ્યું: 'કૃપાવંત, અમે વરસો પહેલાં ભાગવતી દીક્ષા લેવાની પ્રતિજ્ઞા કરી છે, અમને દીક્ષા રૂપી સંપત્તિથી સમૃદ્ધ કરો.'

શ્રી યુગંધરાચાર્ય મહારાજ તો મહાજ્ઞાનિ હતા. તેઓ જોઇ શકયા કે બંને ઉત્તમ જીવ છે...સાચા માર્ગના મુસાફર છે.

શ્રી યુગંધરાચાર્ય ભગવંતે બંનેને તત્કાળ દીક્ષા આપી.

સારી યે નગરીમાં આનંદ-મંગળ ભર્યો ઉત્સવ શરૂ થયો.

દેવદ્દિન્નના મોટા પુત્રે માતાપિતાના ત્યાગમાર્ગને વાધરે સરલ બનાવ્યો, પોતાના ત્રણ ભાઇબહેનની કશી ચિંતા ન રાખવાનું જણાવીને પોતે પણ યોગ્ય સમયે દીક્ષા અંગીકાર કરશે એવી પ્રતિજ્ઞા લીધી.

સર્વત્યાગના માર્ગે દેવદ્દિન્ન અને સરસ્વતી વિચરવા માંડયા.

જેમણે ધરતીપર કદી ડગલું ભર્યું નહોતું તેઓ વિકટ માર્ગના પ્રવાસી બન્યાં.

અને કરેલા કર્મોમાંથી આત્માને મુક્ત કરવાના મહાન કાર્યમાં બંને તદાકાર બની ગયાં.

—સમાપ્ત—

## આચાર્ય વિજયવલ્લભસૂરિ સ્મારક ગ્રંથ 'જાહેર ખબર'માં સુધારો

'કલ્યાણ' માસિકના શ્રી વર્ધમાન તપ વિશેષાંકના ૨૧૯મા પાના ઉપર ઉપલા શિર્ષક હેઠળ જે જાહેર ખબર છપાઇ છે, તેમાં જુન માસમાં યોજાનારા ઉદ્દઘાટન સમારંભ સુધી ગ્રંથની ખાસ ઘટાડેલી રૂા. ૧૨-૮-૦ની કિંમતે ગ્રાહકો નોંધવાનું જણાવેલ છે, તે જુન માસમાં અંક પ્રગટ થશે તે હિસાબે જણાવ્યું છે. પરંતુ આ વિશેષાંક મોડો પ્રગટ થયેલ હોઇ અને ઉદ્દઘાટન સમારંભ જુન માસમાં થઇ ગયેલ હોઇ હવે આચાર્ય વિજયવલ્લભસૂરિ સ્મારકગ્રંથની સુધારેલી મૂળ કિંમત રૂા. ૧૭-૮-૦ રહે છે તેમ સમજવું.

તંત્રી, કલ્યાણ.

ॐ અર્હમ્

# શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા ભાવનગર

## યાત્રાળુ મહાનુભાવોને સાચો-સંદેશ

**યાત્રાએ જતાં પહેલાં આ પુસ્તકો સાથે લઇ જવા ભૂલતા નહિં. તીર્થ-સ્થાનોનો મહિમા, જોવા યોગ્ય સ્થળો, પરિચય અને તે થોડા સમયમાં કેમ મુસાફરી થઇ શકે તે તીર્થસ્થળોનાં પુસ્તકો ઐતિહાસિક દૃષ્ટિએ જાણવા-જોવા માટે સાથે લઈ યાત્રા કરશો તો અનેરો આત્માનંદ અનુભવશો.**

❀

**ઘેર બેઠાં વાંચી જશો તો પણ જવાની ભાવના થશે. માટે નીચેનું સાહિત્ય મંગાવી લ્યો. તે બહુ કિંમતી મદદરૂપ થઈ પડશે. દરેક પુસ્તકોની કિંમત સાહિત્યપ્રચારની દૃષ્ટિએ ઓછી રાખવામાં આવી છે.**

**૧ તીર્થરાજ આબૂ ભાગ પહેલો** [સચિત્ર] ગુજરાતી કિં. રૂા. ૫-૪

આબૂ અને આબૂ દેલવાડાના જૈનમંદિરોની સંસારમાં કેટલી ખ્યાતિ છે એ કોઈથી અજાણ્યું નથી. આબૂ ઉપરની એક એક વસ્તુનું સમગ્ર જ્ઞાન આપી શકે, મંદિરની અંદર પણ કયાં શું છે, એ સમજમાં આવી શકે, એનો ઇતિહાસ બતાવી શકે એવું આ પુસ્તક છે. પૃષ્ટ સંખ્યા ૪૦૦, ફોટા ૮૨, પાકું બાઈન્ડીંગ જેકેટ સાથે.

**૨ આબૂ ભાગ બીજો**-શ્રી અર્બુદ-પ્રાચીન-જૈન-લેખ સંદોહ રૂા. ૫-૦

સ્વ૦ શાન્તમૂર્તિ મુ શ્રી જયંતવિજયજી મહારાજશ્રીએ અતિ પરિશ્રમ લઈ સમગ્ર લેખોનો સંગ્રહ, ગુજરાતી ભાષામાં સાલવાર અનુક્રમ, ગામ, શાખા, ગોત્ર વિગેરેનું સરલ રીતે આલેખન કરેલું છે. પૃષ્ટ સંખ્યા ૬૪૦, સુંદર જેકેટ બાઇન્ડીંગ સાથે.

**૩ આબૂ ભાગ ત્રીજો-અચળગઢ** (સચિત્ર) રૂા. ૧-૮

અચળગઢ એ પ્રાચીન અને મહત્ત્વનું તીર્થ છે. પૂ. શાંતમૂર્તિ મુ. શ્રી જયંતવિજયજીએ ઐતિહાસિક દૃષ્ટિએ સુંદર વર્ણન આપી તેની મહત્તામાં વધારો કર્યો છે. આ ગ્રંથ પુરાતત્ત્વવેત્તાઓ, વિદ્વાનો અને તીર્થપ્રેમીઓમાં આદરપાત્ર થઇ પડેલ છે. પૃષ્ટ સંખ્યા ૧૧૬ ફોટા ૧૬ સાથે.

**૪ આબૂ ભાગ ચોથો**-અર્બુદાચળ પ્રદક્ષિણા (સચિત્ર) રૂા. ૨-૮-૦

આ પુસ્તકમાં આબૂ પહાડની પ્રદિક્ષાણુમાં આવતાં લગભગ ૧૦૦ ગામોનો ઇતિહાસ નજરે નિહાળી નકશા સાથે આલેખવામાં આવ્યો છે. પૃષ્ટ સંખ્યા ૩૧૬, ફોટાઓ ૧૬ નકશા સાથે.

**૫ આબૂ ભાગ પાંચમો**-અર્બુદાચલ પ્રદક્ષિણા જૈન લેખ સંદોહ રૂા. ૫-૦

આ પુસ્તકમાં આબુ પહાડ ફરતા પ્રદક્ષિણાના ગામોમાં આવતા શિલાલેખો, ખંડહેરના શિલાલેખો, ઐતિહાસિક દૃષ્ટિએ જાતમહેનતથી નોંધી સ્વ. શાંતમૂર્તિ મુનિ શ્રી જયંતવિજયજીએ ગુજરાતીમાં તે

આપી પ્રકાશિત કરવામાં આવેલ છે. પૃ. ૩૭૨. સુંદર બાઇન્ડીંગ સાથે.

**૬ HOLY ABU price 10-0**

મૂળલેખક સ્વ. શાંતમૂર્તિ મુનિરાજ શ્રી જયંતવિજયજી મહારાજ, અંગ્રેજી અનુવાદક—ડૉ. ઉમાકાન્ત પ્રેમાનંદ શાહ. M. A. pH. D.

આ આબૂ પ્રથમ ભાગ [સચિત્ર]નો ગુજરાતી ભાષા નહિ જાણનારા પ્રવાસીઓને ઉપયોગી અંગ્રેજી અનુવાદ છે. તેનો ઉપોદ્ઘાત ભારતના સુપ્રસિદ્ધ વિદ્વાન ડૉ૦ વાસુદેવ શરણ અગ્રવાલે ફોરવર્ડ ૧૨ પૃષ્ટનો લખી પુસ્તકની મહત્તામાં ઓર વધારો કરેલ છે. સુંદર બાઈન્ડીંગ, ઉંચા પેપર, જેકેટ વિગેરેથી સુશોભિત થયો છે. ડેમી સાઇઝ, પૃષ્ટ સંખ્યા ૨૭૫, ફોટા ૭૫ સાથે. દરેક પુસ્તકાલયમાં સંગ્રહ કરવા યોગ્ય છે.

**૭ ચિત્રમય તીર્થરાજ આબૂ**-(આલ્બમ) રૂ. ૧-૮

જેમાં આર્ટપેપર ઉપર સુંદર દર્શનીય ફોટા ૮૨ નો આ સંગ્રહ છે.

**૮ શંખેશ્વર મહાતીર્થ**-(સચિત્ર) પૃષ્ટ ૨૭૨, ફોટા ૧૮ રૂ. ૨-૦

**૯ ચિત્રમય શંખેશ્વર**-(આલ્બમ) રૂ. ૦-૬

**૧૦ પૂર્વભારતની જૈન તીર્થ ભૂમિઓ**-(સચિત્ર) રૂ. ૨-૦

આ પુસ્તકમાં મુખ્ય ૪૨ અને બીજા ૧૬ મળી કુલ ૫૮ જેટલા ગામો-નગરોની પૂર્વદેશની કલ્યાણક ભૂમિઓનો પરિચય આપ્યો છે, તીર્થયાત્રાનો ક્રમ અને ક્યાંથી કયા સ્ટેશને ઉતરી તીર્થધામમાં જવાય છે, એની માહિતી આપવામાં આવી છે, વિચ્છેદ તીર્થભૂમિઓની વિગત પણ જેટલી પ્રાપ્ત થઈ શકે તેટલી આમાં સંગૃહીત કરેલ છે. તીર્થભૂમિઓના ૧૯ જેટલા ફોટાઓ છે. સમેતશિખર જનારા યાત્રાળુને ઉપયોગી. પૃષ્ટ સં. ૧૫૨. ફોટા ૧૯.

**૧૧ રાણકપુરની પંચતીર્થી**-(સચિત્ર આ. ૨ જી) રૂ. ૧-૧૨

આ મુખ્ય તીર્થ ધરણવિહાર-ત્રૈલોક્યદીપક મંદિર તરીકે પ્રસિદ્ધ છે. મંદિરનો ઘેરાવો ૪૮૦૦૦ ફીટનો છે. જવા-આવવાની ક્યા સ્ટેશનથી સગવડતા-સાધન વિગેરેની માહિતી, તીર્થમાળાઓમાં આ તીર્થ માટે આવતું વર્ણન વિગેરે એક વખત વાંચી જઇને પણ તીર્થધામની યાત્રા કરવા જવા પ્રેરણા ઉદ્ભવે છે. મંદિરમાં આવેલા ૧૪૪૪ થાંભલાઓ અને ૮૪ ભોંયરા વિગેરેની હકીકત આપેલી છે. ૨૪ ફોટાઓ સાથે માર્ગદર્શક નકશો. પૃષ્ટ સંખ્યા ૧૨૬.

**૧૨ ચિત્રમય રાણકપુર**-(આલ્બમ) રૂ. ૦-૮

**૧૩ ચાર જૈન તીર્થો** ૧ માતર ૨ સોજિત્રા ૩ ખેડા, ૪ ધોળકા [ છપાય છે. ]

સંપાદક-મુનિરાજ શ્રી વિશાલવિજયજી મહારાજ.

**૧૪ શ્રી ભોરોલતીર્થ**-પૃષ્ટ સંખ્યા ૩૬ રૂ. ૦-૪

ઉત્તર ગુજરાતમાં આવેલા શ્રી નેમીનાથ ભગવાન આ તીર્થ છે, તેનો પરિચય આપેલ છે.

**૧૫ ઉપરિયાળાતીર્થ**-પૃષ્ટ. ૨૮ રૂ. ૦-૬

વીરમગામ પાસે આવેલું આ તીર્થસ્થાન શ્રી આદીશ્વર ભગવાનનું છે. સ્વર્ગસ્થ આચાર્યશ્રી વિજય ધર્મસૂરીશ્વરજીના પ્રયાસથી આ તીર્થ પ્રસિદ્ધિમાં આવેલું છે.

**૧૬ અક્ષયતૃતીયા**--[વરસીતપવિધિસહિત] ૦-૬-૦

**૧૭ રાજાશ્રીપાલ**-(જયભિખ્ખુ)

[ આયંબિલતપ વિધિસહિત ] રૂ. ૦-૮-૦

**૧૮ ચારૂપ-મેત્રાણા-બે જૈનતીર્થો.** હાલમાં પ્રગટ થયું છે. રૂ. ૦-૬

**૧૯ સિંધવિહાર વર્ણન** [ નકશા સાથે ] રૂ. ૨-૦

( સં. ૨૦૧૨ પર્યુષણપર્વ )

—: લખો :—

**શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા**

ઠે. ગાંધી ચોક ભાવનગર (સૌરાષ્ટ્ર)

વિશેષ માટે સૂચિપત્ર મંગાવો. પોસ્ટ પેકીંગ અલગ




ભારતમાં જુલાઈની ૨૭મીના કચ્છ પ્રદેશના ૩૦ હજાર માનવવસ્તી ધરાવતા શહેર અંજારમાં ધરતીકંપના આંચકાઓ આવતાં પારાવાર જાનમાલનુ નુકશાન થયું છે. તા. ૨૭–૭–૫૬ના રાત્રે ૯ તથા ૫ મિનિટે કચ્છના પ્રદેશમાં લાગેલો આ આંચકો ઠેઠ દક્ષિણમાં મુંબઈ, ઉત્તરમાં પાલણપુર, પૂર્વમાં ગોધરા અને પશ્ચિમમાં પોરબંદર સુધી પહોંચ્યો હતો. સુરત, અમદાવાદ, રાજકોટ, જામનગર, જુનાગઢ, પાટણ, મહેસાણા, વઢવાણ, પાલીતાણા, ભાવનગર ઇત્યાદિ દરેક સ્થળોએ આ આંચકાઓ જણાયા હતા. પણ કચ્છના ગામોમાં તથા ઉત્તર ગુજરાતના રાધનપુર, ભાભેર વગેરે ગામોમાં આ આંચકાઓ સખ્ત હતા. અંજાર શહેરનો ત્રીજો ભાગ સાવ ખલાસ થયો છે. કરોડોનું આર્થિક નુકશાન થયું છે. ૧૨૫ ઉપરાંત માણુસો મૃત્યુ પામ્યા છે. સંખ્યાબંધ પશુઓ મૃત્યુ પામ્યા છે. કેટ–કેટલાય માનવો નિરાધાર બન્યા છે. પોતાના સ્નેહી–સ્વજનોથી અકસ્માત વિખૂટા પડ્યા છે. રાતના ૯ સુધી ઘરમાં કલ્લોલ કરતાં પાંચ માણસોમાં ૪ મૃત્યુ પામ્યા અને પાંચમો આધાર રહિત બન્યો; આવું તો સંખ્યાબંધ ઘરોમાં બન્યું હશે? રાત્રે ૯ સુધી લાખોના માલિકો ગણાતા અડધી રાતે ભિખારી બનવા જેવી દશામાં મૂકાઇ ગયેલ છે. આ અધાયની યાતના, વેદના કે માનસિક દુઃખો રૂપ નુકશાનીનો કોઇ અંદાજ નથી રહ્યો! ધરતીકંપનો બીજો આંચકો ૧૧ વાગ્યે, તથા સવારના પાંચ વાગ્યે અંજાર અને તેની આજુબાજુ થયો હતો. પોષ્ટનું મકાન બિલકુલ પડી ગયું હોવાથી બહારના સંદેશાવ્યવહાર પણ અટકી પડ્યા હતા.

જૈનોના ૩૦૦ ઘરો અંજારમાં છે. તેઓ પણ આર્થિક મુશ્કેલીમાં મૂકાઇ જાય એ સ્વાભાવિક છે. જૈનોમાં મૃત્યુ બે નોંધાયા છે, જ્યારે આર્થિક નુકશાનીનો કોઇ પાર નથી. બે દેરાસરોને નુકશાન થયું છે. અને ત્રીજા દેરાસરને વધારે નુકશાન થયું છે. સાધ્વીજી મહારાજના ઠા. ૬ ત્યાં ચાતુર્માસાર્થે બિરાજમાન હતા. તેઓને સલામતરીતે સ્થલાંતર કરાવાયેલ છે. વધુ દુઃખદ સમાચાર એ છે કે, ભદ્રેશ્વરતીર્થના પ્રાચીન જિનમંદિરને તથા બાવન જિનાલયની દેરીઓને નુકશાન થવા પામ્યું છે. ચાતુર્માસના સમયમાં ચોમેર અતિવૃષ્ટિના કારણે વાહન–વ્યવહારમાં મુશ્કેલી હોવાથી કચ્છના પ્રદેશોમાં કેટલા ગામોમાં નુકશાન થયું છે? તેનો ચોક્કસ ખ્યાલ હાલ તાત્કાલિક આવવો શકય નથી. છતાં લગભગ ૧૦–૧૨ ગામોને ખૂબ જ નુકશાન પહોંચ્યું છે. ભચાઉના દેરાસરજીમાં પણ તડ પડી છે. પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયકનકસૂરીશ્વરજી આદિ શાતાપૂર્વક બિરાજે છે, તેઓશ્રી ભચાઉ ખાતે છે, ત્યાં જૈનભાઇઓને કશી જાન-માલની નુકશાની આવી નથી.

❀

અસાડ વદિ ત્રીજ, તથા ચોથના સવારના

૧૧ાા વાગ્યે ફરી અંજાર, ભુજ, ભચાઉ, રાજકોટ. જામનગર–કાલાવડ ખાતે ધરતીકંપના હળવા આંચકાઓ આવ્યા હતા. એટલે અંજારમાં ફરી પાછો ગભરાટ શરૂ થયો હતો. ત્યાંની વસતિ સ્થલાંતર કરવા તલપાપડ થઈ હતી. લગભગ ૮ થી ૧૦ હજાર માનવો અંજાર છોડીને ચાલ્યા ગયા છે. ૫ થી ૭ હજાર ત્યાં આશ્રય મેળવીને રહ્યા છે. આમ ગઈ કાલ સુધી જ્યાં આનંદ–કિલ્લોલથી વાતાવરણ ગાજતું હતું, ત્યાં આજે સ્મશાનશાંતિ અને શૂન્ય ભેંકાર હવામાં ફેલાઇ રહ્યો છે. આટ–આટલાં વિજ્ઞાનનાં સાધનો હોવા છતાં ચોમેર પ્રગતિ કે વિકાસની વાર્તા થતી હોવા છતાં માનવ કેટ–કેટલો અશરણ, દીન તથા કર્મની પરવશતા આગળ નિરૂપાય અને લાચાર છે, તે આ હકીકત મોહમાયામાં મૂઢ બનીને આત્મભાન ભૂલેલી દુનિયાને સ્પષ્ટ પડકાર આપી જાય છે.

❀

આજના ભૂસ્તરશાસ્ત્રી નિષ્ણાતોનું કહેવું છે કે, કચ્છના પ્રદેશમાં તેલ કે કોલસો જમીનના પેટાળમાં પડયો છે. તે કારણે અંદરની ગરમીએ પૃથ્વીના પડને ભેદીને બહાર આવવા પ્રયત્ન કર્યો છે. કચ્છના તે પ્રદેશમાં હવે અવાર–નવાર કદાચ કોઇ સમયે હળવા ધરતીકંપના આંચકા આવશે, છતાં નુકશાન નહિ થાય. આ ધરતીકંપ અંજારથી ૫૦ માઇલના પ્રદેશમાં કેંદ્રરૂપે છે. ત્યાંથી આરંભ થઇને બધે ફેલાયો છે. આજથી બે વર્ષ અગાઉ ભારત સરકારના ભૂસ્તર વિભાગના સલાહકાર ડો. ડી. એન. વાડીયાએ અમદાવાદ ખાતે ગુજરાત કોલેજમાં ભાષણ આપતાં જણાવ્યું હતું કે, 'ગુજરાત પાસે મોટા પ્રમાણમાં ખનીજ સંપત્તિ નથી. પરંતુ ગુજરાતે હંમેશા કચ્છની ધરતી ઉપર નજર રાખવાની રહેશે. જો ત્યાં ધરતીકંપ થાય તો તેના પેટાળમાં તેલ માટે ઘણી મોટી શકયતાઓ રહે છે.' ડો. વાડીયાનું આ કથન આજે ઘણું સૂચક થઈ પડયું છે, તેમ મનાય છે. ગમે તે હોય; આજે તો ત્યાં રહેતી પ્રજાનો સામુદાયિક અશુભોદય વર્તી રહ્યો છે, તે નિર્વિવાદ છે.

❀

બ્રિટીશ પાર્લામેન્ટે ફાંસીની સજા રદ કરી છે, તે સમાચાર આ વિભાગમાં પ્રસિધ્ધ થઇ ચૂક્યા છે. તેના પગલે પગલે સીલોનની સરકારે પણ ૩ વર્ષ માટે ફાંસીની સજા રદ કરી છે. અને ત્રણ વર્ષ બાદ પરિસ્થિતિનું અવલોકન કરી, એ કાયદાની મુદત લંબાવવામાં આવશે. જ્યારે ભારત સરકારના ગૃહખાતાના પ્રધાન બી. એન. દાતારે ભારતની પાર્લામેન્ટમાં ફાંસીની સજાને ચાલુ રાખવા માટેની દલીલમાં કહ્યું હતું કે, 'જે દેશમાં લગભગ વર્ષ દરમ્યાન નવ હજાર ખૂનો થતાં હોય તે દેશમાં દેહાંતદંડની નાબૂદી જરૂરી કે સલાહભરી નથી.' દાતારની આ દલીલનો ન્હાનો બાળક પણ જવાબ આપી શકે તેમ છે કે, જે દેશમાં ફાંસીની સજા સેંકડો વર્ષોથી ચાલુ હોવા છતાં નવ હજાર ખૂનો થઇ રહ્યા છે, તે દેશમાં ફાંસીની સજા શા માટે જરૂરી હોઈ શકે? શું અપરાધી માનવને સુધારવા માટે આજના વૈજ્ઞાનિક યુગમાં અન્ય કોઇ વૈજ્ઞાનિક સાધન નથી શોધાયું કે હજુ પૂર્વની અસભ્ય તથા જંગલી રીત મૃત્યુ સામે મૃત્યુનો અમલ ભારત જેવા સભ્ય દેશને કરવાની જરૂર ઉભી

થાય છે?

❀

**સૌ**રાષ્ટ્રમાં ચોટીલા પાસે સણોસરા ગામમાં એક નજીવા અનુપયોગે કરૂણ અકસ્માત સર્જાયાનો પ્રસંગ બન્યો છે. એક ગર્ભવતી જુવાન બાઇ બારી ઉપર ઉઘાડો દીવો રાખીને, નીચે જોડે ગાદલું પાથરીને સૂઇ રહી હતી. અકસ્માત ત્યાં બારીમાં બિલાડી કૂદતી આવી, ને દીવાને ધક્કો માર્યો, દીવો ગાદલામાં પડતાં ગોદડું સળગ્યું, બાઇ ત્યાં સખ્ત દાઝીને મરી. ને સાથે પેટમાં રહેલું બાળક પણ મૃત્યુને શરણ થયું. જૈનદર્શન ડગલે ને પગલે ઉપયોગ ઉપર તથા યતના માટે જે ભાર મૂકે છે, તે આજ કારણે ઉપકારક છે. ખાવા,-પીવામાં લેવા તથા મૂકવામાં ખૂબ લાંબો વિચાર કરી, યતનાપૂર્વક ઉપયોગ રાખીને કાર્ય કરવું, જેમાં સ્વ તથા પર બન્નેને લાભ છે.

❀

**મ**ધ્ય પ્રદેશના નાગપુર શહેરના શાક-બજારમાંથી એક ભાઈ શાકમાં કોબી ખરીદીને લાવ્યા, તેની પુત્રી તે કોબીને સમારી રહી છે, ત્યાં તેના પડમાંથી ઝેરી સાપનું બચ્ચું નીકળ્યું. પુત્રીએ બૂમા-બૂમ કરતાં આજુ-બાજુના લોકો દોડી આવ્યા. કોબી, ફુલાવર કે એવા શાકોનો ઉપયોગ આ દષ્ટિએ જે પૂ. મુનિવરો શ્રાવકોને વાપરવાનો નિષેધ કરે છે, એ વાત વ્યાજબી લાગે છે. કોબી જેવા શાકોમાં પડ બહુ હોવાથી અનેક ત્રસ જીવોનો તેમાં સંભવ છે. જૈનદર્શનના કડક આચારો પણ તેના પાલનારના ઈહલોક તથા પરલોકના લાભ માટે છે. એ વિચારતાં સમજી શકાય છે.

❀

**મી**સરની એલેકઝાન્ડ્રીયા યુનિવર્સીટીના પ્રોફેસર કોસ્કોવસ્કીએ બ્રીટનમાં તંબાકુની વધતી જતી વપરાશનું પૃથક્કરણ કરતાં જણાવ્યું હતું કે, '૧૯૩૬માં બ્રિટને ૩૨૦૦૦૦૦૦ રતલ તંબાકુનો ઉપયોગ કર્યો હતો. ૧૯૩૮માં ૧૯ કરોડ રતલ; ૪૭માં ૨૦ કરોડ રતલ, ૧૯૫૩માં ૨૪ કરોડ રતલ તમાકુનો ઉપયોગ કર્યો છે.' તેઓએ જણાવ્યું હતું કે, ધૂમ્રપાન ઉપર અંકુશ મૂકાય તો આરોગ્યમાં સુધારો થાય, અને તેના ઉપર સંપૂર્ણ અંકુશ મૂકાય તો પણ કાંઇ ખોટું નથી. ધૂમાડા ખાતર લાખોનું પાણી કરનારને ધૂમાડો જ મલે છે.

❀

**ભા**રતમાં ૬૩૦૦ ઉપરાંત ચાના બગીચાઓ છે. એ બધા એકંદરે ૭૮૯૦૦૦ એકર જમીનને આવરી લે છે. તેમાં એકંદરે ૬૩ કરોડ રતલ ચાનું ઉત્પાદન થાય છે. હિંદમાં દિન-પ્રતિદિન કાળાપાણી-ચાનો વપરાશ કૂદકે ને ભૂસકે વધતો રહ્યો છે. ૫૨-૫૩માં ૧૭ કરોડ ૫૦ લાખ રતલ ચાનો વપરાશ હતો. ૫૪-૫૫માં તે વધીને ૧૮ કરોડ ૩૦ લાખ રતલ થયો છે. દૂધ, ઘી, તથા છાશ જેવાં સ્વાભાવિક પીણાઓ ઉપર જે દેશની પ્રજાના શરીર નિર્ભર હતા, વ્યસનમુક્ત જે દેશની પ્રજાનાં માનસ તંદુરસ્ત અને નિર્મલ હતા, ત્યાં આ ચાના કાળા રખડાઓએ પ્રજાના પ્રત્યેક વર્ગના બાલથી વૃદ્ધ સુધીના માનવોને પરવશ, નિઃસત્ત્વ અને કંગાલ બનાવી મૂકેલ છે, એ કેટલું દુખદ છે.!

❀

**પા**કીસ્તાનમાં પણ બેકારીએ માઝા મૂકી છે, તે નીચેના પ્રસંગથી સમજી શકાય છે. ત્યાં

લાહોર ખાતે નોર્થ-વેસ્ટર્ન રેલ્વે વર્કશોપમાં કામ કરવા ૨૫ કુલીઓની જગ્યા માટે અરજીઓ માંગવામાં આવતાં ૨૦ હજાર માણસોએ તે જગ્યા માટે અરજીઓ કરી છે, એમાં સારી એવી સંખ્યા મેટ્રીક પાસ થયેલાઓની છે. આ કામ માટે ૬૫ રૂ. પગાર મળનાર છે, ૨૦ હજાર અરજદારોમાંથી ૮૦૦ મુલાકાતીઓને મુલાકાત આપવામાં આવી છે.

❀

હિંદમાં પણ આઇ. એ. એસ. ઇન્ડીયન એર સર્વીસની તાકીદની ભરતીમાં આવવા માટે માસિક રૂા. ૩૦૦ આવકની મર્યાદા ધરાવતી જોગવાઈ માટેના ૧૦૦ ઉમેદવારોની જગ્યા માટે અરજીઓ માંગવામાં આવતા ૩૦ હજાર અરજીઓ ભારત સરકારના એર ડીપાર્ટમેન્ટને મલી છે! રે બેકારી!

❀

ગોધરા ખાતે વેસ્ટર્ન રેલ્વેના જુદા-જુદા ખાતાઓમાં કારકુની માટે ૮૦૦ જેટલી જગ્યાઓને અંગે અરજીઓ મંગાવવામાં આવતાં ૫૦૦૦ અરજીઓ આવી છે. તે લોકોને અમદાવાદ, વડોદરા, રતલામ, મુંબઈ, કોટા ખાતે બોલાવ્યા છે. તેમાંથી ઉત્તીર્ણ થયેલાને નોકરી આપવામાં આવશે. ત્યાં સુધી પોતાના ખર્ચે પ્રવાસ કરવાનો અને પાસ થવા માટે કાગડોળે રાહ જોવાની. હિંદમાં બીજી બાબતોમાં કદાચ વિકાસ થયો હોય કે ન થયો હોય, પણ બેકારોની બાબતમાં તો સારી પ્રગતિ થઇ છે. સહુને વગર-મહેનતે બેઠાડુ જીવન ગાળીને સુખ ભોગવવું છે. રે પામરતા!

❀

હિંદના લોકપ્રિય વડાપ્રધાન પં. જવાહરલાલ નહેરૂ યૂરોપમાં શુભેચ્છામીશનના અગ્રદૂત તરીકેનો પ્રવાસ કરીને તાજેતરમાં સહિસલામત સન્માનપૂર્વક પાછા આવ્યા છે. અમેરિકા, લંડન, પેરીસ, ફ્રાન્સ, પશ્ચિમ જર્મની, આયર્લેન્ડ, ઈજીપ્ત ઈત્યાદિ દરેક દેશોમાં તેઓ ખૂબ જ સન્માન પામ્યા છે. તે તે દેશના વડાપ્રધાનોએ પણ પં. જવાહરલાલજીનાં વ્યક્તિત્વને ખૂબ ખૂબ સન્માન્યા છે. પણ ગમે તે કારણે અમેરિકાના પ્રેસીડેન્ટ આઈઝનહુવર તથા પં. જવાહરલાલજીની પરસ્પર અંગત મુલાકાત ન થવા પામી. કદાચ પં. જવાહરલાલજીના શાંતિકાર્ય કે સમાધાનપ્રિય માનસનો પોતાના ઉપર પ્રભાવ પડી જાય તો સામ્રાજ્યશાહીને ટકાવી, તેને ફાલી-ફૂલી રાખવાના તેમનાં સ્વપ્નાઓ ભાંગી પડે, તે ચિંતા કદાચ અમેરિકાના પ્રમુખને થઇ હોય તો નવાઇ નહિ!

❀

ઇજીપ્તના વડાપ્રધાન કર્નલ નાસીરે યૂરોપના માંધાતાઓ સામે માથું ઉંચકીને યૂરોપના રાષ્ટ્રોને મૂંઝવણમાં મૂકયા છે. ભૂમધ્યસમુદ્ર તથા રાતા સમુદ્રને સાંકલતી 'સૂએજની નહેર'નો કબ્જો પોતાના હાથમાં લઇને ઇજીપ્તે બ્રીટન, ફ્રાન્સ તથા અમેરિકા સામે પોતાના સ્વતંત્ર મીજાજનો પરિચય આપ્યો છે. બ્રિટનની જીવાદોરી જેવી ગણાતી નહેરનો ૧૦૦ વર્ષનો પટ્ટો હતો. તેની મુદત ૧૯૬૮માં પૂર્ણ થતી હતી, તે પહેલાં કર્નલ નાસીરે આ ધડાકો કરી યૂરોપને ફફડાટમાં મૂકયું છે. આજે તો સુએઝનહેરના રાષ્ટ્રીયકરણ કરવા દ્વારા કર્નલ નાસીરે ખળભળાટ જગાવ્યો છે. તેના પરિણામે યૂરોપમાં કાં તો શાંતિ સ્થાયી બને છે, અને કાં તો નવા વિશ્વવિગ્રહના બીજ વવાય છે. એમાંથી

એક વસ્તુ બનશે તે આજે બ્રિટન, ફ્રાંસ તથા અમેરિકાના માંધાતાઓના વલણ ઉપરથી કલ્પના થઇ શકે છે.

❀

કચ્છ પ્રદેશના અંજાર વગેરે પ્રદેશ ઉપર ભૂકંપના કારણે આવેલી આપત્તિમાં સહાયક બનવા મુંબઇ, અમદાવાદ, સૌરાષ્ટ્ર આદિ સ્થળોનાં સંખ્યાબંધ બજારોના વ્યાપારીઓએ, સંસ્થાઓએ, ભારત સરકારે, ગુજરાતના ન્હાના-મોટા ગામોએ ફાળાઓ ઉઘરાવીને સારી હમદર્દી બતાવી છે. ડૉકટરી સારવાર, તથા અન્ય અનેક તબીબી સાધનો પહોંચી ગયા છે. પ્રાર્થના સભાઓ, ઇત્યાદિ દ્વારા સામુદાયિક અશુભોદયના કારણે વિપત્તિમાં મૂકાયેલા સર્વ કોઇના પ્રત્યે સમવેદના વ્યક્ત કરવા સર્વે પોત-પોતાની ફરજ બજાવી રહ્યું છે. છેલ્લા સમાચાર મુજબ રાધનપુર જૈન સંઘે અસાડ વદિ ૮નો દિવસ ખાસ સમવેદના વ્યક્ત કરવા માટેનો રાખી, રાધનપુર જૈન મહાજને સારોયે દિવસ ધર્મારાધનામાં ગાલ્યો હતો. તે દિવસે ૬૦૦ ઉપરાંત આયંબીલો થયા હતા. બપોરે સામુદાયિક સામાયિક, સવારે સામુદાયિક સ્નાત્ર, અને ગામમાં પાખી રાખી હતી. ભદ્રેશ્વરતીર્થ ને અંજારના જૈન દેરાસરોને જે નુકશાન થયું, સેંકડો માનવો જે વિપત્તિમાં મૂકાયા, તે અશુભોદયના નિમિત્તોને નિવારવા આ રીતે ધર્મારાધના થઇ હતી. અને પૂ૦પાદ પંન્યાસજી મ. શ્રી કનકવિજયજી ગણિવરશ્રીના સદુપદેશથી રાહતફાળો થયો હતો. સર્વ કોઈએ આવા પ્રસંગોમાં પોતાના તન, મન તથા ધનનો ભોગ આપી, અવસરોચિત કરવું તેમાં ધર્મ, કર્તવ્ય અને ઔચિત્ય રહેલું છે. અને ગુજરાત, કચ્છ તથા સૌરાષ્ટ્ર; મારવાડ, મેવાડ અને માલવાની પ્રજાને તો આ સંસ્કારો તેના વારસાના કારણે તેના હાડેહાડમાં રહેલા છે. એમાં તેને કશું કહેવાનું હોય નહિ.

તા. ૩-૮-૫૬ :

❀

## પુસ્તકોની સમાલોચના માટે

અમારા પર જે જે લેખકો, પ્રકાશકો તથા સંપાદકોએ પોતાનાં પ્રકાશનોને સમાલોચનાર્થે મોકલેલ છે તે બધાયનો અમે સાભાર સ્વીકાર કરવાપૂર્વક તેઓને જણાવીએ છીએ કે ચાલુ વર્ષમાં લગભગ ૧૭ અને ૨૪ ફર્માઓનો એમ બે વિશેષાંકો પ્રસિદ્ધ કરવાને કારણે તથા અન્યાન્ય ઉપયોગી લેખોને સ્થાન આપવાના અનિવાર્ય કારણસર અત્યારસુધી તે બધાય પ્રકાશનોની સમાલોચના પ્રસિદ્ધ કરી શક્યા નથી. તે માટે તે સર્વ અમારા સહૃદય પ્રકાશકો આદિની ક્ષમાયાચના કરવાપૂર્વક આગામી અંકથી સમાલોચના વિભાગ નિયમીત પ્રસિદ્ધ કરવાના અમારા નિર્ણયની અમે સર્વ પ્રકાશકો, લેખકો, તમા સંપાદકોને નોંધ લેવા વિનંતિ કરીએ છીએ, અને સર્વ કોઈ પ્રકાશકો પોત-પોતાનાં નવાં પ્રકાશનો સમાલોચનાર્થે અમારા ઉપર મોકલે એજ. સં.

❀

**જૈનધર્મને લગતાં પાઠશાળા, કન્યાશાળા અને લાઇબ્રેરી ઉપયોગી પ્રકાશનો મેળવવા માટે નીચેના સીરનામે**

**-: લખો :-**

**શ્રી લીલચંદ ચુનીલાલ શાહ**

ઠે, ફુલાભાઇ નારણભાઇની ચાલ નાવલીવાળા બિલ્ડીંગ પાછળ આણંદ ( ગુજરાત )

# * 'માયા અને તત્ત્વ' *

## શ્રી ભવાનભાઈ પ્રાગજીભાઇ સંઘવી

હે જીવ ! તારૂં મન માયાવડે આકર્ષાઇ ગયું છે, પણ એ માયામય જગતની આશા કયાં લગી ? માયા એજ માતારૂપે ભેદ-ભાવને જન્મ આપે છે, અને પત્ની રૂપે એજ માયા તને આકર્ષી રહી છે. આખો સંસાર એ માયાની જ ઉત્પત્તિ છે, એવી એ મોહક અને ઠગારી એ છે છતાં ભાઇ ! તું ક્રિતદાસ બનીને એને આધિન કેમ બની રહ્યો છે ? ફુલ તરફ ભમરો ખેંચાય છે, પણ આ મનરૂપી ભ્રમર તો જેની હયાતી જ નથી એવા આકાશપુષ્પોમાં ગુંથાઈ જાય છે, એને તો દિવસે પણ અંધકાર લાગે છે.

આત્માનો પ્રકાશ અનંત છે, છતાં પણ જ્યારે આત્મા અને અનાત્માનો, અર્થાત્ જડ અને ચેતનનો, સત્ય અને અસત્યનો ખરો વિવેક થાય અને બધાય વચ્ચે રહેલો ભેદ પરખાય ત્યારે જ મોહ, અજ્ઞાન, અને મિથ્યાત્વના દુર્ગુણોની ઉપાધિમાંથી છુટીને નિસ્ત્રૈગુણ્યનો પંથ પકડાય છે. અને પગલે પગલે મૂંજવતી એ માયાની ભ્રમણામાંથી છુટા થવાય છે, માટે બંધુ ! તું સત્યનો ઉપાસક બન્યા પછી જ એ માયામય જગતને સંપૂર્ણ પિછાણી શકશે.

જન્મ અને મૃત્યુ વચ્ચેનું દેખાતું જીવન એ તો ભાઇ સમુદ્રના મોજાંનાં ફીણ જેવું છે, કે જે તત્ત્વ હીન છે, એટલે તદ્દન જૂઠુંજ છે. મીણબત્તીમાં જે પ્રકાશ દેખાય છે, એ જ્યોતિ એ કાંઇ મીણ નથી, એ પ્રમાણે તું જેને પોતાની માની રહ્યો છે તે જગતની માયા તો એ પ્રમાણે જૂઠી જ છે.

### 'તત્ત્વ'

હે માયાવી જગતપંથના પ્રવાસી ! તું તત્ત્વનો પરમ ઉદ્યોતકારી માર્ગ છોડી એ માયાવી, ઝાળાઝાંખરા અને ભયંકર ગિરિકંદરાઓ અને નિર્જન ભેંકાર અટવીયોમાં શું ભટકી રહ્યો છે ? જેણે સ્વાર્થને જીત્યો છે એજ સુખી છે, અને જેણે તૃષ્ણા ત્યાગી છે એજ મહાસુખી છે, અને જેણે આંતરિક સ્વસ્થતા પ્રાપ્ત કરી છે, તેનું જીવન સંતોષી છે, અને જેણે તત્ત્વ પ્રાપ્ત કર્યું છે, તેણે જ એ માયામય જગતને જીત્યું છે, કે જેનું જીવન ધન્ય બન્યું છે.

બંધુ ! સત્ય જેટલું ઉદાર અને મધૂર છે એથી ઉલટાં એ માયાવી જગતના પાર્થિવસુખો વિષમય છે, સત્ય એક જ એવું પરમ ઉપકારી ચિંતામણી રત્ન છે કે, મનુષ્યને દરેક અનિષ્ઠોમાંથી બચાવી લે છે, એ રીતે તત્ત્વ સિવાય જગતમાં બીજું કોઈ તારણહાર નથી.

તત્ત્વ તમોને ન સમજાય તો પણ તેમાં વિશ્વાસ રાખજો, એની મૃદુતા તમને કટુ લાગે અને એથી કરીને પ્રથમ તમે દૂર નાસો, છતાં પણ એમાં શ્રદ્ધા મૂકજો.

તત્ત્વ કે જે આત્માના નિજાનંદની મસ્તીના મહામૂલ્ય લાભને આપનાર છે, તેને કોઇ ફેરવી શકતું નથી, અને એનું કોઇ પણ પરીવર્તન પણ કરી શકતું નથી; છતાં વખતે તમે કોઇ દોષથી પંથ ચૂકો અને ભ્રમમાંથી કોઇ વિપદ જન્મે અને તેથી પરીણામે તમે હતાશ અને બેજાર બનો, તોપણ સત્ય પ્રત્યેની તમારી શ્રધ્ધાને ડગવા દેશો નહી. 'અહમ્' એ એક પ્રકારનો કાળજ્વર છે, અને 'સ્વાર્થ' એ ક્ષણજીવી મૃગજળ છે, જ્યારે અધ્યાત્મ તત્ત્વ એક જ કલ્યાણકારી, ઉન્નત અને સનાતન છે. એ વિના બીજી કોઈ અમરતા નથી. કારણ કે એ એક જ અનંત છે. જ્યારે માયારચિત બધાય સુખ-વૈભવ નાશવંત છે, માટે સદાય સત્યના અનુગ્રહાર્થી રહેવું એજ કલ્યાણકારી છે, કે જેમાં જીવન સાફલ્યનો અમીરસ સભર છે.

# —પર્વાધિરાજ પધારો—

મુનિરાજ શ્રી જિનપ્રભવિજયજી મહારાજ

**પ**ર્વાધિરાજ પર્યુષણ પર્વ અનેક આત્માને આત્મદર્શન અર્પી ગયા છે. વર્તમાનમાં બને છે અને ભવિષ્યમાં અનેક આત્માને ઉત્ક્રાન્તિના ગિરિએ લઇ જશે.

પર્યુષણ પર્વ આત્માને વિરાગની મોહકતા લગાડી સંયમના શોધમાં સ્થાપન કરે છે.

જે શરીર કાગડા, કુતરાને ભક્ષણ કરાય તેવું છે. જે શરીર અનિત્ય છે, જે શરીર પાણીના પરપોટાની જેમ ક્ષણિક છે. જે શરીર થોડા વખતમાં રાખ થવાનું છે. જે શરીર માંસનો પિંડ છે, જે શરીર જેમ સારા પદાર્થો વાપરીએ તેમ વધારે દુર્ગંધીવાળી વિષ્ટા બનાવે છે. તેવા ગલીચ વિષ્ટા બનાવનાર શરીરને પણ પર્યુષણ પર્વ સોહામણા મૂલ્યાંકન બનાવી દે છે.

પર્યુષણ પર્વમાં મીઠાઇના રસથાળો વાપરી પુણ્યશાળી આત્માઓ અઠ્ઠાઇ, સાત, છ, પાંચ, ચાર, અઠ્ઠમ, છઠ્ઠ–ઉપવાસ કરી આત્મા અણાહારી પદનો આસ્વાદ કરે છે, અને ક્રિયાની પુરમસ્તિ આત્મામાં દિવ્ય ચેતન પ્રગટાવે છે

પર્યુષણ પર્વ એટલે ભોગના દ્રવ્યનો અધ્યાત્મ રસ કરવો. પર્યુષણ પર્વમાં કેટલાક પુન્યશાળી આત્માઓ ૬૪ પહોરી પૌષધ કરી સંયમના ઉંડા બીજ રોપે છે. કેટલાક પુન્યશાળી આત્માઓ પર્યુષણ પર્વના સત્તર પડિકમણા ઓછામાં ઓછા કરી પાપથી પાછા હઠે છે. કેટલાક પુન્યશાળી આત્માઓ શાસન પ્રભાવક મહિના–બે મહિનાના ઉપવાસ કરી આત્મકલ્યાણનો કળશ પર્યુષણ પર્વ પર ચઢાવે છે.

ધન્ય છે પુન્યશાળી આત્માઓને કે જેઓ અણાહારી પદ માટે તપ કરી પાપો તો કડડડ કડ કરી નાખે છે.

પર્યુષણ પર્વમાં તપના સૂરીલા ગાનોથી આત્મા પ્રફુલ્લીત થાય છે.

બાર મહિનામાં પ્રભુનું મુખ નહીં જોનારા પુન્યશાળી આત્માઓ પણ પર્યુષણ પર્વની મંગળ પરોઢે વીતરાગના દર્શન કરી સંસારની વિકટ ગિરિમાળામાં પણ ભક્તિનૃત્યની ભક્તિથી ભિંજાઇ જઇ આત્મામાં અલખ જ્યોતિ પ્રસરાવે છે.

પ્રભુ મૂર્તિનાં દર્શનથી પુન્યશાળી આત્માઓ ઘણા સુશોભન કાર્ય કરવાનો વેગ, પાપપિશાચ મારવાની ઉત્ક્રાંતિકર વિભૂષિત પ્રેરણા અને સનાતન શાસ્ત્રના ઘોષથી ભિંજવિત થાય છે.

પ્રભુ વીતરાગની મૂર્તિ રાગીને પણ વિરાગી બનાવે છે. પ્રભુનો સહારો વિકારી જીવનમાં પણ સાધનાના બળને અર્પે છે.

સારાંસારાં કપડાં પહેરી–શરીરને અલંકૃત કરી પ્રભુનાં દર્શન કરવા જતાં આત્માઓ દાનધર્મને પ્રગટાવી જૈનશાસનના સુવાસિત એવા પર્યુષણ પર્વની છાપ ઈતર આત્માઓને પાડતા જાય છે.

પર્યુષણ પર્વ પતિતમાં પણ પાવન ભાવનાનો ઘોષ પ્રગટાવે છે, અને દુર્વિચારની હારમાળાનું વિસ્મરણ કરાવે છે.

પર્વાધિરાજની મોસમ, ચોમાસાના વર્ષાકાળમાં આવે છે અને મુનિરાજના સુયોગની પ્રાપ્તિ પણ ચોમાસામાં ફળીભૂત થાય છે.

પર્વાધિરાજની મોસમ એટલે પાપકર્મને બાળવાની મોસમ. આત્મામાં જ્ઞાન–ધ્યાન વર્ષાવવાની મોસમ.

પાપ કર્મને ક્ષય કરવા માટે પર્યુષણ પર્વના પાંચ કર્તવ્યો છે.

(૧) અમારી પ્રવર્તન. (૨) સાધર્મિક વાત્સલ્ય (૩) પરસ્પર ક્ષમાપના. (૪) મહામંગલકારી અઠ્ઠમતપ (૫) ચૈત્યપરિપાટી. અનુક્રમે છે.

## ....પહેલું કર્તવ્ય અમારિ પ્રવર્તન...

અહિંસાધર્મની ગુણમાળા કોઇ અજબ છે. તેનો પ્રભાવ ગજબ છે. તેનાં ફળ સર્વાંગસુંદર છે.

પર્યુષણ પર્વ પ્રસંગે ચંપા શ્રાવિકાની છમાસી

તપશ્ચર્યાએ સવાશેર ચકલીની જીભ ખાનાર સમ્રાટ અકબરને હિંસાની ઘોર નિંદમાંથી જાગૃત કર્યા. પૂ. જગદ્ગુરૂ આ. મ. શ્રી હીરસૂરિજી મહારાજના હાથે સમ્રાટ અકબરને જિનધર્મની પ્રાપ્તિ થઈ. યાવત્ છ માસ, છ દિવસ સુધી સમસ્ત દેશમાં અમારિપ્રવર્તનની મધુરી નોબત ગગડી. અકબરે પણ સવાશેર ચકલીની જીભ નહીં ખાવાનો નિયમ લીધો અને જૈનશાસનની અનુપમ પ્રભાવના થઈ.

પૂ. જગદ્ગુરુ આચાર્યદેવ શ્રી વિજયહીરસૂરીશ્વરજી મહારાજાએ તેર વર્ષની નાની ઉંમરે દીક્ષા લીધી, ન્યાય-વ્યાકરણ આદિ ગ્રંથોના પાવરધા બન્યા. એટલું જ નહીં, તેઓશ્રીનું જીવન અમારિમય હતું. ૩૬૦૦ ઉપવાસ, ૨૦૦૦ આયંબીલ, ૨૦૦૦ લુખી નીવી, બીજા પણ વિવિધ તપો કરી, જીવનને સંયમ તપની રંગોળીથી રંગોળી દીધું હતું.

આ પ્રસંગે કલિકાલસર્વજ્ઞ ભગવંત હેમચન્દ્રાચાર્ય ભગવન્તને આપણે કેમ ભૂલીએ, જેઓશ્રીએ અઢાર દેશમાં અમારી પ્રવર્તન ઝલ્લરી વગાડી, એટલું જ નહીં પણ મારિનું નામ બોલતા પણ બંધ કરાવ્યું.

ધન્ય છે તે શાસનપ્રભાવક વિશ્વવંદનીય વિભૂતિને! અમારી કોટી કોટી વંદના હજો. આપણે પણ પર્યુષણ પર્વનું પ્રથમ કર્તવ્ય અમારિ પ્રવંતન સાધી જીવનમાં વિકસાવી. કલિકાલ સર્વજ્ઞ પૂ. આ. મ. હેમચન્દ્રાચાર્ય તથા જગદ્ગુરુ પૂ. હીરસૂરીશ્વરજી મહારાજની જેમ અમારીમય જીવનને બનાવીએ.

## ...બીજું કર્તવ્ય-સાધર્મિક વાત્સલ્ય...

જગતના માતાપિતા સ્વજન સંબંધી આદિ મલવા જ્ઞાની ભગવંત કહે છે કે સુલભ છે. પણ ભવોભવ તારનારો સાધર્મિક સંબંધ મલવો ઘણો જ દુર્લભ છે, કેમકે સાધર્મિક સંબંધ કવચિત્ પ્રાપ્ત થાય છે, જેમ દરિયામાં પડેલું રત્ન હાથમાં આવવું દુર્લભ છે તેમ સાધર્મિકનો સંબંધ દુર્લભ છે.

સાધર્મિક વાત્સલ્યના લાભ અગણિત છે. તેથી ભરત મહારાજાને ભગવાન ઋષભદેવ સ્વામીએ સાધર્મિક વાત્સલ્ય કરવાનું અગણિત ફળ દેખાડયું.

સંસારમાં વિલાસ, વિલાપ કરાવનાર છે. કુટુંબ ભવોભવ વિટંબના આપનાર છે. વિષય આકુળ-વ્યાકુળતા કરાવનાર છે. જેવી રીતે જન્મ્યા તેવી રીતે મરવાના છે. સાથે ધર્મકરણી આવવાની છે. તો પછી આપણે પર્વ પર્યુષણના પુનિત પ્રસંગે યથાશક્તિ અવશ્ય દાન દેવું જોઈએ.

આપણી સેફ ડીપોઝીટ-પૈસાનું રક્ષણ કરે છે. ધર્મમાં વાપરેલ દાનરૂપી સેફ ડીપોઝીટ પૈસાનું રક્ષણ કરે એટલું જ નહીં ચક્રવર્તી વ્યાજથી નહીં પણ તેના કરતાં અધિક ગુણો લાભ આપે છે. ને ભવોભવ સુધારે છે.

જગડુશાહ-કુમારપાળે સાત ક્ષેત્રમાં, સાધર્મિક વાત્સલ્યમાં અઢળક ધન વાપરી ભવોભવ સુધારી લીધા અને આત્માનું કલ્યાણ કરી ગયા, આપણે પણ તે મહાપુરૂષને પગલે ચાલી જીવનને ઉજ્જવળ કળશથી અંકિત કરીએ.

## ...ત્રીજું કર્તવ્ય—પરસ્પર ક્ષમાપના...

ક્ષમા એ તો આત્માનો ગુણ છે, મૃગાવતીની ક્ષમાએ શિવવધૂ સાથે મીલન કરાવ્યું. અને ચંદનબાળા ગુરુણીને કેવળજ્ઞાન પ્રાપ્ત કરાવ્યું, તે પ્રસંગ ટુંકમાં કહું છું.

પ્રભુને કૌશાંબી નગરીમાં સૂર્ય-ચંદ્ર મૂલ વિમાને વાંદવા આવવાથી મૃગાવતીને રાતની ખબર ન પડી, પ્રભુની દેશના સાંભળી સૂર્ય-ચંદ્ર મૂળ વિમાને જતાં ઉજ્જવળ પ્રકાશ, ઘેરી રાતમાં પોઢી ગયો. મૃગાવતીને ખબર પડતા મૃગાવતી પોતાના સ્થાને ગયા. ચંદનબાળા પાસે ક્ષમા માંગી.

ચંદનબાળા ગુરુણીએ પ્રકાશ્યું: 'હે ભદ્રે-કુલીને! તારે માટે આ યોગ્ય નથી.'-યોગ્ય ન કહેવાય! મૃગાવતીની ભૂલ ન હોવા છતાં સમતારસમાં આરુઢ થયાં, થયેલા દોષને નિંદતા પોતાના કર્મને નિંદી ક્ષપકશ્રેણીના શિખરે ચઢયા, અને ઘાતિકર્મનો ક્ષય કરી તુરત પંચમજ્ઞાન પ્રાપ્ત કર્યું.

ત્યારે ચંદનબાળા નિદ્રામાં પોઢયા હતા. સંથારાની બાજુમાં કાળો નાગ પસાર થયો, મૃગાવતીએ

પોતાના જ્ઞાનપ્રકાશથી જાણ્યું. અને ગુરુણીનો હાથ બાજુમાં કર્યો ચંદનબાળાએ કહ્યું; 'મારો હાથ કેમ હલાવ્યો ? શું છે ?'

'કાળો નાગ બાજુમાં આવ્યો હતો.'

તે તમે કેવી રીતે જોયો ?

**મૃગાવતી**.–જ્ઞાનથી.

**ચંદનબાળા**:– ક્યા જ્ઞાનથી,પ્રતિપાતી કે અપ્રતિપાતી.

**મૃગાવતી**:–અપ્રતિપાતી, આપની દયાથી.

ચંદનબાળા પોતાના દોષને નિંદતા–ક્ષપકશ્રેણીએ આરુઢ થયા. ઘાતિકર્મનો ક્ષય કરી કેવળ પ્રાપ્ત કર્યું ચંડકૌશીક સર્પ ક્ષમાવડે દેવલોકમાં ગયો, મેતાર્ય મહાર્ષિ, ઢંઢક ઋષિ, ગજસુકુમાળ મહાત્મા મુનિની ક્ષમાએ શીવવધૂ સાથે લગ્ન કરાવી આપ્યું. માટે કહેવું જ પડશે, ક્ષમા એ તો સુખ મેળવવાનો અનોખો માર્ગ છે.

કોઇ પણ મારૂં બુરૂં કરે તેનુ ભલું થાઓ. અને ભલું કરે તેનું ભલું થાઓ, અને તેથી ક્ષમા, એ તો શત્રુને મિત્ર બનાવે છે.

સંવત્સરી પર્વના મહાન્ દિવસે વીરપુત્રનો આત્મા શત્રુને પણ મિત્ર બનાવી ક્ષમાપના કરી વીરરસનું આસ્વાદન કરે છે. કારણ કે સમતા રસથી કોઈ ઉંચો રસ નથી.

હે વીર પુત્રો ! પર્યુષણ પર્વ કહે છે, ક્ષમાના ગુણ વિકસાવવાના આ ઉપાયો છે.

(૧) જે દુઃખ આવે તે મારા પૂર્વકૃત કર્મના છે, તેમાં મારો દોષ છે.

(૨) સર્વ જીવ કર્મને વશ છે.

જૈનશાસનની નવલિ પ્રભાતમાં જૈનપુત્ર સમજે કે, ખમે તે આરાધક–ન ખમે તે વિરાધક. માટે વીર પુત્રો સંવત્સરી પર્વના મહાન દિવસે તો,

'ખામેમિ સવ્વ જીવે,
'સવ્વે જીવા ખમંતુ મે;
મિત્તી મે સવ્વભૂએસુ,
વેરં મજ્ઝ ન કેણઇ.

હે વીર પુત્રો ! આપણે પણ સર્વ જીવ સાથે ક્ષમા કરીએ અને ક્ષમા આપીએ જીવનમાં સમતા-રસના આભૂષણ પહેરી જીવનને ઉજ્જવળ કરીએ.

## ...કર્તવ્ય ચોથું—અટ્ઠમ તપ...

નાગકેતુને અટ્ઠમ તપની પૂર્વભવની ભાવનાથી પારણામાં જાતિસ્મરણ જ્ઞાન પ્રગટે છે, નાનો એવો બાળક અટ્ઠમ તપ, અનેક વિઘ્ન, અનેક સંકટો, અને મરણાંત કષ્ટનો સામનો કરી પરિપૂર્ણ કરે છે. તે અટ્ઠમના પ્રભાવે ઇંદ્રનું સિંહાસન કંપે છે. મરણાંત કષ્ટમાંથી મુક્ત થઇ નાગકેતુ જૈનશાસનની અનુપમ પ્રભાવના કરી તે જ ભવમાં મુક્તિગામી થાય છે.

તપનો મહિમા ગજબ છે. તપ ભાવરોગને મટા-ડવા અને ચીકણાકર્મ બાળવાનો અણમોલ તપ છે. ભવોભવ સુખ મેળવવાનો અદ્‌ભૂત ઉપાય છે, અરે ? મોક્ષ ધર્મની પ્રાપ્તિ તપધર્મથી થાય છે. કર્મના મર્મને ભેદવા તપ જેવું કોઈ વજ્ર નથી. જુવો તો ખરા ! તીર્થંકર ભગવાનને પણ આત્મ રોગ મટાડવા માટે તપધર્મનું શરણું લેવું પડે છે. માટે આપણે પણ તપધર્મને જીવનમાં ઉતારી કર્મના દળીયા કાપી આત્મામાં ચિરંતન પ્રકાશ પુંજ પાથરીએ.

## ...પાંચમું કર્તવ્ય—ચૈત્ય પરિપાટી...

ભૂત–ભવિષ્ય અને વર્તમાનમાં જે પુણ્યની સંપત્તિ મલી છે તેમાં પ્રભુનો માર્ગ અને ભક્તિનો જ પ્રતાપ છે, વજ્રસ્વામીએ ચૈત્ય પરિપાટીના પાંચમા કર્તવ્યવડે દેવશક્તિથી જૈનશાસનની પ્રભાવના કરી બૌદ્ધ રાજાને પ્રતિબોધ કર્યો હતો.

કુમારપાળ રાજાએ સંઘ ચૈત્યપરીપાટી કાઢી લાખો દ્રવ્યોનો સદ્‌વ્યય કર્યો હતો. પ્રભુભક્તિથી આત્મામાં અધ્યાત્મચેતના પ્રગટે છે, આખું જીવન મંગળ થાય છે. ભવોભવ નિર્મળતાની સરિતા વહે છે, આપણે પણ આ પાંચ કર્તવ્ય આરાધી મન–વચન–કાયાના ઉગ્ર પાપો વૈર–છલ–પ્રપંચ ઇર્ષ્યાની વાદળીઓ,

ભેદી નાંખી આત્માના અનિમેષ નયન ખોલી જીવનમાં અમિત ઓજસ્ પાથરી પવિત્ર થઇએ.

જેમ દીવાળીમાં કેટલા પૈસા કમાયા અને કેટલા ખોયા તેનું સરવૈયુ કાઢવાનું હોય છે, તેમ પર્યુષણ પર્વમાં જીવનની શુભાશુભ પ્રવૃત્તિઓનું સરવૈયું કાઢવાનું હોય છે.

પર્યુષણ પર્વ એટલે કલ્યાણનું કેંદ્ર.

પર્યુષણ પર્વ એટલે અધ્યાત્મ જીવનનું પ્રભાત!

પર્યુષણ પર્વ એટલે ક્ષમાની વાંસળી.

પર્યુષણ પર્વ આત્માની વિસ્મરણ થયેલી અનંત શક્તિનું સંસ્મરણ છે.

પર્યુષણ પર્વ વૈર–વિરોધને છેદી આત્માને સમતાના કુંડમાં સ્નાન કરાવે છે.

પર્યુષણ પર્વ આત્માના લાખ લાખ સંગીતના ઝણકારનું ભાન કરાવે છે.

પર્યુષણ પર્વ સંસારની વિકટ ગિરિમાળામાંથી આત્માને સંયમ રૂપી વનલતામાં લઈ જાય છે.

પર્યુષણ પર્વ બાર મહિનામાં કરેલા કર્મ સત્તાના પાશો સમેટી નાંખે છે.

પર્યુષણ પર્વની શાસ્ત્રકાર કથિત આરાધના કરે તો અનંતનો અંત આણવાની ટેલ આપે છે.

પર્યુષણ પર્વ આત્મ પંખેરાને સ્વર્ગમાં તો શું પણ સર્વાંગ સુંદર મોક્ષમાં ગમન કરવાની ભાવનાના ફળને તુરત આપે છે.

હે પર્યુષણ પર્વ! તારું દિગ્દર્શન કરતા સ્વાભાવિક તારામાં તપ, ત્યાગ, વિનય, વૈયાવચ્ચ–જ્ઞાન–ધ્યાનની મઘમઘતી સૌરભ વ્યાપી રહી છે.

હે પર્યુષણ પર્વ! તારા મહિમાનું અવગાહન કરવા અને ગાંવા અમે અસમર્થ છીએ, તારી હિરણ્યરત્નજડિત મધુર વાંસળી વાગી રહી છે, તારા ચરણારવિંદમાં શીર મૂકી વિનંતિ કરૂં છું, કે મારી કટુક્ષણો સદ્‌ભાવના ઉષા થાળથી ભરી મને મોક્ષરમણીમાં મહાલવાનું સામર્થ્ય આપ!

હે પર્વાધિરાજ! તને કોટિ કોટિ વંદના.

❀

# ઓળી–એટલે શું?

શ્રી. જિનેશ્વર ભગવાનના શાસનમાં ઘણી જાતના તપ કહ્યા છે તેમાં કેટલાકને તપ અને કેટલાકને ઓળી તરીકે સંબોધાય છે. દાખલા તરીકે વર્ષીતપ, છમાસીતપ, ચારમાસીતપ, દોઢમાસતપ, વગેરે તપ કહેવાય છે. જ્યારે વીસ સ્થાનકની ઓળી, નવપદની ઓળી, વર્ધમાન તપની ઓળી, તો તપ અને ઓળીનું શું રહસ્ય છે તે આપણે જોઈએ! કોઇ પણ તપ એક કર્યે ત્યારે પૂરો થાય છે જ્યારે ઓળી વીસ સ્થાનક બે વાર કરીએ તેમાં ૪૦ દિવસ તો તપ આવે પણ બે ઓળી થાય, નવપદમાં નવ નવ બે વાર કરીએ તો અઢાર આંબેલ કરીએ તો પણ બીજી ઓળી કહેવાય છે. વળી વર્ધમાન તપની ઓળી. દા. ત. એક, બે, ત્રણ, ચાર, પાંચ ક્રમશઃ વીસ આંબેલ કરીએ ત્યારે પેલી, બીજી તેમ ભીપાંચ ઓળી ગણાય છે. ઓળી એટલે ચડતી ક્રિયા કરીએ તેને ઓળી કહેવાય છે. વેપારીઓ ખીસામાં લીસ્ટ રાખે છે તેને ઓળીઉ કહે છે. એટલે, તપ, અને ઓળીનું આ રહસ્ય છે.

શ્રી નેમીદાસ અભેચંદભાઈ મુંબઇ

# પર્વાધિરાજ પર્યુષણમાં અભયદાનનું પુન્ય મેળવો.

## દેશમાં વધતી હિંસાની જ્વાળા રોકવા
## પ્રભુ શ્રી મહાવીરના અહિંસાના સિધ્ધાંતને સક્રિય બનાવો.
## મુંબઈની શ્રી જીવદયા મંડળીને આર્થિક મદદ મોકલી અહિંસાનો પ્રચાર કરો.

—: મંડળીના ૪૬ વરસના એકધારા પ્રયાસોનાં કેટલાક શુભ પરિણામો :—

૧ પ્રચારકો દ્વારા દર વરસે લાખો લોકોમાં અહિંસાના સિધ્ધાંતનો પ્રચાર થાય છે,

૨ સાહિત્ય અને પ્રચારથી લાખો લોકો માંસાહાર અને દારૂ છોડે છે.

૩ દેશમાં ધર્મને નામે ચાલતી હિંસા ઘણે ભાગે બંધ થઈ છે. મદ્રાસ અને મ્હૈસુર રાજ્યમાં કાયદા થયા છે. રાજસભામાં ખાસ કમીટીની નીમણુંક, કાયદો રાષ્ટ્રવ્યાપક બનાવવા કમીટી નીમવામાં આવી છે.

૪ મુંબઈ, કલકત્તા આદિ શહેરોમાં વસુકી ગયેલાં જાનવરો બચાવવાના પ્રયાસોથી લાખો જાનવરો કતલખાને જતાં બચ્યાં છે.

૫ સ્વરાજ્ય મળ્યા પછી મંડળીના પ્રયાસોથી ભારતના બંધારણમાં ગોવધ વિરોધ અને ઉપયોગી જાનવરોની કતલ અટકાવવાની જોગવાઈની કલમ ૪૮ દાખલ થએલી છે.

૬ ત્યારપછીના પ્રયાસોથી ૨૦ રાજ્યોમાં ગોવધ બંધ થયેલાં છે. અને બધા રાજ્યોમાં ૧૫ વર્ષની નીચેના ઉપયોગી જાનવરની કતલ કાયદાથી બંધ થયેલી છે.

૭ ગૌશાળા પાંજરાપોળની સુધારણા માટે ભારત સરકારે મધ્યસ્થ ગોસંવર્ધન કાઉન્સીલ સ્થાપી છે અને દરેક રાજ્યમાં ગૌશાળા પાંજરાપોળના વિકાસનું કાર્ય શરૂ થયું છે.

૮ બીજી પંચવર્ષીય યોજનામાં ભારત સરકારે આશરે ૧૮૦ ગોસદન–પાંજરાપોળ અનુપયોગી જાનવરો માટે સ્થાપવાનો નિર્ણય કર્યો છે.

૯ ભારતમાં જુદા જુદા રાજ્યોમાં મંડળીએ કરેલા દુષ્કાળ નિવારણ કાર્યથી લાખો પશુઓને અભયદાન મળ્યાં છે.

૧૦ મંડળીના જીવો છોડાવવાના વિભાગ તરફથી દર વર્ષે આશરે ૧૫ થી ૨૦ હજાર રૂપીઆના ખર્ચે હજારો જીવોને પ્રત્યક્ષ અભયદાન મળે છે.

હિન્દભરમાં અભયદાન અને અહિંસાના પ્રચારના આ મહાન પ્રયાસો માટે મુંબઈની શ્રી જીવદયા મંડળીને પર્વાધિરાજ શ્રી પર્યુષણ પ્રસંગે જૈનસંઘો ઉદાર મદદ મોકલવા કૃપા કરી અભયદાનના પૂણ્યના ભાગીદાર બને તથા પૂજ્ય સાધુ–મુનિમહારાજો વ્યાખ્યાન પ્રસંગે શ્રી સંઘને એ માટે પ્રેરણા કરે, તેવી વિનંતિ છે,

—: વિનીત સેવકો :—

**જયંતિલાલ નારદલાલ માન્કર**
**હરિલાલ દેવચંદ ઝવેરી**
**અરદેસર કે. સુનસી**
માનદ સંયુક્ત મંત્રીઓ

**જમનાદાસ ખીમજી કોઠારી**
પ્રમુખ
મુંબઈની શ્રી જીવદયા મંડળી
૧૪૯, શરાફબજાર : મુંબઈ–૨




## મહામહિમાશાલી પરમપવિત્ર તીર્થાધિરાજ શ્રી સમ્મેતશિખરજી તીર્થના જીર્ણોધ્ધાર માટે તમારો ફાળો નોંધાવો !

❀

સમ્મેતશિખરજી તીર્થ ખૂબ જ પવિત્ર રળીયામણું અને પાવનકારી તીર્થ છે. ગિરિરાજ ઉપર ભવ્ય મંદિરો અને ૨૦ પ્રભુની સુંદર દેરીઓ છે. મુખ્ય મંદિરની બ્હાર વિશાલ ચોક છે. જેમાં ચાર હજાર માણુસો બેસી શકે તેમ છે. અમે આ મહાકલ્યાણુકારી તીર્થની યાત્રા કરી, અપૂર્વ આનંદ પ્રાપ્ત કર્યો. યાત્રા દરમ્યાન અહિંની પેઢીના મુનિમ તથા મીસ્ત્રી સાથે હતા, પર્વત ઉપર ચોમેર ગાઢ વનરાજી પ્રકૃતિનું આલ્હાદક દૃશ્ય ખડું કરે છે. માર્ગમાં પાણીના કલકલ નાદે વહેતાં ઝરણાંઓ ચોમેર વહીને વાતાવરણને ભરી દેતા હતા.

ત્યાં દરેક દેરીઓમાં પ્રભુના પગલાના દર્શન કરી, અમે ધન્ય બન્યા. વીસ-વીસ વર્તમાન અવસર્પિણીના તીર્થંકર દેવોના પુનિત ચરણ કમળોથી મહાપવિત્ર તીર્થરાજને ભેટી આત્મા શીતળ બન્યો. પણ દેરીઓની જર્જરિત સ્થિતિ જોઇ, દુઃખ થયું. કેટલીક દેરીઓ સાવ ખૂલ્લી, કેટલીક ઘણી જ જીર્ણ, આવા મહામહિમાશાલી કલ્યાણુક ભૂમિનાં સ્થાનની આ સ્થિતિ કયા તીર્થપ્રેમીનાં દિલને ' આચકા ન આપે ? આ સ્થાને આશાતના ખૂબ થાય છે.

આ હકીકત લક્ષ્યમાં લઇને પરમ તપસ્વીની વિદુષીસાધ્વીજી શ્રી રંજનશ્રીજીની શુભ પ્રેરણા થઇ, અને આ મહાતીર્થનાં ઉધ્ધારનું પુણ્યકાર્ય શ્રીસંઘે ઉપાડયું છે. શ્રીસંઘ તીર્થભક્તિના આ કાર્યમાં અવશ્ય સફલ થશે. છતાં દરેક શ્રીસંઘોને પૂ. આચાર્ય ભગવંતો, પૂ ઉપાધ્યાયજી મહારાજ, પૂ. સાધુ-સાધ્વીજી આદિ ચતુર્વિધસંઘને મારી અપીલ છે કે, ચાતુર્માસમાં, પર્યુષણાદિ પ્રસંગોમાં દેવદ્રવ્યની જે ઉપજ થાય તે પરમ પવિત્ર તીર્થધિરાજના કલ્યાણકારી જીર્ણોધ્ધારનાં પુણ્યકાર્યમાં આપી, આપવા પ્રેરણા, તથા ઉપદેશ આપી અનર્ગલ લાભ શ્રીસંઘ પ્રાપ્ત કરે ?

પ્રસ્તુત જીર્ણોધ્ધાર માટે શ્રીસંઘ તરફથી એક કમિટિ નીમાઈ છે. શિખરજીમાં તેની મુખ્ય ઓફીસ છે. સુરત, કલકત્તા, અમદાવાદમાં તેની શાખા ઓફીસો છે. ભ. શ્રી પાર્શ્વનાથ સ્વામીની ટુંકનું કાર્ય શરૂ થઇ ગયું છે. જીર્ણોધ્ધારનું કાર્ય પાલીતાણા તથા સુરતના આગમમંદિરોનું જેઓએ બાંધકામ કર્યું છે, તે કારીગરોના હાથે થઇ રહ્યું છે. એજ

નિવેદકઃ

**પૂ. પાદ આગમોધ્ધારક સ્વર્ગત આચાર્યદેવેશ શ્રીમત્ સાગરાનંદસૂરીશ્વરજી મહારાજના શિષ્ય મુનિરાજશ્રી ગુણસાગરજી મહારાજ.**

# કચ્છમાં ભૂકંપે કરેલી ભયંકર ખુવારીનું ચિત્ર

તા. ૨૧-૭–૫૬ના રાત્રે સ્ટા. ટાઈમ નવ વાગ્યાના સુમારે ભૂકંપનું મોજું ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં ફરી વળ્યું જેમાં અંજાર અને તેની આજુબાજુના વિસ્તારમાં ભયંકર તારાજી કરી ગયું તે સાંભળીને દરેક મનુષ્યને આઘાત લાગ્યો છે. જેથી ઘણી સંસ્થાઓ અને વ્યક્તિગત રીતે તાર, ટેલીફોન, ટપાલદ્વારા આશ્વાસન અને સહાનુભુતિના ઘણા જપત્રો છુટેલા તેમ મેં પણ તાર કરેલ.

એ ભયંકર કોપને લઈને વહેવાર કપાઈ ગયેલ હોવાથી લાંબા સમય સુધી પ્રત્યુત્તર નહિ મળતાં કચ્છમાં પહોંચવાની ભાવના રોકી શકાઇ નહિ. જેથી કચ્છ આવી અંજારમાં સર્જાયેલ હોનારતની કરૂણતા નિહાળતાં આંખોમાંથી અશ્રુ નિકળવાને બદલે લોહી છુટે એવી દુઃખદ પરિસ્થિતિ નિહાળીને ખુબ ખુબ આઘાત અનુભવ્યો છે.

૧. અંજારના ગંગાના નાકેથી ગંગા બજારમાં થઇ પટણી બજારના રસ્તે દેવળીયાના નાકા બહાર નીકળતાં રસ્તાએ ભુકંપની ભયાનકતાની સરહદ રચી હોય તેવું દેખાય છે, એ રસ્તાના પૂર્વ વિભાગ તરફ આવેલાં ઉભા મકાનો નકામા થઈ પડયાં છે, પડી ગયાં છે અથવા પડી જાય તેવી સ્થિતિમાં છે અને તે રસ્તેથી નિકળતાં માણસોને દબાવી દે તેવાં છે જેથી તેને પાડી નાખવા પડે એવી ભયાનક સ્થિતિમાં છે, આટલા વિભાગમાં દાઉદી વહોરા, ખત્રી, ઘાંચી ( મુસલમાન ) વણીક જૈન, દરજી, સુતાર, મીસ્ત્રી, બ્રાહ્મણ અને મોચી વિગેરે જ્ઞાતીઓને ઘર વિહોણાં નિર્વાસિત બનાવી મુકયા છે.

જૈન ભાઇઓને લાખો રૂપિયાની સ્થાવર મિલ્કતની નુકશાની લાગી છે જેમાં ૫૦૦ થી ૧૦૦૦ સુધી માંડીને ત્રણેક લાખ સુધી એકેક વ્યક્તિને નુકશાની થઇ છે.

જે જે ગૃહસ્થો પોતાની આંટ ઉપર ધંધા રોજગાર ચલાવતા હતા અને સારૂં એવું દેશ-પરદેશમાં નામ ચલાવી રહ્યા હતા તેવા ગૃહસ્થોની ધંધાની મુશ્કેલી થવાના કારણે સ્થાવર મિલ્કતની મોટી નુકશાનીના કારણે આંટ જોખમમાં મુકાઈ ગઇ છે અને એ રીતે જેનો તકલીફમાં મુકાયા છે, કે જેઓ સુનમુન દશામાં અને પોતે જીવી રહ્યા છે કે કેમ એવી દ્વીધા પરિસ્થિતિમાં દેખાય છે.

આગેવાનો પાસે હકીકત મેળવવા જતાં તેઓ તેમની તકલીફની વાત કહેવાને બદલે પ્રશ્ન કરતાં બીજી જાતનો જવાબ દઈ બેસે છે લંબાણ વાતચિતને અંતે આપણે પુરી વસ્તુ-સ્થિતિ સમજી શકીએ છીએ.

અહિં જૈન વણીક ભાઈઓના ૩૦૦ ઘર છે. તેઓની વ્યક્તિગત નુકશાની ત્રીસ લાખ જેટલી કે તેથી વધારે પણ ગણાય. અહિં જુદા જુદા ગચ્છના ત્રણ દહેરાસર, ઉપાશ્રયો, ધર્મશાળાઓ, આયંબિલશાળા, જ્ઞાનમંદિર અને શ્રી સ્થાનકવાસી પક્ષના ૬ સ્થાનકો વિગેરે જે બધીયે મિલ્કત મળીને અંદાજ દોઢેક લાખની નુકશાની દેખી શકાય છે.

અંજારમાં બીજા જૈનેતરોને નુકશાન થયું છે એ પણ ઘણો મોટો આંકડો છે, જે લગભગ એકાદ કરોડ રૂપિયા થાય. અંજારના એ મુખ્ય રસ્તાથી પશ્ચિમ તરફનું અંજાર સલામત છે જેમાં કોઇ કોઇ મકાનોને થોડી ચીરાડ પડી છે પણ માધવરાયજીના મંદિર પછીનો ઠીક સલામત છે. લોકોને ભય પેસી ગયો છે. કોઇ કોઇની સાથે મન મૂકીને વાત કરતા નથી, કામકાજ કરતા

નથી અને સુનમુન દશામાં સમય પસાર કરે છે.

આજે આઠ દહાડા થયા છતાં ભયનું વાતાવરણુ એટલું જ ભર્યું છે, કેમકે પહેલા ભૂકંપ પછી ત્રણ વખત ભૂકંપના નાના નાના આંચકા થોડા થોડા સમયના અંતરે લાગી ગયા એટલે હવે જે કોઈ ભાઇઓ હિંમતમાં હતા તે પણ હિંમત હારી બેઠા છે. સરકાર તરફથી જે જે જાતની રાહત અપાય છે, યોજનાઓ થાય છે અને એ રીતે સરકારની મર્યાદાઓ પ્રમાણે તે કામ થઇ રહેલ છે.

દેશાવરોના જુદા જુદા મંડળો અને સંસ્થાઓ તરફથી મદદ અપાઈ રહી છે, પણુ જેમાં આપણી જૈન અને વણિક જ્ઞાતી આજ દિવસ સુધી તેવી મદદ લેતી નથી. જે સંસ્કારો આપણા સમાજમાં ચાલ્યા આવે છે તે સંસ્કારો આવા દુઃખદ સમયે પણુ સમાજમાં જેવાને તેવા પડેલા હોવાથી અત્યંત જરૂર હોવા છતાં અનેક મુશ્કલીઓનો સામનો કરવા પડયો હોવા છતાં પણુ કેવળ જે વર્ગે જાહેરમાં મદદ લીધી નથી તે વર્ગ મદદ લેતા અચકાય છે એટલે બહાર દેશાવર રહેતા જૈન અને વણિક ભાઇઓની ફરજ થઇ પડે છે કે અત્યારે અંજારના ભાઇઓ ઉપર આવી પડેલ દુઃખમાં સહાનુભૂતિ આપવા, મદદ આપવા અને તેઓનું દુઃખ હળવું કરવા માટે ઠેર ઠેર ફંડ એકઠું કરી અંજાર મોકલી આપવું જોઇએ. હું જૈન આગેવાન ભાઇઓને વિનંતિ કરૂં છું કે તેઓ બધા અંજારનો પ્રશ્ન પોતાનો ગણી ઉપાડી લ્યે અને તન, મન; ને ધનથી મદદ કરે.

અંજાર, ભદ્રેશ્વર, ધમડકા, દુધઇ ચીરઇ અને બીજા સ્થળોએ દહેરાસરો ઉપાશ્રયો અને સ્થાનકો અને અન્ય સંસ્થાઓની સ્થાવર મિલ્કતને ભારે નુકશાની લાગી છે તે સ્થળોને મૂળ સ્થિતિએ લાવવામાં મૂર્તિપૂજક અને સ્થાનકવાસી સંસ્થાઓએ મદદ કરવી જોઇએ અને તે માટે તે તે સમાજની માતબર સંસ્થાઓએ સર્વે કરી અંદાજ મૂકી કામ હાથ ઉપર લેવું જોઇએ.

જે ગામોને ભૂકંપની અસર થઇ છે તે ગામોના ધાર્મિક સ્થળો અને શ્રાવકોને પણુ સરખુંજ નુકશાન થયું છે. જેથી સ્થાનિક ભાઇઓ પોતાનું કાર્ય મદદ લઇને કરી શકશે જ્યારે ધાર્મિક સંસ્થાઓ માટે ફંડ આપી શકે નહિ, એટલે આપણી તો બંને રીતે ફરજ ઉભી થાય છે અને તે જેમ વખતો વખત સમાજે અદા કરીને પોતાનું નામ ગૌરવવંતુ રાખ્યું છે તેમ આ વખતે પણુ ઉજ્જવળ કરશે.

**અંજાર**–કચ્છ તા. ૨૯–૭–૧૯૫૬

**અમૃતલાલ જાદવજી મહેતા** માલીઆવાળા

---


**પારબ્ધ વિના પુરૂષાર્થ નકામો છે.**

તમારા ભાગ્યમાં શું લખાયું છે તેનું સંપૂર્ણ જ્ઞાન

## રેખા વિજ્ઞાન શાસ્ત્ર

થી જાણી શકાય છે. જેમાં ભાગ્ય, પુરૂષાર્થ, સ્ત્રી, સંતાન, ધન, વૈભવ, આરોગ્ય, ધંધો, વિદ્યા વગેરે અનેક બાબતનું જ્ઞાન તમારી રેખાઓ પરથી તમે જાતેજ કરી શકો છો.

સંપૂર્ણ માહિતીવાળો દેશી અને ઇંગ્લીશ પધ્ધતિનો આ પહેલોજ ગ્રંથ છે.

સુંદર છપાઈ, ૧૦૧ આર્ટ ફોટાઓ હોવા છતાં કિંમત માત્ર રૂા. ૧૦) ટપાલખર્ચ સાથે.

—: લખો :—

**ડૉ. પી. પી. ટાપર**, રવિવારપેઠ, **નાશીક**

**સોમચંદ ડી. શાહ - પાલીતાણા**

# સમસ્ત જૈન સમાજને નમ્ર વિનંતિ.

ગઈ તારીખ ૨૧–૭–૧૯૫૬ની રાત્રીના ૯–૫ લગભગ અંજાર અને તેની આસપાસનાં વિસ્તાર ઉપર ભયંકર ભૂકંપને લઈને કાળો કેર વર્તાઈ ગયો છે. આ સર્જાયેલી હોનારતથી સારાયે અંજાર શહેરમાં જાનમાલ મિલ્કતોનું ભયંકર નુકશાન થયું છે. સંખ્યાબંધ માનવીઓનું મૃત્યુ થયું છે. હજારો ઘરો પડી ગયાં છે. આવી અણધારી આવી પડેલી આફતમાં સમસ્ત અંજાર જૈન સમાજ તો તદ્દન નિરાધાર સ્થિતિમાં આવી પડેલ છે. જૈનોનાં ૯૫ ટકા જેટલા મકાનોનો નાશ થયો છે અને તમામ ધર્મસ્થાનોને નુકશાન પહોંચેલ છે. સમસ્ત અંજારના જૈન ભાઈઓ નિરાધાર બન્યા છે. પૂર્વવત્ રહેવામાં પણ જોખમ સમાયેલું છે. જ્યાં જોઈએ ત્યાં ચિત્કાર અને હાહાકાર ફેલાઈ ગયો છે. શહેર શ્મશાનરૂપ બની ગયું છે. ભયનું વાતાવરણ અવિરત ચાલુ છે. સૌ કોઈ પોત–પોતાની માલ મિલ્કત મૂકી, નાસભાગ કરી શહેર બહાર આવી ગયા છે. આવો કારમો જખમ થયો છે અને સર્વત્ર જૈન સમાજ સંકટગ્રસ્ત દશામાં છે. ગામ બહાર તેવા ભાઈઓ માટે કેમ્પો શરૂ કરવામાં આવેલ છે અને રહેવા માટે તાત્કાલિક મદદ મેળવાઈ રહેલ છે, પરંતુ આ કાર્ય મહાન છે અને પહોંચી વળવા માટે મોટી મદદની જરૂર છે તોજ રાહતરૂપ બની શકે.

આપણી જૈન કોમ તદ્દન નિરાધાર જેવી સ્થિતિમાં આવી પડી છે. તે માટે તેમાંથી માર્ગ કાઢવા તેમજ તેમને ઉપયોગી થવા હાલની તાત્કાલિક મદદ માટે એક વ્યવસ્થા કમિટિ નીમવામાં આવી છે. જે કમિટિ અંજારના જૈન ભાઈઓને મદદરૂપ થવા તેમજ ઉપયોગી થવા પોતાથી બનતું કરવા ગામમાંથી તેમજ બહારથી મદદ મેળવવા અને તેની યોગ્ય વ્યવસ્થા કરશે.

આ કમિટિ શ્રી અંજાર જૈન ભૂકંપ રાહત કમિટિના નામથી ઓળખાશે.

મારી સમસ્ત જૈન ભાઈઓને વિનંતિ છે કે આપ આપનાથી તન, મન, અને ધનથી પોતાનો સક્રિય સાથ આપશો.

**અંજાર ( કચ્છ ) તા. ૨૬–૭–૫૬.**

**મોણશી આશકરણ**

પ્રમુખ,

શ્રી અંજાર જૈન ભૂકંપ રાહત કમિટિ.

**તા. ક** ખરેખર અંજાર ભૂકંપના ભોગે ભંગાર બની ગયું છે, એમાંથી આપણા સાધર્મિભાઈઓને ઉભા કરવાના છે, તો દરેક જૈન સંઘોએ પોતાની શક્તિ અનુસાર ફાળો તાત્કાલિક મોકલી આપવાની જરૂર છે. જેઓ 'કલ્યાણ' માસિક દ્વારા મોકલશે, તેઓનાં નામ ગામ વગેરે આગામી અંકે છપાશે. **તંત્રી, કલ્યાણ.**

---


## શ્રી સમેતશીખરજીની યાત્રા માટે રીઝર્વ ડબો

ફક્ત ૪૦ યાત્રિકો સાથે શ્રી સમેતશીખરજીના અમારા હંમેશના પ્રોગ્રામથી ટુરીસ્ટ-કારનો ડબો અલાયદો ઉપડશે. રાત્રે બધાને સુવાની, અને દિવસે બારીએ બેસવાની ઉપરાંત સવારે ચા–નાસ્તો, બપોરે અને સાંજે બેઉ વખત ભોજન અને વાહન વગેરેની સંપૂર્ણ સગવડતા સાથે કુલ ખર્ચ **રૂા. ૩૮૧,** અડધી ટીકીટ **રૂા. ૨૪૧** બેઠકના પાટીઓનો રીઝર્વેશન ચાર્જ અલગ. **જુજ ટીકીટોજ નોંધવી બાકી છે.**

**શ્રી કોઠારી જૈન યાત્રા ટુરીસ્ટસ** ( મુંબઈવાળા )

૨૦૮, પાયધુની શાંતિનાથની ચાલી **મુંબઈ ૩**

# પૂ. આચાર્ય દેવાદિ મુનિવરોનાં ચાતુર્માસ સ્થળો

પત્રવ્યવહાર કરનારે જ્યાં ઠેકાણું ન લખ્યું હોય ત્યાં જૈન ઉપાશ્રય એટલું ઉમેરીને લખવું તેમજ સૌ. એટલે સૌરાષ્ટ્ર, ગુ. એટલે ગુજરાત, રાજ. એટલે રાજસ્થાન, મ-પ્ર. એટલે મધ્યપ્રદેશ, આ પ્રમાણે એડ્રેસ કરતી વખતે પુરૂં લખવું અમોને પૂ, સાધુ મહારાજોની જેટલી યાદિ મળી શકી છે તે અહીં અમે રજુ કરીએ છીએ. સં.

### અમદાવાદ

પૂ. આ. શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજ ડોશીવાડાની પોળ જૈન વિદ્યાશાળા.

પૂ. આ. શ્રી વિજયોદયસૂરીશ્વરજી મહારાજ તથા પૂ. આ. શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મહારાજ તથા પૂ. આ. શ્રી વિજયપદ્મસૂરીશ્વરજી મહારાજ આદિ પાંજરાપોળ જૈન ઉપાશ્રય.

પૂ. આ.શ્રી વિજયમનોહરસૂરીશ્વરજી મહારાજ હાજા પટેલની પોળ સંવેગી જૈન ઉપાશ્રય.

પૂ. આ. શ્રી હર્ષસૂરીશ્વરજી મહારાજ તથા પૂ. આ. શ્રી મહેન્દ્રસૂરીશ્વરજી મહારાજ લુવારની પોળ

પૂ. આ. શ્રી વિજયરામસૂરિજી મહારાજ ડોશીવાડાની પોળ ડહેલાનો જૈન ઉપાશ્રય,

પૂ. આ. શ્રી વિજયઉદયસૂરિજી મહારાજ ઠે, ખુશાલભુવન એલીસબ્રીજ.

ઉપાધ્યાયજી દેવેન્દ્રસાગરજી સાબરમતી.

પં. શ્રી મેરૂવિજયજી મ. નાગજી ભુદરની પોળ

પં. શ્રી દાનવિજયજી તથા પંન્યાસજી સંપતવિજયજી ભઠ્ઠીની બારી વીરનો ઉપાશ્રય.

પં. પુષ્પવિજયજી મ. કાળુપુર રોડ જ્ઞાનમંદિર.

પં. સુબોધસાગરજી ઝવેરીવાડ, આંબલી પોળ.

પં નેમવિજયજી મ. લુણસાવાડો મોટી પોળ.

પં. શ્રી તીર્થવિજયજી સરસપુર. વાણીયાવાડ

મુનિરાજ ચંદ્રોદયસાગરજી શાહપુર મંગળ પારેખનો ખાંચો. જૈન ઉપાશ્રય

મુનિરાજ માનતુંગવિજયજી ખરતરગચ્છનો ઉપાશ્રય.

મુનિરાજ યશોવિજયજી મ. લુણસાવાડો.

મુનિરાજ ચંદ્રપ્રભવિજયજી ફીકાભટની પોળ.

પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મ. લુણસાવાડો.

મુનિ શ્રી મહિમાપ્રભવિજયજી ઉજમફઇની ધર્મશાળા.

મુનિ શ્રી કુશળવિજયજી જૈન સોસાયટી.

મુનિરાજ શ્રી સુબોધવિજયજી મ. સારંગપુર-તળીયાનીપોળ.

મુનિ શ્રી જયપ્રભવિજયજી કાળુશીની પોળ.

મુનિ શ્રી ચંદ્રવિજયજી શામળાની પોળ.

પંન્યાસજી કૈવલ્યવિજયજી મ. કાપડબજાર જૈન મંદિર **અહમદનગર.**

પંન્યાસજી ભક્તિવિજયજી **આમોદ** (ગુ.)

પૂ.આ. શ્રી હિમાચલસૂરિજી **આઉવા** [રાજ.]

મુ. પુણ્યવિમલજી **આશાપુર** (રાજ.)

મુનિ શ્રી પ્રકાશવિજયજી **અંબાલા** (પંજાબ)

મુનિ શ્રી ઇન્દ્રસાગરજી **ઇન્દોર.** (માળવા)

ઉપાધ્યાયજી સુખસાગરજી **ઉદેપુર** (મેવાડ)

પ્રવર્તક શ્રી ચંદ્રવિજયજી **ઉંઝા** (ઊ. ગુ.)

મુનિ શ્રી સંયમસાગરજી **ઉજ્જૈન** (મ. પ્ર.)

મુનિ શ્રી સુભદ્રવિજયજી **ઉમતા** (ઊ. ગુ.)

પૂ. આ. શ્રી ચંદ્રસાગરસૂરીશ્વરજી મહારાજ ૯૬, કેનીંગ સ્ટ્રીટ જૈન મંદિર **કલકત્તા.**

મુનિ શ્રી પ્રીતિત્ત્વવિજયજી મ. ૧૩૯, કોટન સ્ટ્રીટ જૈન મંદિર **કલકત્તા**

પંન્યાસજી અશોકવિજયજી મ. **કપડવણજ**

મુનિરાજ બુદ્ધિસાગરજી મ. **કપડવણજ**

પૂ. આ. શ્રી રંગવિમલસૂરિજી મ. **કાલંદ્રી** (રાજ)

મુનિ શ્રી ઇન્દ્રવિજયજી **કારવણ** (ગુ.)

મુનિ શ્રી મુક્તિવિજયજી **કોઠ** (ધંધુકા)

### ખંભાત

પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરિજી મહારાજ જૈનશાળા ટેકરી

પં. શ્રી પ્રભાવવિજયજી મ. શેઠ મુ. બુ. જૈનઉપાશ્રય

મુનિરાજ મંગળવિજયજી મ. જૈનશાળા ટેકરી.

મહારાજ શ્રી દયામુનિ દાદાવાડી.

આ. શ્રી યતીન્દ્રસૂરીશ્વરજી મ. **ખાચરોદ** (રાજ.)

મુનિ શ્રી સુશીલવિજયજી **ખીવાન્દી** (રાજ.)

પં. શ્રી મંગળવિજયજી મ. **ખેરાળુ** (ગુ.)

પં. શ્રી ભાનુવિજયજી મ. **ખેડા** (ગુ.)
મુનિ શ્રી કાંતિસાગરજી **ગંટૂર** (આંધ્ર)
મુનિ શ્રી ધન્યવિજયજી **ગારીઆધાર** (સૌ.)
પં. શ્રી કલ્યાણવિજયજી **ગોદન** (જાલોર)
પં. શ્રી કમળવિજયજી **ગુંદોજ** (મારવાડ)
પ્રવર્તક ગુમાનવિજયજી **ઘાણેરાવ** (રાજ.)
મુનિરાજ મિત્રવિજયજી **ઘોઘા** (સૌ)
મુનિરાજ દર્શનવિજયજી **ચલોડા** (ધોળકા)
મુનિરાજ લબ્ધિસાગરજી **ચાણસ્મા** (ગૂ.)
મુનિરાજ ભદ્રસાગરજી **જયપુર**
મુનિ શ્રી માનતુંગવિજયજી **જસપરા** (સૌ.)
મુનિ શ્રી કંચનવિજયજી **જશવંતપુરા** (આબુ.)

**જામનગર**

પૂ. આ. શ્રી સમુદ્રસૂરીશ્વરજી મ. ઠે, પોષ્ટ આફીસ સામે જૈન પાઠશાળા

મુનિ શ્રી પદ્મકરવિજયજી શાંતિભુવન.
મુનિ શ્રી નિરંજનવિજયજી દેવબાગ
પંન્યાસ શ્રી મેરૂવિજયજી **જાવાલ** (રાજ)
પંન્યાસ શ્રી મોતિવિજયજી **જુનાગઢ**
મુનિરાજ વિમળસાગરજી **જુનાડીસા**
મુનિરાજ ભુવનવિજયજી **જેતપુર** (સૌ.
મુનિરાજ સંપતવિજયજી **જેસર** (સૌ.)
મુનિ શ્રી જયધ્વજવિજયજી **ઝીંઝુવાડા** (સૌ.)
પં. શ્રી સુમિત્રવિજયજી **ડભોઇ** (ગુ.)
પં. શ્રી ચરણવિજયજી **નવાડીસા**
મુ. શ્રી હર્ષવિજયજી મ. **ડીસા**
મુનિરાજ હંસસાગરજી મ. **તળાજા** [સૌ.]
પૂ. આ. શ્રી વિજયભક્તિસૂરિજી **થરા** (પાટણ)
મુનિ શ્રી સુબોધવિજયજી **દાઠા** (સૌ)
મુનિ શ્રી બાલચંદ્રજી **દુર્ગાપુર** (કચ્છ)
મુનિ શ્રી જિતેન્દ્રવિજયજી **દેવાસ** (ઇન્દોર)
મુનિરાજ કનકવિજયજી **ધનલા** (મારવાડ)
મુનિ શ્રી ચિદાનંદમુનિ **ધુલીયા** (ખાનદેશ)
મુનિ શ્રી ભુવનવિજયજી **ધોરાજી** (સૌ.)
મુનિ શ્રી નંદનવિજયજી **ધ્રાંગધ્રા** (સૌ.)
મહારાજ શ્રી લાભચંદ્રજી **ધ્રાંગધ્રા** (સૌ.)
મુનિરાજ રોહિતવિજયજી **નવસારી** (ગુ.)
મુનિ શ્રી ધનપાલવિજયજી **નાશીક**
મુનિ શ્રી સંપતવિજયજી **નાડોલ** (રાજ.)
પંન્યાસજી સુમતિવિજયજી **નોંઘણવદર** (સૌ)
પૂ. આ. શ્રી વિજયામૃતસૂરિજી મ. **પડાણા** (સૌ.)
મુનિરાજ ગુણભદ્રવિજયજી **પાનેલી-મોટી** (સૌ.)
મુનિરાજ હરખવિજયજી **પાનસર**
પં. શ્રી મનહરવિજયજી **પાલનપુર**
મુ. કુંદનવિજયજી **પાલનપુર**

**પાટણ**

પૂ. આ. શ્રી વિજયભદ્રસૂરિજી મહારાજ તથા પૂ. આ. શ્રી ઓમકારસૂરિજી મહારાજ ઠે, નગીનભાઈ હોલ.

પં. શ્રી સુભદ્રસાગરજી સાગરગચ્છનો ઉપાશ્રય
મુ. શ્રી દુર્લભસાગરજી રાજકાવાડો
મુ. શ્રી કંચનવિજયજી સાગરગચ્છનો ઉપાશ્રય
મુ. શ્રી જશવિજયજી નગીનભાઈ હોલ
મુ. શ્રી ધનવિજયજી **પીંપલગામ** (નાશીક)

**પુના**

પૂ. આ. શ્રી યશોદેવસૂરિજી મ. ૬૫૭, સાચાપીર સ્ટ્રીટ જૈન મંદિર

પંન્યાસજી યશોભદ્રવિજયજી મ. વેતાલ પેંઠ
મુનિ શ્રી રવિવિજયજી મ. પુના કેમ્પ
મુનિ શ્રી અમીસાગરજી **પ્રાંતિજ** (એ.પી.રે)
મુનિ શ્રી ગજેન્દ્રવિજયજી **પીંડવાડા** (રાજ.)

પૂ. આ શ્રી વિજયભુવનસૂરિજી મહારાજ **પોરબંદર** (સૌ.)

મુનિ શ્રી ત્રિભુવનવિજયજી **પોસાલીઆ** (રાજ.)

**પાલીતાણા**

પૂ. આ. શ્રી વિજયદર્શનસૂરિજી મહારાજ મોતી કડીયાની ધર્મશાળા

પંન્યાસજી જયાનંદવિજયજી મ. સાહિત્યમંદિર
પંન્યાસજી સુંદરવિજયજી મ. ઉજમફઇની ધર્મશાળા
મુનિરાજ કંચનવિજયજી મ. ખુશાલભુવન.
મુનિરાજ અમરવિજયજી મ. અમરચંદ જશરાજની ધર્મશાળા
મુનિરાજ મનકવિજયજી શાંતિભુવન

મુનિરાજ માણેકવિજયજી શાંતિભુવન
મુનિરાજ નીતિવિજયજી કંકુબાઇ
મુનિરાજ અમરેન્દ્રસાગરજી નરશી કેશવજી
મહારાજ જયંત મુનિ ઘોઘાવાળી
મુનિ શ્રી સુમિત્રવિજયજી ”
મુનિ શ્રી જશવિજયજી ”
મુનિ શ્રી ચિદાનંદવિજયજી શાંતિભુવન
મુનિ શ્રી ચૈતનવિજયજી ”
મુનિ શ્રી વલ્લભદત્તવિજયજી વલ્લભ વિહાર
મુનિ શ્રી ચંદ્રોદયવિજયજી **ફલોદી** (રાજ.)
મુનિરાજ ભુવનવિજયજી અંગ્રેજી કોઠી **બનારસ**
મુનિ શ્રી હેમેન્દ્રસાગરજી **બાડમેર** (રાજ)
મુનિ શ્રી મનોજ્ઞસાગરજી **બારડોલી** (ટી. વી. રે)
પૂ. આ. શ્રી વિજયશાંતિચંદ્રસૂરિજી મહારાજ **બાપલા** (બનાસકાંઠા)
પૂ. આ. શ્રી વિજયલક્ષ્મણસૂરિજી મ. **બિજાપુર**
પં શ્રી મોતિવિજયજી **બુસી** (મારવાડ જંકશન)
મુનિરાજ શ્રી મંગળવિજયજી **બોટાદ** (સૌ.)
પં. મંગળવિજયજી **બેડા** (મારવાડ)
મુનિરાજ જયવિજયજી કાશીપુરા, **બોરસદ**
પૂ. આ. શ્રી વિજયન્યાયસૂરિજી મ. આઝાદમેદાન **બોરસદ**
મુનિ શ્રી સુરેન્દ્રસાગરજી મ. શ્રીમાળીપોળ **ભરૂચ**
પૂ. આ શ્રી વિજયકનકસૂરિજી મ. **ભચાઉ** (કચ્છ)
મુ. શ્રી રત્નાકરવિજયજી **ભાણપુરા** (મેવાડ)

**ભાવનગર**

પં. શ્રી અવદાતવિજયજી મારવાડી વંડો
પં. શ્રી કમળવિજયજી વડવા
મુ. શ્રી સંજમવિજયજી દાદાવાડી
મુ. શ્રી ચંદ્રકાંતસાગરજી કૃષ્ણનગર
મુનિ હરખવિજયજી **ભરૂડીઆ** (કચ્છ)
મુનિ શ્રી ગુણસાગરજી **ભાગલપુર** (બિહાર)
પં. શ્રી વિનયવિજયજી **ભાણવડ** (સૌ.)
મુનિશ્રી નયનવિજયજી **ભૂજ**-(કચ્છ)
મુનિ શ્રી ભદ્રંકરવિજયજી **મંડાર** (રાજ.)
મુનિ શ્રી રંજનવિજયજી **મહુવા** [સૌ.]

પૂ. આ. શ્રી કીર્તિસાગરસૂરિજી મ. **મહેસાણા**
મુનિ પ્રેમસાગરજી મહારાજ ”
“ સોહનવિજયજી ” ”
“ મણિવિજયજી ” **માસર રોડ** [ગુ]
“ લાવણ્યવિજયજી ” **માલેગામ**
આ. શ્રી લાભસૂરિજી **મોટામીયાં માંગરોળ**
આ. શ્રી વિજયભુવનતિલકસૂરિજી મ. **મોરબી**
આ. શ્રી જિનેંદ્રસૂરિજી મ. **મુંડારા** [રાજ.]
મુનિ શ્રી દર્શનવિજયજી-ત્રિપુટી **મેરઠસદર** [મ.પ્ર.]

**મુંબઈ**

પૂ. આ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ તથા પૂ. આ. શ્રી વિજયજમ્બૂસૂરીશ્વરજી મહારાજ ભૂલેશ્વર લાલબાગ જૈન ઉપાશ્રય.

પૂ. આ. શ્રી વિજયલાવણ્યસૂરીશ્વરજી મહારાજ એન્ડ્રુઝ રોડ જૈન મંદિર શાંતાક્રુઝ.

પૂ. આ. શ્રી વિજયકસ્તુરસૂરીશ્વરજી મહારાજ બોરાબજાર કોટ,

પૂ. આ. શ્રી વિજયવિજ્ઞાનસૂરીશ્વરજી મહારાજ ભીંડીબજાર નેમનાથ જૈન ઉપાશ્રય.

પૂ. આ. શ્રી વિજયામૃતસૂરિજી મહારાજ ઠે, કબુતરખાના સામે દાદર-મુંબઈ-૨૮.

પૂ. આ. શ્રી પૂર્ણાનંદસૂરિજી મહારાજ કિંગસર્કલ માટુંગા-૨૯.

પૂ. આ. શ્રી ઇન્દ્રસૂરિજી મહારાજ મોતીશા જૈન પાર્ક ભાયખાલા.

આ. શ્રી ગુણસાગરસૂરિજી મ. મુલુંદ

પં. શ્રી પુણ્યવિજયજી મ. જ્ઞાનમંદિર દોલતનગર બોરીવલી

પં. શ્રી શુભંકરવિજયજી મ. મલાડ

પં. શ્રી માનવિજયજી મ. જૈન સેનેટેરીયમ ઘાટકોપર

પં. શ્રી ભદ્રંકરવિજયજી મ. ગુજરાત સોસાયટી પ્લોટ નં. ૧૮૭ શીવ

પં. શ્રી વિકાસવિજયજી મ. મુલુંદ

પં. શ્રી પ્રેમવિજયજી મ. સેન્ડહર્સ્ટરોડ

મુ. શ્રી વિબુધવિજયજી મ. ગોરેગાંવ પ્રાર્થના સમાજ

" પ્રદ્યોતનવિજયજી મ. સ્ટેશન રોડ વિનોદભુવન મડાલા

"જયંતવિજયજી મ. અંધેરી ગામમાં

મુ. શ્રી ભાનુવિજયજી વિલે–પારલે.

" પદ્મવિજયજી ૬, એસ લેન જ્ઞાનમંદિર દાદર ૨૮

"ગુણાનંદવિજયજી મ. જૈન મંદિર બોરીવલી

મુ. શ્રી યશોભદ્રવિજયજી કરમચંદ પૌષધશાળા ઇરિલાબ્રિજ અંધેરી

" ધર્મરત્નવિજયજી મોતિશા જૈન પાર્ક ભાયખાલા

પૂ. આ. શ્રી વિજયરામચંદ્રસૂરિજી મહારાજ જૈન પેઢી **રાજગૃહી** [પટના]

પંન્યાસજી કનકવિજયજી જૈન શાળા **રાધનપુર**

" સુંદરમુનિ **રૂણીજા** [મંદસોર]

પૂ. આ.શ્રી પ્રીતિચંદ્રસૂરિજીમહારાજ **રાંદેર** [ગુ]

ઉપાધ્યાયજી કૈલાસસાગરજી મ. **રાણી** (રાજ.)

મુનિ શ્રી ચંપકસાગરજી **રીદરોલ** (ઊ. ગુ)

" નિરંજનવિજયજી **રામસેન** (રાજ.)

" કુમુદવિજયજી **રાજપુર** (ગુ)

" ભુવનવિજયજી **રોહીડા** (રાજ.)

" વિબુધવિજયજી **રામપુરા** (ગુ.)

મુનિ શ્રી ભદ્રંકરવિજયજી દહેરાશેરી **રાજકોટ**

" રાજેન્દ્રવિજયજી **રાસંગપર** (સૌ.)

પં. શ્રી રમણિકવિજયજી **લાંઘણજ** [ગુ.]

" હીરમુનિ મહારાજ **લીંબડી** [સૌ]

મુનિ શ્રી રૈવતસાગરજી **લુણાવાડા** [ગુ.]

" ઇન્દ્રસાગરજી **લુણાવા** [રાજ.]

" ચંદનસાગરજી **લાયજા** [કચ્છ]

" કંચનસાગરજી **લોદ્રા** [ગુ.]

પૂ. આ. શ્રી ઉમંગસૂરિજી મહારાજ **વલાદ** [અમદાવાદ]

પંન્યાસજી રામવિજયજી મ. **વલસાડ**

મુનિ શ્રી ગૌતમસાગરજી **વડાલી** [ઈડર]

" વિશાળવિજયજી **વળા** [સૌ.]

" મલયવિજયજી **વણી** [નાશીક]

" વલ્લભવિજયજી રાવપુરા **વડોદરા**

" રૂચકવિજયજી **વરતેજ** [સૌ.]

" કંચનવિજયજી **વાવ** [ડીસા]

પંન્યાસજી પ્રવીણવિજયજી મ. **વાપી** (ગુ.)

મુ. શ્રી ચિદાનંદસાગરજી માયલાકોટ વેરાવળ [સૌ.]

" બુદ્ધિમુનિ મહારાજ **વીરપુર** [ગોંડલ]

" વિશારદવિજયજી **વાંકાનેર** [સૌ.]

" ભવ્યાનંદવિજયજી **વઢવાણ શહેર** (સૌ.)

પં. શ્રી રૂપવિજયજી **વિરમગામ** ગુ.

ઉપાધ્યાયજી ધર્મવિજયજી મ. **વિશનગર**

પં. શ્રી માણેકવિજયજી મ. **વિજાપુર** [ગુ.]

મુ. શ્રી દેવવિજયજી " " "

" સુમતિમુનિ **વાગોલ** [રાજ.]

પં. શ્રી પ્રીયંકરવિજયજી **શહાપુર** [થાણા]

" સુર્યસાગરજી **શંખેશ્વર** (હારીજ)

" મહિમાવિજયજી " "

" તિલકવિજયજી **શીનોર** (ગુ.)

મુ. શ્રી સુજ્ઞાનવિજયજી **શીયાણાગઢ** (રાજ.)

" માણેકવિજયજી **શીવગંજ** (રાજ.)

" રામવિજયજી **શીહોર** (સૌ.)

" ધર્મસાગરજીગણિ **શીરોહી** (રાજ.)

પં. શ્રી મહોદયસાગરજી **સમો** (ગુ.)

મુ. શ્રી લક્ષ્મીવિજયજી **સણદર** (બાડમેર)

" ચંદ્રપ્રભવિજયજી **સરીયદ** (ગુ.)

આ. શ્રી ઋદ્ધિસાગરસૂરિજી મ. **સાણંદ**

મુ. શ્રી ભાનુવિજયજી **સમી** (હારીજ)

" ચિદાનંદવિજયજી **સાયલા** (સૌ.)

" પુર્ણાનંદવિજયજી **સાલમગઢ** (ડુંગરપુર)

" શ્રીકાંતવિજયજી **સાદડી** (રાજ.)

" સુમિત્રવિજયજી **સાણંદ** (ગુ)

ઉપાધ્યાયજીધર્મ વિજયજી મ. **સાવરકુંડલા** (સૌ)

પં. શ્રી કાંતિવિજયજી મ. **સુરેન્દ્રનગર** (સૌ.)

મુ. શ્રી શાંતિવિજયજી **સીંદરૂ** (રાજ.)

### સુરત

પૂ. આ. શ્રી માણિક્યસાગરસૂરિજી મહારાજ હરિપુરા

" હેમસાગરસૂરિજી મહારાજ નવાપુરા

" વિજયપ્રતાપસૂરિજી મરારાજ વડાચૌટા

" વિજયધર્મસૂરિજી મહારાજ ગોપીપુરા

મુ. શ્રી લલીતાંગવિજયજી છાપરીઆશેરી

# સભ્યોની શુભ નામાવલિ

## આ બધા બે વર્ષના સભ્યો છે.

રૂા ૧૧, શ્રી નાથાલાલ મોતીચંદ નાવરા
રૂા ૧૧, શ્રી ત્ર્યંબકલાલ નાગરદાસ સરવાળ
રૂા ૧૧, શ્રી જસરાજ ધનજી વોરા નવસારી
રૂા ૧૧, શ્રી રાયચંદ ખીમજી કાયાણી ઘાટકોપર
રૂા ૧૧, શ્રીમણીલાલ એન્ડ કું. નાગપુર
રૂા ૧૧, ઝવેરચંદ દલસુખભાઈ પાલેજ
રૂા ૧૧, શ્રી ગોવીંદજી દામજી શેગાંવ
રૂા ૧૧, શ્રી કુમારપાળ સોમચંદ નાશીક
રૂા ૧૧, શ્રી કાંતિલાલ કેશવલાલ ઝવેરી ખંભાત
રૂા ૧૧, શ્રી કાંતિલાલ મોહનલાલ ડીસા. રાજપુર
રૂા ૧૧, શ્રી જૈન જ્ઞાનોદય પુસ્તકાલય ઊંઝા
રૂા ૧૧, શ્રી મફતલાલ તલકચંદ ઊંઝા
રૂા ૧૧, શ્રી વિસનજી રતનશી શીવ
રૂા ૧૧, શ્રી ધીરજલાલ નરસીંદાસ મુંબઈ-૩
રૂા ૧૧, શ્રી મુળજીભાઈ ખીમજી ઘાટકોપર
રૂા ૧૧, શ્રી અંબાલાલ મણીલાલ શાહ કલ્યાણ શ્રી મહેંદ્રભાઈ એન. શાહની શુભ પ્રેરણાથી
રૂા ૧૧, શ્રી જેચંદભાઈ ભૂરાભાઈ ઝીઝર શ્રી બહેરદાસ દેવચંદભાઈ ખરડવાળાની શુભ પ્રેરણાથી.
રૂા ૧૧, શ્રી અંબાલાલ મોહનલાલ ટાકરવાડા
રૂા ૧૧, શ્રી મહેતા સ્ટોર્સ રોબર્ટસનપેંઠ શ્રી નાનાલાલ પોપટલાલ શીવની શુભપ્રેરણાથી
રૂા ૧૧, શ્રી શામજી લગધીર શીવ

# શ્રી વર્ધમાનતપનો મહિમા

'કલ્યાણ'નો વર્ધમાન તપ વિશેષાંક સીલીકમાં રહ્યા નથી એથી શ્રી વર્ધમાન તપ અંગેના સાહિત્યને પુસ્તક રૂપે છપાવવાનું નક્કી થયું છે, ૪૦૦ પેજ, અગાઉથી ગ્રાહક થનાર માટે રૂા બે પોષ્ટેજ અલગ-ચાલુ વર્ષના અંકોની જેઓને જરૂર ન હોય તેઓ અમને મોકલી આપે. દરેક અંકના ચાર આના અને વર્ધમાન તપના અંકની બાર આનાની કિંમત વળતર તરીકે અપાશે. તેનાં પુસ્તકો જે જોઈએ તે મંગાવી લેશો.

સોમચંદ ડી. શાહ પાલીતાણા
(સૌરાષ્ટ્ર)

## શેઠ શ્રી દલીચંદ વીરચંદ શ્રોફ-સુરત

શેઠ શ્રી સુરતની પાંજરાપોળ, અશક્તાશ્રમ આદિ સાતેક સંસ્થાઓના ટ્રષ્ટી છે અને દરેક સંસ્થાને પગભર બનાવવા માટે પોતે તન, મન અને ધનથી ભોગ આપ્યો. છે એથી દરેક સંસ્થાઓ સારી એવી પ્રગતિ કરી રહી છે. પોતાની જ્ઞાતિના કેળવણી ફંડમાં પચીસહજાર અને સુરત નવાપરાનો જૈન ઉપાશ્રય બંધાવવા માટે રૂા પચાસ હજારની મોટી રકમની સખાવત કરી છે. તેઓશ્રીએ બે લાખ એકસો એક રૂ. નું ટ્રસ્ટ વીલ કર્યું છે.

તેઓશ્રીનાં ધર્મપત્ની પણ ધર્મભાવનામાં વિશેષ રૂચી ધરાવે છે.






## ❋ ક્ષમાપના પત્રો ❋

| | | |
|---|---|---|
| પોષ્ટ કાર્ડ બે કલરનાં ૧૦૦ ના | | ૨-૦-૦ |
| કવર માટેના બે કલરની | ,, | ૨-૦-૦ |
| પોષ્ટ કાર્ડ ટીકીટ સહિત | ,, | ૬-૪-૦ |
| કવરની-હિંદીમાં | ,, | ૧-૪-૦ |
| પોષ્ટ કાર્ડ [ મહારાજશ્રીને લખવાનાં ] | ,, | ૧-૮-૦ |
| કવરની ,, | ,, | ૧-૪-૦ |

લખો
સોમચંદ ડી. શાહ - પાલીતાણા

તા.ક. એક રૂ. સુધીની કંકોત્રીઓ મંગાવવી હોય તેઓએ ટીકીટો મોકલી આપવી.

REGD. NO. B. 4925

KALYAN

: બાળકોને ઉપયોગી સુંદર પ્રકાશનો :

| | |
|---|---|
| આત્મસમર્પણ | ૦-૩ |
| નંદનવનનાં પુષ્પો | ૦-૨ |
| બત્રીશ લક્ષણો બાળ | ૦-૨ |
| મંત્રીશ્વર કલ્પક | ૦-૪ |
| બાલ ગોપાલ | ૦-૪ |
| દેવપાલ | ૦-૨ |
| હરિબલ મચ્છીની કથા | ૦-૮ |
| જય વિજયની કથા | ૦-૮ |
| ગુણસાર કથા | ૦-૮ |
| રાજા શ્રીપાળ | ૦-૮ |
| સવા સોમા કથા | ૦-૪ |
| અક્ષયતૃતીયા કથા | ૦-૩ |
| સતી સીતા | ૦-૪ |
| સતી ચંદનબાળા | ૦-૪ |
| સતી દ્રૌપદી | ૦-૪ |
| સતી દમયંતી | ૦-૪ |
| અનાથી મુનિ | ૦-૪ |
| સુદર્શન શેઠ | ૦-૪ |
| ભગવાન મહાવીર | ૦-૪ |
| ,, મલ્લીનાથ | ૦-૪ |
| ,, આદિનાથ | ૦-૪ |
| ,, નેમનાથ | ૦-૪ |
| ,, પાર્શ્વનાથ | ૦-૪ |
| સનત્ કુમાર | ૦-૪ |
| મહર્ષિ કપીલ | ૦-૪ |
| મંત્રનો મહિમા | ૦-૪ |
| મગધરાજ શ્રેણિક | ૦-૪ |
| મુનિ હરિકેશ | ૦-૪ |
| નમિરાજ | ૦-૪ |
| દશ ઉપાસકો | ૦-૪ |
| વીતરાગની વાણી | ૦-૪ |
| ભરતેશ્વર | ૦-૪ |

- બાળકોને સંસ્કારી બનાવવા માટે આ પુસ્તકો જરૂર મંગાવો !
- આખો સેટ મંગાવનારને સાડા બાર ટકા કમીશન મળશે.
- બાળકો આ પ્રકાશનો હોંશે હોંશે વાંચશે એટલાં રસપ્રદ છે.
- અમુક નકલો જૂજ છે. વહેલો તે પહેલો. બાકી સીલીકમાં રહેશે તે મોકલાવાશે.

—:: લખો ::—

સોમચંદ ડી. શાહ.

પાલીતાણા [ સૌરાષ્ટ્ર ]